રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

હૈયે હરખ ન માય, પાણી ડેમમાં ન સમાય...



લોકભારતી પરિસરની જીવાદોરી સીંદરી નદી વર્ષો પછી વહેતી થઈ...

વર્ષ: ૭૫ અંક : ૦૩ ૧૫ ઓક્ટોબર, ૨૦૨૧

ગ્રામદક્ષિણામૂર્તિ : મણાર : સાધ્યની સ્પષ્ટતા કરાવતી અભિમુખતા શિબિર







પંડિત સુખલાલજી લોકવિદ્યાલય, માઈધાર : સાધ્યની સ્પષ્ટતા કરાવતી અભિમુખતા શિબિર









# કોડિયું

વર્ષ : ૭૫ | ઓક્ટોબર : ૨૦૨૧ | અંક : ૦૩


## અનુક્રમણિકા


૦૧ **ફેસબુકનો "ચહેરો"** ...૯૫
વિશાલ ભાદાણી

૦૧ **ભારતીય લોકશાહી પરના સાંસ્કૃતિક દબાવ : ૪** ...૯૭
ભીખુ પારેખ, અનુ.: ડંકેશ ઓઝા

૦૨ **રાષ્ટ્રનું સામર્થ્ય ઘડવાનો, સ્વાયત્ત વ્યૂહરચના ઘડવાનો સમય** ...૯૮
શિવશંકર મેનન, અનુ.: મુનિ દવે

૦૩ **ફિનલૅન્ડ અને તેની અનોખી શિક્ષણપદ્ધતિ** ...૧૦૩
પ્રકાશ નાકરાણી

૦૪ **અજબ વનસ્પતિની કૈફિયત ગજબ!** ...૧૦૮
હીરજી ભીંગરાડિયા

૦૫ **અજ્ઞાતની યાત્રા** ...૧૧૧
મોરારિબાપુ, સંકલનઃ જયદેવ માંકડ

૦૫ **'સૌ સૌના કર્ણ': દર્શક વ્યાખ્યાનમાળા-મણકો ૧૮** ...૧૧૨
મધુસુદન કાપડિયા

૦૫ **પરિવાર અને તેનાં મૂલ્યોની સમજ** ...૧૧૭
ડૉ. યોગેશભાઈ એસ. ત્રિવેદી

૦૬ **મહાત્મા ગાંધી, રેંટિયો અને ઈન્ટરનેટ** ...૧૨૦
સોનલ પરીખ

૦૭ વેઈટર તરીકે બહેનો કાર્યરત હોય એવી, ભાવનગરની વિશિષ્ટ રેસ્ટોરન્ટઃ ઈસ્કોન ...૧૨૨
નીરવ મહેતા

૦૮ **સત્ત્વશીલ કર્મયોગી જગદીશ રથવી** ...૧૨૩
પ્રવીણચંદ્ર ઠક્કર

૦૯ **જરા હસીએ** ...૧૨૬
સંકલિત

૧૦ **સંસ્થા સમાચાર** ...૧૨૭
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)

**સંપાદક-મંડળ:**
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

◆ **સૂચના** ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-

## તંત્રી સ્થાનેથી...

**શિક્ષક કભી સાધારણ નહીં હોતા...**

ભારતમાં ૫મી સપ્ટેમ્બરે 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે જ્યારે UNESCO દ્વારા વૈશ્વિક સ્તરે આ દિવસ ૫મી ઑક્ટોબરના રોજ ઉજવવામાં આવે છે. વળી, દર વર્ષે આ ઉજવણી માટે એક થીમ નક્કી કરવામાં આવે છે અને આખી દુનિયાના શિક્ષકો એ થીમ પર કામ કરે છે. કોરોનાને લીધે દુનિયામાં તમામ ક્ષેત્રે જે પારાવાર નુકસાન થયું છે તેને ધ્યાને લઈને અને નવી પેઢીને આ ભયમાંથી મુક્ત કરીને સ્વસ્થ અને સક્ષમ કરવા આ વર્ષની થીમ "Teachers at the Heart of Education Recovery" નક્કી થયો છે. આમ તો આ થીમ શાશ્વત છે. સમાજ હોય કે શિક્ષણ, શિક્ષક જ કેન્દ્રમાં છે અને રહેશે. જીવનલક્ષી કેળવણી જ જગતને તમામ દૈત્યોથી બચાવી શકે તેટલી સક્ષમ છે.

UNESCOએ આ જાહેરાત કરી ત્યારે એક સરસ વાત કહી "આ દિવસે આપણે માત્ર શિક્ષકત્વની ઉજવણી કરતાં નથી પણ, દુનિયાના તમામ દેશોને આહવાન આપીએ છીએ કે તેઓ શિક્ષકોને અગ્રીમતા આપે અને એમાં વધુને વધુ રોકાણ કરે જેથી પ્રત્યેક વિદ્યાર્થીને ગુણવત્તાયુક્ત કેળવણી મળે. ચાલો આપણે દરેક શિક્ષક સાથે ખભે-ખભો મિલાવીને ઊભા રહીએ."

UNESCO જેવી વૈશ્વિક સંસ્થા કોઈ વાત પર બિલોરી કાચ મૂકે ત્યારે એમાં ઘણું ચિંતન અને ચર્ચા હોય છે. દુનિયાના તમામ દેશોને શિક્ષકોને પ્રાધાન્ય આપવાનું કહ્યું છે ત્યારે બે બાબતો સ્પષ્ટ થાય છેઃ ૧) અત્યારે આપણી અગ્રિમતા શિક્ષકો નથી અને ૨) શિક્ષકોને પ્રથમ હરોળમાં મૂકવાથી સમાજના મોટામાં મોટા પ્રશ્નો હલ થઇ શકે એવી ગૃહિત શ્રદ્ધા છે. આ ઉપરાંત આ દિવસની ઉજવણી કેવી રીતે કરવી તેની પણ UNESCO એ સ્પષ્ટ રૂપરેખા આપી છે. એણે કહ્યું છે કે પાંચ દિવસ સુધી કાર્યક્રમો કરવા, જેમાં શિક્ષકોના સ્વાસ્થ્યને લગતી નીતિઓ બનાવવા અંગે વિશેષ ચિંતન થાય. ઉપરાંત આખી દુનિયામાં શિક્ષકો જે અછતને તેને પહોંચી વળવા માટે નક્કર પગલાં લેવામાં આવે અને શિક્ષકોને શૈક્ષણિક ટેકનોલોજી અને અન્ય સાધનો-સવલતો પૂરા પાડવામાં આવે.

ઉપરોક્ત વિગતો આપણને રાજી કરે તેવી છે કારણકે જો બ્રહ્માંડનું ચાલકબળ 'ઊર્જા' છે તો સમાજનું ચાલકબળ 'શિક્ષક' છે. લોકભારતીમાં છેલ્લા એક મહિનાથી GCERT દ્વારા રાજયની તમામ DIET કોલેજના શિક્ષક-તાલીમાર્થીઓની નઈ-તાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આધારિત ત્રિદિવસીય સજ્જતા કાર્યક્રમોની એક ગુણવત્તાસભર શૃંખલા ચાલી રહી છે. ગુજરાતભરમાંથી આવતા આ તાલીમાર્થીઓ આ વિચારને જ્યારે પોતપોતાની શાળામાં અમલીકૃત કરશે ત્યારે આપણા ઋષિવર્ય દાદાઓના પવિત્ર આત્માઓ કેવા તૃપ્ત થશે એ વિચારીને જ રોમાંચિત થઇ જવાય છે.

હેન્રી એડમ્સની ઉક્તિ, "શિક્ષકની અસર અંનત છે; એનો પ્રભાવ કેટલો દૂર જાય છે એના વિષે એને પણ ખબર હોતી નથી" આજે લોકભારતી દ્વારા ચરિતાર્થ થતી દેખાય છે.

— [signature]

## આદ્યતંત્રીઓની કલમે...

### સ્વાતંત્ર્યનું શિક્ષણ

સ્વાતંત્ર્ય એ આ યુગનો અત્યંત પ્રિય વિષય છે. આજે, સ્વાતંત્ર્ય એ રાજકીય, આર્થિક, સામાજિક પરશાસનની એવી શોષણખોરીમાંથી મુક્તિ એ અર્થમાં વધુ વપરાય છે. આ મુક્તિ માટે ભગીરથ પુરુષાર્થ કરવો પડે છે. છેલ્લી બે સદીના ઇતિહાસને આપણે સ્વાતંત્ર્યની ઝંખનાનો ઇતિહાસ કહી શકીએ.

સ્વાતંત્ર્યની એક બીજી બાજુ પણ છે. બાહ્ય પરિસ્થિતિમાં પારતંત્ર્યનો અભાવ હોવો તે બધી વાર સ્વાતંત્ર્યનો પૂરો લાભ આપનારી બાબત બની જ શકે તેવું નથી. આથી જ પરદેશી શાસનથી મુક્ત થયેલાં રાષ્ટ્રો, પાછલે બારણેથી બીજાં રાષ્ટ્રો પર પકડ જમાવતાં જોવા મળે છે અને એથી આગળ વધીને તો સ્વતંત્રતા અને સ્વચ્છંદતા એકબીજાના પર્યાય બની જાય છે.

આવો ગોટાળો ઊભો થવાનું મુખ્ય કારણ એ છે કે સ્વાતંત્ર્યનું કોઈ સમગ્ર ચિત્ર આપણે ઊભું કરી શક્યા નથી. સ્વાતંત્ર્ય કેવળ પરિસ્થિતિ જ નથી, પણ એક ચિત્તગત વ્યાપાર પણ છે. ચિત્તના એક ઉદાત્ત વ્યાપાર તરીકે સ્વાતંત્ર્ય કેવી રીતે પોષાય ને દૃઢમૂળ થાય?

એરિક ફ્રોમ કહે છે કે ‘મનુષ્યમાં સ્વાતંત્ર્યની ઝંખના છે તેમ તેનામાં સ્વાતંત્ર્યનો એક પ્રકારનો ભય હોય છે.’ આનું કારણ એ છે કે અનેક પ્રકારનાં આંતરબાહ્ય બંધનોમાં રહેવા અને એમાં પોતાને સલામત માનવા ટેવાયેલો હોય છે. મુક્તિ એ એક સમગ્ર રીતે વિચારવાની વસ્તુ છે. બાહ્ય બંધનોમાંથી છૂટો મનુષ્ય જો અંદરથી વાસનાઓ, રૂઢિઓ વગેરેથી જકડાયેલો હશે તો તેની સાંકળો તૂટી નહીં ગણાય. તો પ્રશ્ન એ છે કે બાહ્ય સ્વાતંત્ર્યને આંતર સ્વાતંત્ર્ય મેળવવાના કામમાં આપણે પૂરેપૂરું કેવી રીતે પ્રયોજી શકીએ.

ગાંધીજીએ રાજકીય સ્વાતંત્ર્યની લડત અને રચનાત્મક પ્રવૃત્તિ એ બંનેને એકી સાથે ઉપાડ્યાં ને બન્નેને સરખું જ મહત્ત્વ આપ્યું તેનો મર્મ આપણે ન સમજી શક્યા પરિણામે રાજકીય સ્વતંત્રતા મળ્યા પછી પણ આપણે આપણા દોષોથી ખૂબ સહન કરવું પડે છે. આ માટે સૌથી વધુ ફળદાયી ને પ્રમાણમાં સહેલો ઉપાય તે શિક્ષણતંત્રમાં આના બીજ વાવવાં તે છે.

બાળકનું એક વ્યક્તિત્વ છે. એ કોઈ ફરમો નથી કે ઇચ્છિત મસાલો તેમાં દાબીને ભરી દેવાય. એનો અર્થ બાળકને એના પોતા પર છોડી દેવું એવો નથી. વ્યવસ્થા એ સ્વાતંત્ર્ય મેળવવા માટે ને સ્વાતંત્ર્યનો આનંદ માણવા માટેની એક જરૂરી શરત છે. શિક્ષકે આ બાબતમાં ઘણી જવાબદારી અને વિવેકબુદ્ધિથી વર્તવું પડે છે. પૂર્વ-બુનિયાદીથી માંડીને ઉત્તર-બુનિયાદી સુધીના નઈ તાલીમના ચિત્રમાં બાળકોની શક્તિને વ્યવસ્થિત રીતે પ્રગટ થવાનો પૂરો અવકાશ એ રીતે મૂકવામાં આવેલો છે કે બાળકની બુદ્ધિ તેના ગમા-અણગમાના બંધનમાંથી મુક્ત થાય છે ને તે સ્વયંકેન્દ્રી મટવા છતાં પોતાનું વ્યક્તિત્વ ગુમાવતું નથી.

વિદ્યાર્થીઓને બને તેટલી રચનાત્મક પ્રવૃત્તિઓ આપવી-એવી પ્રવૃત્તિ જેમાં વિદ્યાર્થી કંઈક ને કંઈક નવું મેળવે, નવા સંબંધો કેળવે, નવી અભિવ્યક્તિ કરે ને તે બધાને પરિણામે પ્રસન્નતાનો, ઉત્સાહનો, આત્મશ્રદ્ધાનો અનુભવ કરે. આ માટે શાળાઓમાં મુક્ત વાતાવરણ જોઈશે. જે વાતાવરણમાં બાળક નિર્ભયતા અને વિશ્વાસનો અનુભવ કરે તે મુક્ત વાતાવરણ કહેવાય. તેને કોઈ અણધારી રીતે, તેની બુદ્ધિમાં ન આવે તેવી રીતે, શિક્ષકોનાં આક્રમણો ક્યારે કઈ રીતે થશે તે વિશે સતત ચિંતાનો અનુભવ થયા કરતો હોય તો ત્યાં તે સ્વપ્રકટીકરણની શક્તિ કેળવી શકશે નહીં.

આમ, સ્વાતંત્ર્યને જો મનુષ્યના સમગ્ર વ્યક્તિત્વના વિકાસનું એક અનિવાર્ય પ્રગટીકરણ બનાવવું હોય તો તે કામ શિક્ષણ દ્વારા સારી રીતે થઈ શકે એ વાત આપણે બરાબર સમજવી જોઈએ.

- મૂ. મો. ભટ્ટ

## ફેસબુકનો "ચહેરો"

વિશાલ ભાદાણી

---

(૧)

તા. ૪/૧૦/૨૧ના રોજ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સઅપ સેવાઓ દુનિયાભરમાં લગભગ છ કલાક માટે ઠપ થઈ ગઈ! એનાં ટેકનિકલ કારણો હતાં પણ આપણે એનાં પરિણામો અને પરિબળો વિષે થોડું સમજવાનો પ્રયાસ કરીએ. આપણે સૌ આ "સેવાઓ" પર કેટલા અવલંબિત છીએ એનો અહેસાસ આપણને પહેલી વખત થયો. ફેસબુકનાં પૂર્વ કર્મચારી, નામે Ms.Haugen (હોવગન)એ એક જબરી હિમંતનું કામ કર્યું છે. એણે ફેસબુકની કેટલીક એવી ફાઈલો 'ધ વોલ સ્ટ્રીટ જર્નલ'ને આપી છે જેમાં ફેસબુકની કેટલીક એવી ક્ષતિઓ અને નબળી નીતિઓની વાત કરવામાં આવી છે જેની બહુ વ્યાપક અને લાંબાગાળાની અસર આપણા સૌના જીવન પર પડે છે.

હાર્વર્ડમાં ભણેલાં હોવગન ફેસબુક પહેલા ગુગલ અને પિન્ટરેસ્ટ જેવી કંપનીઓ સાથે કામ કરી ચૂક્યાં છે. આ મહિલાએ ચૂંટણીઓ દરમિયાન ફેસબુકનો દુરુપયોગ થાય છે એને સમજવાનું અને ટૅકનોલૉજીની મદદથી એને રોકવાનું કામ કર્યું છે. આ દરમિયાન એમને લાગ્યું કે ફેસબુક જો લોકોની સુરક્ષાને લગતીનીતિઓ અમલમાં મૂકે છે તો એનો નફો ઘટી જાય છે. પણ એમનું આ કામ શરુ રહ્યું એટલે ફેસબુકે એમની ટીમને છૂટી પાડીને એ બધાને અલગ-અલગ વિભાગમાં મૂકી દીધા. આ સિવાય ફેસબુકે ધીમે ધીમે લોકોની સુરક્ષા માટે, ફેક ન્યુઝ વહેતા અટકાવવા માટે જે સ્ટાફ રાખ્યો હતો એ ઘટાડી દીધો છે!

હવે આપણે હોવગને આપેલા ઈન્ટરવ્યૂમાં જે બાબતો કહી તેનો સાર સમજીએ. એમણે અમેરિકાના સેનેટ સામે કેટલીક વાતો મૂકી છે જેવી કેઃ

૧. સોશ્યલ મીડિયાની જાહેરાતો બાળકોને હાનિ પહોંચાડે છે, સમાજમાં ભેદ ઊભા કરે છે અને લોકશાહીને નબળી પાડે છે.

૨. ફેસબુક "કોઈપણ" ભોગે આસમાની નફો કરવા માગે છે.

૩. ફેસબુકનો સૌથી વધુ ફાયદો ટીન એજર્સ પાસેથી થાય છે કેમકે એમાં આવતી જાહેરાતો આ ઉંમરના યુઝર્સને લાગતી હોય છે. કિશોરીઓ અને યુવતીઓને પોતાના શરીર પ્રત્યે લઘુતાગ્રંથિ પેદા થાય અને એ લોકો વધુ સૌંદર્ય-પ્રસાધનો ખરીદે એવું ઘણું ચાલે છે.

૪. ફેસબુક દ્વારા માત્ર અંગ્રેજી ભાષાનું જ નકારાત્મક વિષયવસ્તુ ચેક કરવામાં આવે છે જે કુલ વિષયવસ્તુંનું ૯% છે. પ્રાદેશિક ભાષાઓમાં જે આપત્તિજનક અથવા નકારાત્મક બાબતો (જેમ કે ફેક ન્યુઝ કે યુવાનોને ગલગલિયાંયા થાય એવું) છે તેને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઓળખી શકતું નથી. ફેસબુક engagement-based ranking સિસ્ટમનો ઉપયોગ કરે છે જેમાં તમે ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર જે બાબતો પર જેટલું બધું ધ્યાન આપો/ત્યાં રોકાવ એને ભળતી એટલી વધુ બાબતો તમને પીરસવામાં આવે. આમ તમે આવા માધ્યમના વ્યસની બનો અને એટલે માનસિક રીતે બીમાર બનો!!

૫. જ્યારે તમાકુ કંપનીઓ લોકોથી અમુક બાબતો છુપાવે છે એવી ખબર પડી ત્યારે સરકારે એના પર પગલાં લીધેલાં, અત્યારે ફેસબુક પણ આવું જ કરે છે એટલે સરકારે એનાં પર નિયમન લગાવવું જોઈએ.

આપણે આ અગાઉ "સોશ્યલ ડીલેમા" નામની જગ-વિખ્યાત ડોક્યુમેન્ટરીમાં આનાથી પણ ખતરનાક બાબતોથી

રૂબરૂ થયા છીએ. પણ, અહિયાં આ ઘટનામાં અમેરિકાના બંને પક્ષોએ (Republicans અને Democrats) ઝગડવાને બદલે, જનહિતમાં સાથે મળીને એક સરખો રસ લીધો છે. આ મહિલાએ ફેસબુકના કેટલાક ખાનગી દસ્તાવેજો Wall Street Journalને આપ્યા છે. કારણ કે આ મહિલાએ અમેરિકા અને દુનિયા માટે આ વાત દ્વારા ખતરાની ઘંટડી વગાડી એટલે Markey નામના એક સેનેટરે Ms.Hangenની પ્રશંસા કરતા કહ્યું: "તમે ૨૧મી સદીના અમેરિકન હીરો છો. દેશ તમારો ઋણી છે અને આભાર માને છે."

(૨)

ઉપરોક્ત બાબતો આપણને ઘણી બધી બાબતો પર વિચારવા પ્રેરે છે જેમ કેઃ

૧. કોઈપણ સેવા કે પ્રવૃત્તિ એટલી મોટી થઇ જાય કે દુનિયા આખી એના પર નિર્ભર રહે તો એમાં સત્તાનું કેન્દ્રીકરણ થાય છે. કેન્દ્રીકૃત સત્તામાં ભ્રષ્ટાચાર અને શોષણ પાયામાં રહે છે. શું વિકેન્દ્રિત સોશ્યલ મીડિયા હોઈ શકે જેમાં દરેક દેશ અમુક નિયમનો સાથે નાગરિકોની સુરક્ષાને પ્રાધાન્ય આપે?

૨. મૂડીવાદી અર્થવ્યવસ્થાએ સુખ અને સ્વાતંત્ર્યનું જે શમણું દેખાડ્યું છે એમાં ટૅકનોલૉજી અને એલ્ગોરિધમ દ્વારા જે હિંસા, અરાજકતા અને અજંપો સર્જાય તો એ શમણું સાચું કરવા માટે આંખો અને મન સાજાં જ નહીં રહે તો?

૩. ઈન્ટરનેટ/સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરનાર પ્રત્યેક વ્યક્તિ એક એવા ઘાટ્ટા નશામાં છે કે એની સાથે શું થઇ રહ્યું છે એનાથી એ બિલકુલ બેખબર છે અને એલ્ગોરિધમ સતત એની એ ''ઊંઘ''ને પોષે છે. એટલે અહિયાં હિંસાનું સૂક્ષ્મતમ સ્વરૂપ દેખાય છે જેમાં જેના પર આ માનસિક હિંસા આચરવામાં આવે છે એની એને જાણ સુદ્ધા નથી; એથી ઊલટું એને એનો આનંદ આવે છે! આપણે યુદ્ધો દરમિયાન વિજ્ઞાન અને ટૅકનોલૉજીનો ઘાતક ઉપયોગ થતો જોઈએ છીએ પણ સોશ્યલ મીડિયા દ્વારા કદાચ એનાથી વધુ ઘાતક ઉપયોગ નથી થતોને એ આપણે જોઈએ છીએ?

૪. આજના કિશોર-કિશોરીઓ જે આપણી દુનિયાનું ભાવિ છે એમની વિચારશક્તિ, વિવેકબુદ્ધિ અને ભાવાત્મક સંતુલન કરવાની ક્ષમતા પર સૌથી મોટો ખતરો છે. આવનારા સમયમાં આપણે આ ઉમરના લોકોના માનસિક સ્વાસ્થ્ય માટે કદાચ સૌથી મોટી, જટિલ અને ખર્ચાળ વ્યવસ્થા ઊભી કરવી પડશે. આ કામમાં વાલીઓ, શૈક્ષણિક સંસ્થાઓ (જો હશે તો!) અને લોકશાહીનું જતન કરતી સરકારો પર બહુ મોટી જવાબદારી આવવા જઈ રહી છે! શું આપણે આના માટે સાથે છીએ?

૫. આપણે મુક્ત અભિવ્યક્તિને નામે સોશ્યલ મીડિયાને ''નબળા-વિચારોની-થૂંકદાની'' બનાવી બેઠાં છીએ. લોકોએ જ્ઞાતિ, પ્રદેશ, સંપ્રદાય, ધર્મ અને રાષ્ટ્ર નામના નાના-મોટા વાડા બનાવીને સોશ્યલ મીડિયા પર એક નવી અને વધુ સંકુચિત દુનિયાનું નિર્માણ કર્યું છે. અને અન્ય વાડા માટે ઝેર ઓકે છે. વળી, જે માધ્યમ પર આ બધું થઈ રહ્યું છે એ પોતાના નફા માટે આવા કૃત્યો તરફ બેજવાબદાર રહે તો કોઈકે તો એની કિમત ચૂકવવી પડશે! શું આ કિંમત પૈસા જ હશે?

૬. રાજકીય પક્ષો સોશ્યલ મીડિયાની ઈજારાશાહી સામે એકસાથે અવાજ ઉઠાવશે કે પછી લોકોની સુરક્ષા બાબતે એ પણ સોશ્યલ મીડિયાની જેમ ઉદાસીનતા સેવશે?

૭. આપણે વર્ષોથી દુનિયામાં આ વાર્તા વારંવાર પુનરાવર્તિત થતાં જોઈએ છીએ જેમાં કોઈ એક ઉદ્યોગ આખી દુનિયાને કઠપૂતળીની જેમ નચાવે; માત્ર નચાવનાર બદલે છે. ક્યારેક એ કોલસાની ખાણવાળા હોય, ક્યારેક તેલના કૂવાવાળા હોય છે, ક્યારેક જમીન-માફિયા હોય તો ક્યારેક સોશ્યલ મીડિયા.

સવાલ એ છે કે એક સમાજ તરીકે આપણે થોડું પણ આગળ વધ્યા કે પછી....

## ૦૧. ગ્લોબલ

### ભારતીય લોકશાહી પરના સાંસ્કૃતિક દબાવ : ૪

ભીખુ પારેખ, અનુ.: ડંકેશ ઓઝા

(ઑગસ્ટ ૨૦૨૧થી ચાલુ...)

ભારતીય સંસ્કૃતિ ઘણી બળવાન છે અને તે જ આપણને સમજાવે છે કે લોકશાહીએ અહીં કેમ મૂળિયાં લીધાં અને કેમ વિકસી. તેમાં જાહેર ચર્ચાની પરંપરા, વિવિધતા પ્રત્યે સન્માન અને વૈચારિક અંતિમવાદ પ્રત્યે ઉપેક્ષા અને સહનશીલતા પડેલાં છે. પરંતુ તે સાથે જ એની મર્યાદાઓ પણ બહુ મોટી છે. ઊંચ-નીચ શ્રેણીની ભાવના, જ્ઞાતિપ્રથા, જે અસત્ય હોય તે પ્રત્યે સહિષ્ણુતા, ગરીબીની ઉપેક્ષા, સમાજના ઘણા વર્ગોને માનવીય ગૌરવનો ઇન્કાર, અને જાહેર બાબતો પ્રત્યે અત્યંત નબળો એવો આપણો ખ્યાલ. આપણી આખી પ્રથામાં આ મર્યાદાઓ એવી વણાઈ ગઈ છે જે લોકોને જકડી રાખે છે અને તેમને સામૂહિક વિકાસનાં કાર્યો હાથ ધરતાં અટકાવે છે. જો ભારતે ન્યાયી અને શાંતિપ્રિય સમાજ તરીકે વિકસવું હશે તો આપણી સંસ્કૃતિની જલદ તપાસ આદરવી અનિવાર્ય છે. સમાજવિદ્યા અંગેનું આ કેંદ્ર અને તેમાં બેઠેલા અને અહીં એકત્રિત થયેલાં લોકો તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

(સંપૂર્ણ)

ડૉ. વિક્રમ સારાભાઈ અણુશક્તિ પંચના અધ્યક્ષ બન્યા ત્યારે પહેલી પત્રકાર પરિષદમાં પહેલો સવાલ અણુ બૉમ્બ વિશે પૂછાયો.

એ વખતે ડૉ. ભાભાના ‘જો સરકાર નિર્ણય લે તો અઢાર મહિનામાં અણુબોમ્બ બની શકે.’ કથનને કારણે દેશમાં ભારે ચર્ચા ચાલેલી. જનસંઘ બહુ જોરશોરથી અણુબોમ્બ બનાવવાની તરફેણમાં લોકસભા ગજવી રહ્યો હતો. વિક્રમભાઈ માનતા હતા કે આ શસ્ત્રદોડ વિકાસશીલ દેશોમાં જીવનધોરણ સ્વીકારવાના વેગને ઘટાડશે અને તે સાથે વિકાસશીલ અને વિકસતા દેશોની સ્થિરતા અને સલામતિને ભયમાં મૂકી દેશે.

તો, વિક્રમભાઈએ પત્રકારોને જવાબ આપતાં કહેલું કે, ‘નમૂનાનો અણુબૉમ્બ એ માત્ર કાગળનો વાઘ છે. દેશની સુરક્ષામાં માત્ર બહારથી નહીં, અંદરથી પણ ભય છે. તમારે દેશનો આર્થિક વિકાસ દર જાળવી રાખવો પડશે. આપણે બાહ્ય તેમ જ આંતરિક જોખમો વિષે પણ વિચારવું પડશે. આ આખી બાબતમાં મુખ્ય કોયડો એ છે કે દેશનાં સંસાધનોનો ઉપયોગ ઉત્પાદકતા વધારવામાં અને સામાજિક ઉત્કર્ષ માટે કરવો કે સંરક્ષણ ખર્ચમાં, જેને દેશ અત્યારે સહન કરી શકે તેમ નથી. તે ‘હોવાનો’ કે ‘ઇચ્છવાનો’ સવાલ નથી. આપણી અર્થવ્યવસ્થાને મૂળમાંથી મજબૂત કરવા માટે આપણો મેટલર્જીકલ અને ઈલેક્ટ્રોનિક્સ આધાર મજબૂત બનવો જોઈએ. અને તે માટે કૃષિને મજબૂત બનાવ્યા વગર ન ચાલે. જો દેશ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ્સ વધારશે નહીં તો આ કેમ બનશે તે મને સમજાતું નથી.’

## ૦૨. સાંપ્રત

### રાષ્ટ્રનું સામર્થ્ય ઘડવાનો, સ્વાયત્ત વ્યૂહરચના ઘડવાનો સમય

શિવશંકર મેનન, અનુ.: મુનિ દવે

---

સ્વતંત્ર ભારતના નેતાઓ વિષે વિચારવા જરા સમય કાઢો. સપ્ટેમ્બર ૧૯૪૬ની અધવચ્ચે, જ્યારે નહેરુએ વચગાળાની સરકારનું નેતૃત્વ લીધું અને ૧૯૫૦, જ્યારે દેશ પ્રજાસતાક બન્યો, ત્યારે ઘણાં કાર્યો રાહ જોતાં હતાં: ૫૬૪ રજવાડાં સાથેનું તે વખતનું બ્રિટિશ ઇન્ડિયા, જેમાંના કેટલાંક સ્વતંત્ર અને કેટલાંક આશ્રિત રજવાડાં હતાં, તે બધાંને એકઠા કરીને રાષ્ટ્રનું ઘડતર કરવું, વિભાજનની ભયંકર અસરો, ત્યારથી માંડીને ૧૯૭૧માં બાંગલાદેશના ઉદ્‌ભવ વખતનું સદીનું સૌથી મોટું સામૂહિક સ્થળાંતર, કંગાળ હાલતમાં જીવતા ભારતના નાગરિકોની પરિસ્થિતિમાં પરિવર્તન લાવવું, પાકિસ્તાન સાથે યુદ્ધ, ઘર્ષણ, ભારતીય વિદેશ સેવા જેવી નવી સેવાઓની શરૂઆત કરવી, જૂની શિસ્ત બદલીને નવેસરથી ભારતીય લશ્કર તૈયાર કરવું, ઇન્ટેલિજન્સ બ્યૂરો અને પોલીસ ખાતાની રચના કરવી, ભારતનો સ્ટાન્ડર્ડ સમય નક્કી કરવો(તે વખતે વિવિધ પ્રદેશો અને રજવાડાંઓને તેમના પોતાના સમય હતા અને રેલ્વેનું સમયપત્રક વાંચવું તે એક વિશિષ્ટ આવડત માગી લે તેવું કામ હતું), સીમાઓ નક્કી કરવાની હતી અને નવા રાષ્ટ્રના ખૂણે ખૂણે પહોંચે તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવવાનું હતું. આ બધા સાથે નવા પ્રજાસત્તાક રાષ્ટ્ર માટેનું બંધારણ ઘડવાનું હતું, તેલંગણામાં સામ્યવાદીઓના સશસ્ત્ર બળવાને દબાવી દેવાનો હતો અને ચીનના તિબેટ પરના કબજા સાથે કામ પાર પાડવાનું હતું—ભારતના ઇતિહાસમાં પહેલીવાર ચીન ભારતનું પડોશી બન્યું હતું.

નહેરુએ એકસાથે આ બધી બાબતોનો સામનો કરવાનો હતો અને તે પણ એવે વખતે જ્યારે તેમને કોઈ મ્યુનિસિપાલિટીની વ્યવસ્થા સંભાળવાનો પણ અનુભવ નહોતો. આ બધું શરૂઆતનાં વર્ષોમાં જે થયું તે તે સમયના પરીક્ષણમાં ખરું ઊતર્યું અને તેમના પછીના નેતાઓએ આગળ ચલાવ્યું, ભલે બધા તો તેમના વિચારો કે પસંદગીઓ સાથે સહમત નહોતા. આ બધાં સ્ત્રી-પુરુષો વિષે, તેમના વિચારો અને તેમની ભારત વિષેની સમજણ વિષે આ બધી ઘટનાઓ અને કાર્યો ઘણી વાતો કહે છે. નહેરુની નેતાગીરી તેનું મહત્ત્વનું ઉદહરણ છે કે ઘણી બાબતોમાં તેઓમાં વિચારભેદ હોવા છતાં તેઓ ઘણાં કામો કરી શક્યાં.

એશિયામાં ભારતે ભજવવાના પાઠ વિષે અન્ય ભારતીયોએ આ મુદ્દાઓ પર વિચાર્યું હશે તે કરતાં નહેરુનો અભિગમ વધારે વિસ્તૃત અને અતિ મહત્ત્વાકાંક્ષી હતો. એશિયા અને વિશ્વના ભૌગોલિક પરિસ્થિતિ આધારિત રાજકારણને માટેના નહેરુના વિચારો મૂળભૂત રીતે પરિવર્તનકારી અને સમગ્રપણે નવેસરથી અથવા પુનઃરેખાંકિત કરવાથી લગીરેય ઓછા નહોતા. ત્રણ મહત્ત્વનાં કારણોએ તેમને આવું કરવા ઉત્તેજિત કરેલાં. પહેલું તો, ભારતનું રૂપાંતર કરવું. બીજું હતું, અણુશક્તિથી સર્વનાશનો ખતરો, જેણે અણુબોમ્બના ઉપયોગ બાદ કેટલાંક દેશોને માનવસભ્યતા ખતમ કરી નાખવાની શક્તિ આપેલી. અને ત્રીજું હતું, એશિયા અને આફ્રિકાને સંસ્થાનવાદની નાગચૂડમાંથી મુક્ત કરવાં. નહેરુ માનતા કે આ ત્રણે બાબતો એકમેક સાથે સંકળાયેલી છે. ૧૯૫૦ પછીની તેમની લગભગ બધી જ આંતરરાષ્ટ્રીય પહેલો આ ધ્યેયોને અનુલક્ષીને હતી.

**મહાન ઉદ્દેશોઃ**

શું નહેરુના આ મહાન ઉદ્દેશો વાજબી હતા? જો કે નહેરુ માટે આ પ્રશ્ન ગૌણ હતો. તેમણે જોયેલું કે સત્તા, લશ્કરી તાકાત અને આર્થિક સ્તર, એ તેની કાયદેસરતા વગર પૂરતા નથી. તેઓ પૂરા વાસ્તવવાદી હતા તેથી એ

વાત સમજી શકેલા કે જે પ્રાપ્ત કરવું છે તેમાં મુશ્કેલીઓ ઓછી નથી. એવા લોકો પણ હતા, જે માનતા હતા કે તેમણે વિશ્વ તરફ દૃષ્ટિ રાખવાને બદલે ભારતના આંતરિક વિકાસ તરફ ધ્યાન આપવાની જરૂર હતી. નહેરુએ જવાબ આપ્યો હોત કે ભારતના વિકાસ માટે વિશ્વશાંતિ મહત્ત્વની હતી. વધુમાં, તેમની મજબૂત માન્યતા હતી કે ભારત તેના સાંસ્કૃતિક વારસાને કારણે ભારત પોતાની મહાસત્તા ન હોવાની મર્યાદા સાથે પણ પણ વૈશ્વિક પ્રક્રિયા માટે સ્વાભાવિક વૈચારિક નેતા બની શકે તેમ હતું. નહેરુના આ હિંમતપૂર્વકના અવલોકન માટે આપણે તેમની પ્રસંશા કરવી જોઈએ. પરંતુ, નહેરુના સત્તા સામે કાયદેસરતાની પ્રાથમિકતા વિષેના ખયાલો તેમને વાસ્તવિક ખતરાઓને અવગણવા તરફ અને અંતે નિષ્ફળતા તરફ દોરી ગયા, જેવું ચીન સંબંધે થયું.

આમ છતાં, નહેરુના ત્રણ ઉદ્દેશો મહદ્ અંશે હકીકતે પામી શકાયા છે, ભલે માત્ર ભારતીય પ્રતિનિધિ દ્વારા નહીં અથવા તેમણે કલ્પેલું એવી રીતે નહીં. પહેલું, ભારતની અને એશિયાની આર્થિક સ્થિતિ અપેક્ષાને પાર કરી ગઈ છે, પણ નહેરુના નક્કી કરેલા પથને અનુસરીને નહીં. બીજું, અણુશક્તિ દ્વારા સર્વનાશને અત્યાર સુધી તો રોકી શકાયો છે. ત્રીજું, એશિયા અને આફ્રિકાના દેશો સંસ્થાનોથી મુક્ત થયા છે.

ભારતના સ્વાતંત્ર્ય બાદના પંદર વર્ષ પછી આંતરરાષ્ટ્રીય પદ્ધતિ બદલાઈ ગઈ છે. હવે એ દેશો એકેય મહાસત્તાના આધિપત્ય હેઠળ નથી, તેને બદલે પ્રજાસત્તાક રાષ્ટ્રો છે. ભારતીય સમુદ્ર વિસ્તારનું ગુલામીમાંથી મુક્ત હોવું તે શીતયુદ્ધના અંત કરતાં પણ વધારે મૂળભૂત બદલાવ છે. જોડાણના બદલાવ અથવા સત્તાની વહેંચણીના બદલાવ અથવા નવા રાષ્ટ્રોના પ્રવેશ કે વિદાયને બદલે તેણે મહાસત્તાની કાયદેસરતાના વિચારોમાં બદલાવ કર્યો છે અને તેને બદલે મહાસત્તાનું સ્થાન પ્રજાસત્તાક રાષ્ટ્રએ લીધું છે. સદીઓમાં પહેલી વાર, એશિયાખંડના સ્થાનિક પ્રદેશો, ભારતીય સમુદ્રવિસ્તારમાં એશિયાની સમુદ્રને લગતી બાબતોમાં યુરોપ અને બાકીની દુનિયા સાથે એક સમાન છે.

> **ભારતનું ભવિષ્ય તેનાં નાગરિકોના હાથ અને દિમાગ પર રહેલું છે. કેવી રીતે આપણે નાગરિકો તરીકે આપણી પરિસ્થિતિને અને કહેવામાં આવેલી વાતોને સમજીએ છીએ, તે આપણા ભવિષ્યને બહુ ઊંડી અસર કરે છે.**

**બે સમયગાળાની વચ્ચે:**

એશિયાના આજના ભૌગોલિક રાજકારણ વિષેનું નિદાન અનિશ્ચિત જ હોઈ શકે. તેનું કારણ છે કે આપણે બે સમયગાળાની વચ્ચે છીએ, જ્યારે જૂની રીતો કામ નથી આવતી અને સત્તાનું સંતુલન પ્રદર્શિત નથી કરતી અને નવી રીતે હજુ તેનો પૂરો આકાર ગ્રહણ કર્યો નથી. અત્યારે આપણે વિરોધાભાસી વિશ્વમાં જીવીએ છીએ. ત્યાં એવા લોકો માટે બહુ ઓછી રાહત છે, જે ઇચ્છે છે કે વિશ્વ પાછું તેની પહેલાંની જૂની રીતો પર આવી જાય. તેવી જ રીતે એ લોકો માટે પણ રાહત નથી જે ઇચ્છે છે કે એશિયામાં કોઈ એક મહાસત્તા સાથે જોડાણ કરવાથી ફરી પાછી એક સરખી વ્યવસ્થા ગોઠવાય અને તેની સાથે નિશ્ચિતતા આવે કે તેઓ ચીન કે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે જોડાયેલા હોય. મારું માનવું છે કે હજુ ના તો એશિયા કે ના ચીન પોતે, ચીનકેન્દ્રિત વ્યવસ્થા માટે તૈયાર છે. ભલે ચીનની સંમતિ હોય કે ઇચ્છા હોય, પણ તેનામાં નિર્ભેળ વાસ્તવિક સત્તાની ઊણપ છે. યુનાઈટેડ સ્ટેટ્સ માટે એવું લાગે છે કે ભલે તેની પાસે વાસ્તવિક સત્તા હોય, તો પણ તે પોતાની ઇચ્છા પૂરી કરવા સક્ષમ નથી. તેવી જ રીતે એશિયા બે મહાસત્તા વચ્ચે વહેંચાઈ જાય તે પણ શક્ય નથી લાગતું. તેના બદલે, ભૂગોળ અને ભૌગોલિક રાજકારણ આધારિત ઇતિહાસની હકીકતો કદાચ કોઈ જુદી વ્યવસ્થામાં પરિણમે અને એશિયાના પેટાવિભાગો-જેવા કે પૂર્વ એશિયા, દક્ષિણપૂર્વ એશિયા, દક્ષિણ એશિયા, ઈરાની અખાત, મધ્ય એશિયા, લેવાન્ટ અને પશ્ચિમ એશિયા-માં પોતાના પૂરતી વ્યવસ્થા

બને. આ દરેક વિસ્તારો પાસે સ્થાનિક અથવા વિભાગીય સત્તા છે, જે મહાસત્તા સામે હરીફાઈ કે સહકારને બદલે રાજકીય અને મિલિટરી પરિણામ આપશે.

ભારત માટે, જો કોઈ યોગ્ય સમય હોય, તો તે આ છે, કે તે મગજ ઠંડું રાખીને રાષ્ટ્રની તાકાત વધારે અને શક્તિશાળી સત્તા બનવાની સ્વાયત વ્યૂહરચના ઘડે. આવા મૂંઝવણભર્યા સમયે, એ જરૂરી બને છે કે તે પોતાના દુશ્મનોને નજીક રાખે અને મિત્રોને એથીયે વધુ નજીક રાખે-પોતાની સરહદોને શાંત રાખે, સમાન ઉદ્દેશવાળા દેશોના સંઘથી પોતાને બહાર રાખે અને તેવી સત્તાઓ સાથે કામચલાઉ જોડાણ કરે જેની સાથે તેનાં હિતોનો મેળ ખાતો હોય. આ સમય કોઈ નાટક કે દેખાડા પૂરતી ઘટના દ્વારા પોતાની પ્રતિષ્ઠાના મનોરંજન માટેનો નથી. ભારતની શક્તિ અને ક્ષમતાની ટોચ હજુ નથી આવી અને અન્ય કોઈ સત્તાઓ પોતાનાં હિતોને ભારત સાથે વહેંચે તેમ નથી. જે મેળવવું છે તે માટે સત્તાની માફક પ્રભાવ પણ એક સાધન છે. ઇચ્છિત ભવિષ્ય માટે ભારતની વિદેશનીતિનો ઉપયોગ એ ભવિષ્યના રૂપાંતરણ માટે કરવાનો છે, એ કામ માટે અનુકૂળ વાતાવરણ સર્જવાનું છે. તે માટે જરૂરી છે કે સફળ થયેલી સત્તાઓએ પોતાના વિકાસના તબક્કામાં, ચીને ૧૯૮૦થી ૧૯૯૦માં, યુનાઈટેડ સ્ટેટ્સએ ૧૮૮૦થી બીજા વિશ્વયુદ્ધના અંત સુધી, જે કર્યું તે કરવાનું છે. અલગ અલગ દેશો સુધી લાંબા થયા વગર ઘર આંગણે આપણી જાતને ઘડીએ. આજે ભારત સામે બહારથી કોઈ ખતરો નથી, જે છે તે આંતરિક છે. બાકી કોઈને મોંઘો અને વજનદાર બોજો ઉઠાવવા દેવો એ પણ વ્યૂહરચના હોઈ શકે. વિદેશમાં પોતાનો મહાન અને જરૂર કરતાં મોટો પાઠ ભજવવા કરતાં ભારતે એ કરવું જોઈએ જે સૌથી વધુ મહત્ત્વનું તે છે કે એ શક્ય બનાવીએ કે દરેક ભારતીય પોતાની ક્ષમતાને અનુભવી શકે તેવી સલામત, સમૃદ્ધ અને માનપૂર્વકની જિંદગી જીવે. ભારત જેવા મહાન દેશનું આ એક જ લાયક ધ્યેય હોઈ શકે.

**રાષ્ટ્રનો વિશ્વાસઃ**

ભારતનું ભવિષ્ય તેનાં નાગરિકોના હાથ અને દિમાગ પર રહેલું છે. કેવી રીતે આપણે નાગરિકો તરીકે આપણી પરિસ્થિતિને અને કહેવામાં આવેલી વાતોને સમજીએ છીએ, તે આપણા ભવિષ્યને બહુ ઊંડી અસર કરે છે. સ્વતંત્ર ભારતે તેનો વિશ્વાસ તેની સ્વાતંત્ર્યની લડતમાંથી મેળવેલો છે, જે આભાસી, ઘમંડ અને અહંકારથી વણસ્પર્શ્યો હતો. ગ્રેટ બ્રિટને આપણી સાથે જે કર્યું તે માટે આપણે તેમની પાસેથી કોઈ વળતર ન માગ્યું કે ન તેમની પાસે માફી મંગાવી. તેને બદલે આપણે આપણી જાતે પોતાની રીતે ભવિષ્ય ઘડવા લાગી ગયા. જ્યારે નહેરુએ બિનજોડાણવાદ પસંદ કર્યું, ત્યારે એ વિશ્વાસ સાથે કે ભારત નવા યુગમાં પ્રવેશી રહ્યું છે અને તે આધુનિક, બિનસામ્પ્રદાયિક, સમૃદ્ધ અને બધા ભારતીયો માટે સલામત દેશ બનશે. આ વિશ્વાસ ભારતના વૃત્તાંતમાં વણાયેલો હતો. તે ભારતનો જે ઇતિહાસ હતો, તેમાં કોઈ વાહિયાત દાવાઓ, ઉપજાવી કાઢેલા દુશ્મનો કે અતિશયોક્તિભરી બડાઈ માર્યા વગર સ્વીકારાયેલો હતો.

**વિદેશમાં પોતાનો મહાન અને જરૂર કરતાં મોટો પાઠ ભજવવા કરતાં ભારતે એ કરવું જોઈએ જે સૌથી વધુ મહત્ત્વનું છે, તે એ કે એ શક્ય બનાવીએ કે દરેક ભારતીય પોતાની ક્ષમતાને અનુભવી શકે તેવી સલામત, સમૃદ્ધ અને માનપૂર્વકની જિંદગી જીવે...**

જો આપણે આજની દુનિયા સાથે સફળતાપૂર્વક કામ પાર પાડવા માગતા હોઈએ, વધારે સારું ભારત ઘડવા માગતા હોઈએ, જે પોતાની જાત સાથે અને તેના લોકો સાથે પૂરી સચ્ચાઈપૂર્વક જીવતું હોય, તો આપણને અત્યારે એ વિશ્વાસની અને વસ્તુલક્ષીતાની પૂરતાં તર્ક, કારણો અને સ્પષ્ટતા સાથે જરૂર છે.

આજે જ્યારે બધી મહાસત્તાઓ સાથે કામ કરીએ છીએ અને પડોશી દેશો સાથે સુમેળ સાથે સહયોગ સાધવા કામ કરીએ છીએ, ત્યારે અગાઉ ક્યારેય નહોતી તેટલી આજે આપણી સ્વાયત્તતાને મજબૂત કરવાની જરૂર છે. તેને બદલે કેટલાંક ભારતીયો અનિશ્ચિતતા ભરેલી દુનિયાથી એટલા

બધા ચિંતાતુર છે કે તેઓ સૂચન કરે છે કે ભારતે લોકોની સલામતી કે તેમનું કલ્યાણ કરવાને બદલે, રાષ્ટ્રની સલામતી, રાષ્ટ્રનો માનભર્યા દરજ્જો, રાષ્ટ્રની મહત્તા અને રાષ્ટ્રને માન્યતા મળે તે માટે અન્ય દેશો સાથે જોડાણ કરવું જોઈએ. પરિણામે, આપણા પડોશીઓ સાથેના સંબંધો અત્યારે જેટલા ખરાબ છે તેટલા ખરાબ અગાઉ ભાગ્યે જ હતા. ચીન અને પાકિસ્તાનને સાથે મળીને ભારતનાં હિતો અને સ્વતંત્રતા સામે ખોટું કામ કરતાં જરાય ખચકાટ નથી થતો અને આજે ભારત આંતરરાષ્ટ્રીય મંચ પર એક નાનું ખેલાડી બનીને રહી ગયું છે. આપણે પાંચ વર્ષો ગુમાવી દીધાં છે. આપણો રાષ્ટ્રીય વિશ્વાસ ડંફાસો અને અતિશયોક્તિભર્યા નિવેદનો કરવામાં રૂપાંતરિત થઈ ગયો છે.

આપણે આપણાં મૂળ તરફ, આપણી અભિલાષાઓનાં સ્વચ્છ કૂવા કે ઝરણા પાસે અને આપણાં વિશ્વાસ તરફ પાછા જવું પડશે. ભારત કૌટિલ્ય, ચંદ્રગુપ્ત મૌર્ય, ચાર્વાક, કાલિદાસ, પાણિનિ, અશોક, કનિષ્ક, હર્ષ, અકબર, ગાંધીજી અને નહેરુનો દેશ છે. આ બધાંએ દુનિયા સામે આપણા ઘરની બારીઓ ખુલ્લી કરેલી. આ નેતાઓ દ્વારા કોઈ બનાવટ ન થઈ અને ન તો વિચારોનું મહોરું પહેરીને પૂર્વગ્રહો ઊભા કર્યા. આપણામાંના કેટલાકે આપણા માટે તેમ જ ભારતે વિશ્વમંચ પર ભજવવાના મહાન પાઠ વિષે ઊંચી મહત્વાકાંક્ષા સંદર્ભે વિચારવાની વૃત્તિ ગુમાવી દીધી છે. તર્કબદ્ધ વિચારોનું સ્થાન દહેશત અને ધિક્કારે લઈ લીધું છે, જે ભારતમાં અને ભારતની આસપાસ ખંડનાત્મક સામાજિક અથડામણો તરફ દોરી જાય છે. આપણને ભારતના ભવિષ્યના બે ચિત્રો બતાવાય છે. એક દર્શન ભય અને ધ્રુવીકરણમાંથી જન્મ્યું છે અને બીજું ભારતીય આત્મવિશ્વાસ અને મહત્વાકાંક્ષામાંથી. પહેલું ઘણાં ભારતીયોને બાકાત રાખે છે અને તે સાંકડું, અસહિષ્ણુ, અને રાષ્ટ્રવાદની આભાસી સમજ ધરાવે છે. બીજું આત્મવિશ્વાસી દેશનું સ્વાભિમાન, સહનશીલ, આધુનિક, પ્રગતિશીલ અને બિનસામ્પ્રદાયિક દર્શન છે, જે બધા નાગરિકોને આદર આપે છે. તે વિશ્વાસસભર ભારતની વાત કરે છે જે વૈશ્વિક દૃષ્ટિ સાથે ઊભું છે. આ સમય છે કે આપણે પહેલાંને છોડીને બીજા તરફ કોઈ અસંદિગ્ધતા સાથે વળીએ અને તેને વાસ્તવિકતા બનાવીએ.

(લેખકના પુસ્તક 'India and Asian Geopolitics' માંથી લેવાયેલો અને ૧૫મી ઓગસ્ટના 'હિન્દુ'માં છપાયેલો લેખ)

જો વીસ વર્ષના અમેરિકન નિયંત્રણવાળી સરકારો અને હથિયારો પાછળ અબજો ડોલરના ખર્ચા છતાં અફઘાનિસ્તાન ગણતરીના તાલિબાનીઓના હાથે આત્મસમર્પણ કરી દે તો તેને ધ્યાનથી સમજવું પડશે. આજના સમયમાં કોઈ સમાજમાં પ્રજાતંત્રની ચેતના વિકસિત કરવા માટે બે દાયકા ઓછા નથી. અમેરિકાની એ જ ભૂલ હતી કે તેણે નિયંત્રણ માત્ર પોતાની તાકાતના ભય પૂરતું જ મર્યાદિત રાખ્યું અને લોકશાહી સંસ્થાઓના વિકાસનો પ્રયાસ કર્યો નહીં. હકીકતમાં સંસ્થાઓના વિકાસ અને જનચેતના જગાડવી એકબીજા સાથે સંકળાયેલાં છે. શિક્ષણ, ટેક્નૉલૉજી, મહિલાઓની ભાગીદારી, મજબૂત ધારાસભાઓ અને તેના પ્રતિનિધિઓનાં લોકશાહી મૂલ્યો પ્રત્યે વલણ, સ્વતંત્ર ન્યાયતંત્ર અને કાયદા આધારિત કામ કરતા પોલીસ તંત્ર વગેરે કોઈ દેશમાં શાસનનાં મૂળિયાં મજબૂત કરવાની મૂળભૂત શરતો છે. અમેરિકાએ પોતાની સેના પાછળ તો ખર્ચ કર્યો, પરંતુ અફઘાનિસ્તાનની સેના સશક્ત સૈનિક શક્તિ બની શકી નહીં.

દિવ્યભાસ્કર અગ્ર લેખ 3, સપ્ટે. 2021

## હૈયે હરખ ન માય : 'કોડિયું' પ્રકાશનનો અમૃત મહોત્સવ

વિદ્વાનો કહે છે કે વિચાર કદી મરતો નથી, વ્યક્તિનું અવસાન થાય છે પણ તેના વિચારો તો કબરથી માંડીને વીડિયો સુધી વાયરલ થતાં રહે છે. આપણા ઋષિવર્ય પૂજ્ય નાનાભાઈ ભટ્ટ દ્વારા પ્રજ્વલિત થયેલ 'કોડિયું' આ વર્ષે ૭૫મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. 'નાનો પણ રાઈનો દાણો' રૂઢિપ્રયોગને સાર્થક કરે તેવી રીતે મૂર્ધન્ય સાહિત્યકાર, ઇતિહાસવિદ્, કેળવણીકાર અને ગામડાંઓના વકીલ પૂજ્ય મનુભાઈ પંચોળી – દર્શકદાદાએ એક નમૂનેદાર સામાયિક તરીકે આ 'કોડિયું'નો ગુજરાતમાં પ્રકાશ પાથર્યો છે. આ 'અમૃત મહોત્સવ' પ્રસંગે વર્ષ દરમિયાન (ઑગસ્ટ-'૨૧થી જુલાઈ-'૨૨) 'કોડિયું' સંપાદકમંડળે ચાર વિશેષાંકો પ્રગટ કરવાનો મનોરથ સેવ્યો છે. આપણા આદરણીય વત્સલ દાદાઓએ દર્શાવેલાં જીવનમૂલ્યોને ધ્યાને લઈ ચાર પાયાનાં ક્ષેત્રો પસંદ કર્યાં છે. દરેક વિશેષાંક 'કોડિયું' કદનો અને ૧૦૦ પાનાંનો બનશે. દરેક વિશેષાંકના સંપાદક તરીકે અભ્યાસુ, અનુભવી અને કર્મઠ એવા વિચારકોમાંથી પસંદ કરેલ છે.

### 'કોડિયું' અમૃત મહોત્સવ વિશેષાંકો

૧. **'સ્વાધ્યાય' (પ્રકાશન તારીખ ૧૫/૧૦/૨૦૨૧ - સંપાદક – શ્રી મનસુખભાઈ સલ્લા, સૌજન્ય : રવિકૃપા ટ્રસ્ટ)** આશ્રમી શિક્ષણ-પ્રણાલીથી લઈને ફિનલૅન્ડની શિક્ષણ-પ્રણાલીને આવરી લેતી સમગ્ર શિક્ષણયાત્રા.

૨. **'સર્વોદય' (પ્રકાશન તારીખ ૧૫/૦૧/૨૦૨૨ - સંપાદક – શ્રી. ભદ્રાયુભાઈ વચ્છરાજાની, સૌજન્ય : સર્વોદય સહકારી પ્રકાશન સંઘ)** સમગ્ર જડ-ચેતન જગતના અસ્તિત્વને ટકાઉ ઉત્કર્ષ તરફ દોરી જતી ગાંધી-વિનોબાની અધ્યાત્મના મોણથી બંધાયેલી સમપોષિત વિચારધારાની એકવીસમી સદીના સંદર્ભે વિસ્તૃત છણાવટ.

૩. **'સૌંદર્ય' (પ્રકાશન તારીખ ૧૫/૦૪/૨૦૨૨ - સંપાદક – શ્રી. મહેન્દ્રભાઈ ચોટલિયા, સૌજન્ય : લોકભારતી ગ્રામવિદ્યાપીઠ)** સમગ્ર બ્રહ્માંડથી લઈને પૃથ્વીલોક પર કણ-કણમાં રહેલા સૌંદર્યને જોવા, સમજવા, રક્ષવા માણવા અને સર્વાંશે પામવા માટેની સૌંદર્યાનુભૂતિ.

૪. **'સમરસ' (પ્રકાશન તારીખ ૧૫/૦૭/૨૨ - સંપાદક – શ્રી. સુદર્શનભાઈ આયંગાર, સૌજન્ય : શુભેચ્છકોની ભાગીદારી અપેક્ષિત છે)** વિકેન્દ્રીકરણ, રિસાઇકલિંગ, પુનઃપ્રાપ્ય ઊર્જા અને સંસ્કૃતિ તથા પ્રકૃતિને સમપોષિત વિકાસની વિભાવના સમજાવતું, સર્વોદયી-રાજ્યની સ્થાપના કરાવતું દર્શન.

○ આ સંદર્ભે શક્ય તેટલા વધારે 'કોડિયું' વાર્ષિક લવાજમો (રૂ.૧૫૦) ભરાય તેવો યજ્ઞાર્થે આગ્રહ છે.

○ ચારેય વિશેષાંકોનો સેટ આગોતરા ગ્રાહકોને રૂ. ૩૦૦ (ટપાલ ખર્ચ અલગ)માં મળશે ત્યાર પછી નકલની ઉપલબ્ધતા પ્રમાણે રૂ. ૪૦૦માં સેટ મળશે. લવાજમ નીચેની વિગતે ભરી શકાશે.
Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.૫૬૦૧૬૦૦૧૭૨૮,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

○ શુભેચ્છકોને આ વિશેષાંકોના પ્રકાશનના થનારા કુલ ત્રણેક લાખના ખર્ચમાં આર્થિક સહયોગ કરવા 'ગ્રામદક્ષિણામૂર્તિ' નામના ચેકથી કે ઉપર પ્રમાણેથી ઓનલાઈન મદદ કરવા ભાવભર્યું નિમંત્રણ છે.

## ૦૩. કેળવણીના નવા આયામો

### ફિનલૅન્ડ અને તેની અનોખી શિક્ષણપદ્ધતિ

પ્રકાશ નાકરાણી

---

બુનિયાદી શિક્ષણના સત્યને બરાબર પારખી ગયેલા અને પોતાના દેશના સર્વતોમુખી વિકાસમાં તથા ઊછરતી નવી પેઢીના ઘડતર અને ચણતરમાં સૂઝબૂઝવાળી શિક્ષણ-વ્યવસ્થાની તાકાતને ઓળખી ગયેલા એવા એક દેશની વાત કરવી છે. અજબગજબના આ દેશે દુનિયાના ઘણા વિકસિત દેશોનું શિક્ષણક્ષેત્રના નવા અભિગમ તરફ ધ્યાન દોર્યું છે. પ્રગતિશીલ દેશોને આંટી મારે એવી શિક્ષણવ્યવસ્થા ઊભી કરી છે અને પોતાની શિક્ષણવ્યવસ્થાને શ્રેષ્ઠ સાબિત કરી દીધી છે. દુનિયાભરના શિક્ષણકારો, પત્રકારો, વિદ્વાનો ફિલોસોફરો, રાજકારણીઓ અને અધ્યાપકો આ દેશની શિક્ષણવ્યવસ્થાને સમજવા આવતા રહે છે. એવું તે શું ખાસ સમજવા જેવું છે? એનો જવાબ છે આ દેશની નીવડેલી અને સફળ થયેલી શિક્ષણવ્યવસ્થાનાં ઉત્તમ પરિણામો તથા શિક્ષણક્ષેત્રે સતત થતા નવા નવા પ્રયોગો દ્વારા ગતિશીલ ઊર્જાનું સર્જન. આ શિક્ષણપ્રથાની વિસ્તૃત જાણકારી પહેલાં આપણે તેને ઓળખીએ અને તેની સંઘર્ષગાથાને સમજીએ.

ફિનલૅન્ડ ઉત્તર યુરોપમાં આવેલો છે. તેની પશ્ચિમ સરહદ સ્વીડનને અને પૂર્વ સરહદ રશિયાને અડે છે. ઉત્તરે નોર્વે અને ફિનલૅન્ડની ખાડીને પેલે પાર એસ્ટોનિયા દેશ આવેલો છે. હેલસિન્કી શહેર આ દેશનું પાટનગર છે. વિસ્તારમાં આ દેશ ગુજરાતથી ઘણો મોટો, પણ કુલ વસ્તી અમદાવાદ કરતાં પણ ઓછી – માત્ર પંચાવન લાખ એકવીસ હજાર છે! દેશની પોતાની ભાષા ફિનિશ છે, પાંચ ટકા લોકો સ્વિડિશ ભાષા બોલે છે.

ઐતિહાસિક દષ્ટિએ જોઈએ તો ૧૮૦૯ પહેલાં આ દેશ સ્વીડનનો જ એક ભાગ હતો. એ પછી રશિયન સામ્રાજ્યે પોતાની સત્તા જમાવી દીધી. એ પછી એક સદી કરતાંય વધારે વર્ષોની રશિયન ગુલામીમાંથી આઝાદ થવા માટે ગૃહયુદ્ધ થયું, પરિણામે ૧૯૧૭માં આ દેશ આઝાદ થયો. ૧૯૫૫માં સંયુક્ત રાષ્ટ્રસંઘનો સભ્ય બન્યો. ૧૯૯૫માં યુરોપિયન યુનિયન સાથે જોડાયો. હવે યુરો તેનું ચલણ બની ગયું. સામાજિક, રાજનૈતિક, આર્થિક તથા સૈન્યશક્તિમાં આ દેશ ઘણો સ્થિર રહ્યો છે. દુનિયાના સુખી દેશોમાંનો એક આ દેશ પણ છે. ઉચ્ચ આવક, ઉચ્ચ શિક્ષણપદ્ધતિ, સુંદર આરોગ્ય સંભાળ, પ્રકૃતિસૌંદર્ય અને શુદ્ધ વાતાવરણ તેના સુખનાં કારણો છે.

બરફની ચાદરથી ઢંકાયેલા આ દેશના ઉત્તરી વિસ્તારમાં દિવસો સુધી સૂર્યોદય થતો નથી! આ દેશ ધ્રુવીય રાતનો રાજા છે. દેશના દક્ષિણ ભાગમાં મોટાભાગની વસાહતો છે. આ વિસ્તારમાં વાદળછાયું આકાશ, આછો સૂર્યપ્રકાશ અને માત્ર છ કલાકમાં તો સૂર્ય ક્ષિતિજે ઓઝલ થઈ જાય. દિવસે અને રાત્રે તાપમાન શૂન્ય ડિગ્રીથી નીચે જતું રહે છે. ફિનલૅન્ડમાં ૧,૭૯,૫૮૪ નાનામોટા ટાપુઓ અને ૧,૮૭,૮૮૮ સરોવરો છે. આ એક વિશ્વરેકૉર્ડ છે. સરોવરો, ટાપુઓ, દલદલી ક્ષેત્રો ને નદીઓ સાથે ફિનલૅન્ડનો મોટો વિસ્તાર જંગલોથી છવાયેલો છે. આ દેશની પૈજાન ટનલ દુનિયાની સૌથી મોટી ટનલોમાં બીજા નંબરે આવે છે. તેની લંબાઈ ૧૨૦ કિ.મી. છે. ફિનલૅન્ડમાં એક એવી ગૉલ્ફ ક્લબ છે કે જેનો અડધો હિસ્સો ફિનલૅન્ડ પાસે અને અડધો હિસ્સો સ્વીડન પાસે છે. આ દેશ ઉત્તર આકાશ રોશની-નોર્ધન લાઇટ્સ માટે પ્રખ્યાત છે.

આ સિવાય પણ ઘણી અજાયબીઓ આ દેશમાં છેઃ ફિનલૅન્ડની જેલો આપણા દેશની સારી હોટેલો કરતાંય ઘણીસારી હોય છે. અહીંની જેલો ખુલ્લી છે. કેદીઓ સામાન્ય

લોકો સાથે હરીફરી શકે છે, કામ કરી શકે છે અને જોઈતી વસ્તુઓની ખરીદી પણ કરી શકે છે. લોકો ઘણા ઈમાનદાર છે. અહીં જુગાર સરકાર-નિયંત્રિત છે. તેની આવકને ગરીબોમાં વહેંચી દેવામાં આવે છે. અહીં વાહનોની લાઈટ ચોવીશ કલાક ચાલુ જ રાખવી પડે છે. યુરોપના કોઈપણ દેશમાં મેળવેલું ડ્રાઈવિંગ લાયસન્સ અહીં માન્ય છે. સુંદર પાકા રસ્તાઓ પર કદી ટ્રાફિક જામ થતો નથી. ટોલ ટેક્સ નથી. આ એક એવો દેશ છે જે ૧૯૦૮થી પ્રત્યેક ઑલિમ્પિકમાં ભાગ લેતો આવ્યો છે અને ગોલ્ડ મેડલો પણ મેળવ્યા છે.

અહીંના દિવસ અને રાત પણ અજબ છે. કેટલાક વિસ્તારોમાં ૨૩ કલાક સુધી સૂર્ય ઊગેલો જ રહે છે અને કેટલાક વિસ્તારોમાં ૫૧ દિવસની રાત હોય છે! ફિનલૅન્ડમાં એવી હોટેલ છે જે વિશ્વભરમાં વિખ્યાત છે. આ હોટેલની ખૂબી એ છે કે એ પ્રતિવર્ષ બરફમાંથી બનાવવામાં આવે છે. અહીં આવાગમન માટે ક્રૂઝની મહત્ત્વની ભૂમિકા છે. વિશ્વમાં વધુમાં વધુ દૂધ પીતો આ દેશ છે. કૉફી અહીંના લોકોનું પ્રિય પીણું છે. ભ્રષ્ટાચાર બિલકુલ નથી. ફિનિશ માતૃભાષા હોવા છતાં લોકો અંગ્રેજી પણ સારું જાણે છે. ફિનિશ ભાષામાં નાન્યતર જાતિનો વધુ ઉપયોગ થાય છે.

ફિનલૅન્ડ એટલે વિષમ ભૌગોલિક સ્થિતિ, ધ્રુવ પ્રદેશની ધ્રૂજાવી દે તેવી ઠંડી હવા, બર્ફીલી ચાદર નીચે ઢંકાયેલી રહેતી મોટાભાગની ભૂમિ, લાંબા દિવસ અને રાત, અનેક ટાપુઓમાં વિખેરાયેલો પ્રદેશ ને માનવશક્તિની ઊણપ. આ બધા વચ્ચે અહીંની પ્રજાએ બાથોડાં લીધાં, પ્રતિકૂળતાઓને પડકાર આપ્યો, કુદરતી આફતોને ધોઈ પીધી અને સતત સંઘર્ષ અને અથાક પરિશ્રમ વડે દેશનો એવો સમ્યક વિકાસ સાધ્યો કે દુનિયાના અન્ય દેશો અચંબામાં પડી ગયા. સર્વતોમુખી વિકાસનો દાખલો બેસાડ્યો. તેમાંય શિક્ષણક્ષેત્રે દૂરંદેશી અને આગવી સૂઝ અને સિદ્ધિઓએ જે પરિણામો મેળવ્યાં તેનાથી આ ક્ષેત્ર સાથે સંકળાયેલાઓની મુલાકાતો વધી ગઈ. શિક્ષણવિદો અહીંની શિક્ષણવ્યવસ્થાને જોવા, સમજવા અને મૂલવવા માગતા હતા. ભાર વગરના ભણતરવાળી આ શિક્ષણપ્રથાની વિશિષ્ટતાઓમાં માનવમૂલ્યનું જતન કેમ થાય છે તે સમજવા માગતા હતા તથા દુનિયાના દેશોનું આ ઉત્તમ શિક્ષણપ્રણાલિ તરફ ધ્યાન દોરવા માગતા હતા.

આઝાદી મળ્યા પહેલાં અહીંની સામાજિક અને આર્થિક હાલત દયનીય હતી. ગરીબી અને બેકારી ભરડો લઈ ગઈ હતી. અપૂરતી શાળાઓ અને ઉચ્ચ શિક્ષણની નહીંવત સુવિધાને કારણે સાક્ષરતાનું પ્રમાણ માત્ર ૧૦% હતું. આઝાદી મળતાં જ દેશના આગેવાનો, સમાજસેવકો, રાજનીતિજ્ઞો અને શિક્ષણક્ષેત્રના જાણતલ વિદ્વાનો એકમત થયા અને એવા નિર્ણય પર આવ્યા કે દેશના ઊજળા ભવિષ્ય માટે સૌથી પહેલા શિક્ષણક્ષેત્રનો વિકાસ થાય, શિક્ષણક્ષેત્ર સન્માનનીય બને, ગુણવત્તાવાળા પણ ભાર વગરના ભણતર સાથે નવી પેઢીનું નિર્માણ થાય તેવી શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવામાં આવે અને તે માટે ઉત્તમ કક્ષાના શિક્ષકો, અધ્યાપકો

**ફિનલૅન્ડ એટલે વિષમ ભૌગોલિક સ્થિતિ, કાતિલ ઠંડી, બર્ફીલી ચાદર નીચે ઢંકાયેલી રહેતી મોટાભાગની ભૂમિ, લાંબા દિવસ અને રાત, અનેક ટાપુઓમાં વિખેરાયેલો પ્રદેશ અને માનવશક્તિની ઊણપ. આ બધા વચ્ચે તેણે સર્વતોમુખી વિકાસનો દાખલો બેસાડ્યો છે...**

તૈયાર કરવામાં આવે. આવા ઉમદા હેતુઓ સાથે શિક્ષણની સંપૂર્ણ જવાબદારી સરકારે સ્વીકારી લીધી. આ સાથે નવ ધોરણ સુધીના શિક્ષણને મફત અને ફરજિયાત બનાવી દેવામાં આવ્યું.

અહીં શિક્ષણનું સ્થાન બીજા કોઈપણ વ્યવસાય કરતાં ઊંચું માનવામાં આવે છે. શિક્ષકની યોગ્યતા બાબતે જરાય બાંધછોડ કરવામાં આવતી નથી. શિક્ષકની ઓછામાં ઓછી યોગ્યતા જ અનુસ્નાતક થવાની છે. સાથે ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજમાં પ્રશિક્ષણ લેવાનું ફરજિયાત છે. અહીંની ટીચર્સ

ટ્રેઇનિંગ સંસ્થાઓને વિશ્વસ્તરીય ઓળખ મળી છે. શિક્ષકને તાલીમ દરમ્યાન એ ખાસ શીખવવામાં આવે છે કે બાળકોમાં શીખવાની ઉત્સુકતા કઈ રીતે પેદા કરી શકાય. અહીં પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીમાં શિક્ષણ અને શિક્ષકોની ગુણવત્તામાં કોઈ જાતનો ભેદભાવ નથી. તેથી શાળા શહેરની હોય કે નાના ગામની, દેખાવ એકસરખો અને ઉત્તમ હોય છે. પ્રાથમિક શિક્ષક અને ઉચ્ચશિક્ષણ આપતા શિક્ષકની ગુણવત્તા, લાયકાત અને વેતન સરખાં છે. મોટા શહેરમાં ભણાવતા કે છેવાડાના ગામમાં ભણાવતા શિક્ષકને એકસરખા માનથી જોવાય છે. આથી ઉત્તમ શાળા અને નબળી શાળા એવો ભેદ નહીંવત છે. સરકાર બધી જ શાળાઓને સમાન અવસર આપે છે. આ દેશમાં ડૉક્ટરો, એન્જિનિયરોકે વકીલો કરતા પણ શિક્ષકનો દરજ્જો વિશેષ સન્માનનીય છે અને તેમનો પગાર પણ આ બધા કરતાં વધારે હોય છે. આ દેશમાં શિક્ષક બનવું સહેલું નથી. માસ્ટર ડિગ્રી, આકરી તાલીમ અને મોટીવેશનને પણ લક્ષમાં લેવામાં આવે છે.

આ દેશે શિક્ષકની ક્ષમતાને પ્રાધાન્ય આપ્યું. જાતિ, ધર્મ કે ગરીબ-તવંગરના ભેદભાવ વગર સૌને સરખો અધિકાર આપ્યો, પ્રથમ નવ ધોરણ સુધી સમાન અભ્યાસક્રમ અને ફરજિયાત તથા મફત શિક્ષણની ઘોષણા કરી. ગામડું હોય કે શહેર — શાળાઓને સરખી સવલતો અને લાયક શિક્ષકો આપ્યા. સ્પષ્ટ ધ્યેય સાથે દેશના વિકાસને ધ્યાનમાં રાખી વખતોવખત શિક્ષણપદ્ધતિ અને શિક્ષણની તરહમાં ફેરફારો કર્યા, શિક્ષકોને માનસન્માન અને સ્વાતંત્ર્ય આપ્યાં અને આ બધાંને લીધે બુનિયાદી શિક્ષણમાં ઉત્તમ પરિણામો મેળવ્યાં.

આપણને આઝાદી મળ્યાને સાડાસાત દાયકા થયા, છતાં હજી સુધી આપણે આદર્શ શિક્ષણવ્યવસ્થા ઊભી કરી શક્યા નથી. અંગ્રેજોએ વારસામાં આપેલી શિક્ષણપ્રથામાંથી આપણું ગુલામી માનસ હજી સુધી બહાર આવ્યું નથી. ગાંધીજીએ બુનિયાદી શિક્ષણનાં સત્ત્વ અને તત્ત્વને જાણ્યું હતું. તેમણે નઈ તાલીમના નામથી શિક્ષણને શ્રમમૂલક, વધુ ક્રિયાત્મક, ગ્રામાભિમુખ અને આત્મગૌરવ સાથે વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી શિક્ષણ તરહ આપી, અભ્યાસક્રમ આપ્યો. આરંભ પણ સારો થયો. લાગ્યું કે શિક્ષણના ક્ષેત્રે આપણે પણ નવાં પગરણ માંડ્યાં. ખેર, એક સત્યને, સાચી કેળવણીની ફિલસૂફીને, એક સુંદર પ્રયોગને દેશનેતાઓએ અકાળે મુરઝાવી દીધાં અને પોતાની રીતે મન ફાવે તેવા, ઊભડક અને સમજ્યા વિનાના ઘણા પ્રયોગો કર્યા, તોય ઠેરના ઠેર જ રહ્યા. આપણા બંધારણે પ્રાથમિક શિક્ષણને મફત અને ફરજિયાત બનાવ્યું તોય સાક્ષરતા તો ગરીબડી જ રહી. ભાજપ સરકારે શિક્ષણક્ષેત્રે ધ્યાન દોરે એવાં ફેરફારોવાળી નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ બનાવી છે. આદર્શ ઘણો સારો છે, પ્રયોગોની સરાણે ચડ્યા પછી જ તેની સફળતાનું મૂલ્યાંકન થઈ શકે.

ફિનલૅન્ડમાં આજે કોઈ અભણ નથી તેનું કારણ અહીંની સફળ શિક્ષણપદ્ધતિ છે. અહીં બાળક શાળામાં ઓછામાં ઓછો સમય વીતાવે, હૉમવર્ક ઓછું આપવામાં આવે, ટ્યૂશન નહીં અને પરીક્ષા પણ ટેન્શનથી મુક્ત હોય. છતાં ફિનલૅન્ડના વિદ્યાર્થીઓ બીજા દેશોની સરખામણીમાં વિજ્ઞાન, ગણિત અને એન્જિનિયરિંગ ક્ષેત્રે ઘણા આગળ છે. અહીં તમામ શાળા, કૉલેજો અને યુનિવર્સિટીઓ સરકાર દ્વારા સંચાલિત છે. શિક્ષણ ખાનગી સંસ્થાઓને હવાલે નથી થયું. સરકાર સમજે છે કે ઉત્તમ શિક્ષણ જ દેશનું ભાવિ છે.

૧૯૬૦ પહેલાં ફિનલૅન્ડની એવી દયનીય સ્થિતિ કે માત્ર ૧૦ ટકા વિદ્યાર્થીઓ જ ધોરણ દસ સુધી ભણેલા હતા. એ પછી શિક્ષણક્ષેત્રે રચનાત્મક સુધારાઓ કરવામાં આવ્યા. ફરજિયાત શિક્ષણનો કાનૂન બન્યો. તેમાંય સમયાનુસાર સુધારા થતા રહ્યા. ફિનલૅન્ડની આ સફળતા પાછળ રાજકીય નિર્ધાર પણ છે. ફિનલૅન્ડના શિક્ષકો, તેમને તાલીમ આપનારાઓ, સંશોધકો અને નીતિ-ઘડવૈયાઓ તથા શિક્ષણવિદોએ પણ મન લગાડીને કામ કર્યું છે. ન્યાયસંગત અને બાળકોના હિત સાથે જોડાયેલી આ નીતિનો સમાનતા

એ જ મુદ્રાલેખ છે. બધા માટે શિક્ષણ, ખરી ઉંમરે શિક્ષણ, શાળાનો બહેતર સમય, ગુણવત્તાભર્યું શિક્ષણ, નબળા વિદ્યાર્થીઓ માટે ખાસ વ્યવસ્થા, પરીક્ષાનો તણાવ નહીં, કોઈ જાતની સ્પર્ધા નહીં, શાળાનો સુંદર માહોલ, આ બધી ફિનલૅન્ડ શિક્ષણપદ્ધતિની ખાસિયતો છે. અહીં બાળકોનું શિક્ષણ રિસર્ચ આધારિત છે. એટલે કોઈ ખાસ પેટર્ન પર ચાલવાને બદલે શિક્ષક પોતાની વિચારણા પ્રમાણે નવા નવા પ્રયોગો અપનાવી પોતાની પદ્ધતિ અને કુશળતા પ્રમાણે, વિદ્યાર્થીને રસ પડે તે રીતે અને ઘંટની પણ રાહ જોયા વિના ભણાવવા મુક્ત છે. પાઠ્યપુસ્તક પર જ કેન્દ્રિત રહેવાની જરૂર નથી, પ્રાયોગિક શિક્ષણ પર વધુ ભાર છે. વિદ્યાર્થી પણ ઇચ્છે ત્યાં સુધી ભણે અને ઇચ્છા મુજબ બ્રેક લઈ શકે, રમી શકે, આરામ કરી શકે તેવી વ્યવસ્થા બધી શાળામાં હોય છે. તેને મરજી વિરુદ્ધ વર્ગમાં બેસાડી શકાય નહીં, શારીરિક સજા કરી શકાય નહીં. શિક્ષક પાસે માસ્ટર ડિગ્રી હોવી અનિવાર્ય છે. વહીવટી કર્મચારી પણ સ્નાતક થયેલો હોવો જોઈએ. બાળકોને બેસવા માટે બેંચ-ડેસ્ક હોવા જરૂરી નથી, તેમ શિક્ષક માટે પણ ટેબલ-ખુરશી જરૂરી નથી. બાળક દફ્તર વગર સોફા પર બેસીને આરામથી ભણી શકે. શિક્ષક બાળકોને નીચે ગોળાકારમાં બેસાડીને પણ ભણાવી શકે. કોઈ વિશેષ સ્થાને જ ભણાવાય તેવું બંધન નથી.

અહીં પ્રથમ નવ ધોરણ સુધી ફરજિયાત અને મફત શિક્ષણ સાથે સાત્ત્વિક અને પૌષ્ટિક ભોજન પણ આપવામાં આવે છે. વર્ષમાં ૧૯૦ દિવસ ભણવાનું, પછી એક જાહેર પરીક્ષા, પાસ થયા પછી ઉચ્ચ માધ્યમિક શિક્ષણ શરૂ થાય. ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં પણ બે તરાહ છેઃ જનરલ અને વ્યાવસાયિક. બન્ને તરાહમાં ત્રણ વર્ષ ભણવાનું હોય છે. આ ત્રણ વર્ષને જુનિયર કૉલેજ કહે છે. આ શિક્ષણ પણ મફત છે. શાળાઓનો સમય સવારે દસથી એક એમ ચાર જ કલાકનો હોય છે. પાઠ્યપુસ્તક સિવાયનું ભણતર સાથોસાથ અનુબંધ અને આત્મજ્ઞાન માટે પણ ઘણો સમય ફાળવવામાં આવે છે. શિક્ષણ કમાણીનું સાધન નથી. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે મૈત્રીભાવ હોય છે. ઉત્તમ કક્ષાના શિક્ષકો દિલ દઈને ભણાવે સાથે વાલીઓ પણ પોતાની જવાબદારીના ભાગ રૂપે બાળકને જીવનમૂલ્યોનું શિક્ષણ આપે. તમામ સ્તરના શિક્ષણની જવાબદારી સરકારની છે. સ્પર્ધાને બદલે સહયોગને પ્રાધાન્ય આપવામાં આવે છે. અહીંનું વ્યાવસાયિક શિક્ષણ વિશ્વમાં શ્રેષ્ઠ મનાય છે.

પોતાની આગવી શિક્ષણ પ્રથા ઊભી કરવામાં ફિનલૅન્ડે સતત ચિંતન અને મથામણ કરી છે. પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાનો આગ્રહ રાખવામાં આવે છે. ગોખણપટ્ટી પર નહીં પરંતુ પ્રત્યક્ષીકરણ પર વધુ ધ્યાન અપાય છે. વિજ્ઞાન જેવા વિષયમાં તો એક વર્ગમાં ૧૫થી ૧૬ની સંખ્યા જ રખાય છે. મર્યાદિત સંખ્યા હોવાથી પ્રાયોગિક શિક્ષણ વધુ આપી શકાય છે. વિદ્યાર્થીઓનો વિકાસ જ શિક્ષકની નજર સમક્ષ હોય છે. ત્રણ ધોરણ સુધી કોઈ પરીક્ષા નહીં, છ ધોરણ સુધી એક જ વર્ગશિક્ષક બધા વિષય ભણાવે, સાતથી નવ ધોરણમાં માર્ક્સ નહીં, પણ ગ્રેડથી મૂલ્યાંકન, પછી જુનિયર કૉલેજ, એ પછી મનગમતા વિષય સાથે સ્નાતકનો અભ્યાસક્રમ. તે પછી ત્રણ વર્ષ અનુસ્નાતક અને પછી બે વર્ષ સંશોધન કર્યા બાદ પીએચ.ડી.ની ડિગ્રી મળે છે. પીએચ.ડી.ની ડિગ્રી મેળવનારને ટોપી અને તલવાર આપવામાં આવે છે. અદભુત!

**અહીં પાઠ્યપુસ્તક સાથોસાથ જીવનમૂલ્યો, અનુબંધ અને આત્મજ્ઞાન માટે અવકાશ છે. શિક્ષણ કમાણીનું સાધન નથી. શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે મૈત્રીભાવ હોય છે અને સ્પર્ધાને બદલે સહયોગને પ્રાધાન્ય આપવામાં આવે છે...**

ફિનલૅન્ડે પોતાની આઝાદી બાદ બધાને સમાન અને મફત શિક્ષણનું ધ્યેય રાખીને રાષ્ટ્રીય શિક્ષણનીતિ બનાવી અને ભવિષ્યના વિકાસનો પાયો નાખ્યો. મહત્ત્વની બાબત એ રાખી કે એકપણ બાળક નિરક્ષર ન રહેવું જોઈએ.

ગુણવત્તાવાળા અને સંવેદનશીલ ઉચ્ચ કક્ષાના તાલીમબદ્ધ શિક્ષકો તૈયાર કર્યા, તેમને માન-મતરબો અને સન્માન આપ્યાં તેથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ આ વ્યવસાયમાં આવવા તૈયાર થયા. આ વિદ્યાર્થીઓએ જ શિક્ષણક્ષેત્રે દેશને ગૌરવશાળી બનાવ્યો. શિક્ષણમાં નવાનવા પ્રયોગોને કારણે આ ક્ષેત્રે સતત નવીનીકરણ થતું રહ્યું અને દુનિયાના અન્ય દેશોનું ધ્યાન દોર્યું. ફિનલૅન્ડ હજી પણ નવી શિક્ષણતરાહની શોધમાં છે કે પોતાનો વિદ્યાર્થી વિશ્વસ્તરે આગળ હોય. ફિનલૅન્ડનો સમગ્ર વ્યવહાર કમ્પ્યૂટરના માધ્યમથી જ ચાલે છે. વિદ્યાર્થી નિષ્ક્રિય થઈ શિક્ષક સામે બેસી રહેવાને બદલે સહયોગાત્મક સમૂહમાં સમસ્યાનું સમાધાન કરે છે. પરીક્ષાની ફૅક્ટરીમાં વિદ્યાર્થીને ધકેલી દેવાને બદલે તેના કૌશલ્યને પ્રગટ કરવાનો અને ક્ષમતાને વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે. શિક્ષકોને નવા શિક્ષણને અનુરૂપ તાલીમ આપવામાં આવે છે અને શિક્ષક સતત વિદ્યાર્થીને સમજવાનો પ્રયત્ન કરે છે, વ્યક્તિગત માર્ગદર્શન આપે છે તેમ જ શાળા સિવાયના સમયે પણ શીખવે છે. વિદ્યાર્થીને તૈયાર કરવાની સંપૂર્ણ જવાબદારી શિક્ષકની હોય છે.

ફિનલૅન્ડની શિક્ષણપ્રણાલિ ન્યાયસંગત હોવાથી દુનિયામાં જ્યારે શિક્ષણ વિશેની ચર્ચા થાય છે ત્યારે ફિનલૅન્ડને અવશ્ય યાદ કરવામાં આવે છે, કારણ કે શિક્ષણક્ષેત્રે આ દેશ અગ્રેસર છે. દુનિયાભરમાંથી શિક્ષણવિદો, શિક્ષકો, કેળવણીકારો, વિદ્વાનો, રાજનેતાઓ, પત્રકારો, પ્રતિનિધિમંડળો અહીંની શિક્ષણપદ્ધતિને સમજવા આવે છે. અહીં ભણેલા સ્નાતક કે અનુસ્નાતક વિશ્વકક્ષાએ ઉત્તમ સાબિત થયા છે. વિજ્ઞાન, ગણિત, કમ્પ્યૂટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે તેઓ ખૂબ આગળ છે. વિશ્વપ્રસિદ્ધ નોકિયા કંપની આ દેશની છે. સંશોધનમાં પણ મોખરાનું સ્થાન ધરાવે છે. અન્ય દેશોના વિદ્યાર્થીઓ અહીંની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવે તો પોતાને ભાગ્યશાળી સમજે છે. માત્ર પંચાવન લાખની વસ્તી ધરાવતા ફિનલૅન્ડની સરકારે શિક્ષણની શક્તિ બરાબર પિછાની છે અને પોતાના બજેટનો ઘણો મોટો હિસ્સો શિક્ષણ પાછળ ખર્ચે છે.

આ દેશમાં શાળાઓનું સંચાલન વિકેન્દ્રિત ધોરણે થાય છે. મોટાભાગની શાળાઓ નગરપાલિકા સંચાલિત હોય છે. સરકાર દ્વારા તેમને ગ્રાંટ મળે છે તેમ છતાં તેમને સંચાલનમાં પૂરતી સ્વાયત્તતા હોય છે. વાલીઓને શાળા અને શિક્ષકો પર પૂરો ભરોસો હોય છે. શાળાના અલાયદા નિરીક્ષણની કોઈ વ્યવસ્થા નથી. પાઠ્યપુસ્તકોમાંથી પણ કેન્દ્રીકરણ હટાવી દેવાયું છે છતાં શાળાઓ રાષ્ટ્રીય શિક્ષણ બૉર્ડે નક્કી કરેલા અભ્યાસક્રમને બરાબર અનુસરે છે. એક સમયની ફિનલૅન્ડની શાપિત ભૂમિ આજે સુખ-સાહ્યબીમાં આળોટે છે. સૉફ્ટવૅર તથા ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે ફિનલૅન્ડે કરેલા વિકાસથી વિશ્વના પ્રગતિશાળી દેશો અચંબામાં પડી ગયા છે. ગુલામી અવસ્થાની પાયમાલ હાલતને સમૃદ્ધિમાં પલટાવી નાખી છે. લોકોનો સખત પુરુષાર્થ, આકરો સંઘર્ષ અને મક્કમ નિર્ધારથી પોતાનાં લક્ષ્યાંકોને હાંસલ કર્યા છે. તેમાં સુંદર પ્રકૃતિ અને સ્વચ્છ પર્યાવરણે પણ સાથ આપ્યો છે. એવું માનવામાં આવે છે કે ફિનલૅન્ડના લોકો વધારે પડતા અંતર્મુખી છે. પોતાની ખુશી કે નફરત ઝટ પ્રગટ કરતા નથી.

ફિનલૅન્ડના લોકોની સુખાકારીના મૂળમાં શિક્ષણશક્તિનું બળ છે. ઉપરાંત સંતુલિત જીવનધોરણ, સુરક્ષાની ખાતરી, પરસ્પર ભરોસો, રોજગારીની સલામતી, મૂલ્યોનું જતન, સામાજિક અને રાજનૈતિક મનોબળ, ઓછી જનસંખ્યા, નહીંવત ભ્રષ્ટાચાર અને ગુનાઓ, કોઈ બેઘર નહીં, પ્રોગ્રેસિવ સમાજ. સંતોષ, મુક્ત વાતાવરણ, વિશાળ ભૂમિ અને ફ્રૅંડલી વેપારની સમજદારી જેવાં કારણોએ ફિનલૅન્ડની પ્રગતિમાં સાથ આપ્યો છે.

શિક્ષણપ્રેમી પ્રવાસીઓએ જો તક મળે તો આ દેશની મુલાકાત લેવા જેવી ખરી.

(સોહમ, એ ૨/૪, અરબિંદા સોસાયટી પાસે, વસ્ત્રાપુર તળાવ, અમદાવાદ)

## અજબ વનસ્પતિની કૅફિયત ગજબ!

હીરજી ભીંગરાડિયા

વનસ્પતિની આપણા માટેની દેણગી બાબતે અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે માનવી તથા લગભગ તમામ અન્ય પ્રાણીઓને જીવનભરના આહારમાંથી મોટાભાગનો આહાર વનસ્પતિજગત પૂરો પાડે છે, જે તે હવા અને જમીનમાંથી સૂર્યપ્રકાશના સહારાથી બનાવે છે. પૃથ્વી ઉપર ઉપલબ્ધ બધા જ પ્રકારનો આહાર, ઔષધિઓ અને દવાઓ કે જેના થકી મનુષ્ય તંદુરસ્ત રહી જીવન જીવી શકે છે, તે આપણને આ પ્રકાશસંશ્લેષણ નામની અદ્‌ભુત પ્રક્રિયાના કારણે ઉપલબ્ધ બને છે. ચરબી-તેલ, સ્ટાર્ચ, સેલ્યુલોઝ, મીણ—તે તમામ શર્કરા દ્વારા ઉત્પન્ન થાય છે. મનુષ્યને પોતાના 'ઘોડિયા'થી શરૂ કરી 'કોફિન' સુધી પોતાનાં આશ્રય, કપડાં, બળતણ અને જરૂરી બધી જ વસ્તુઓ માટે વનસ્પતિ પર જ આધાર રાખવાનો થાય છે.

પ્રાચીન કાળના ભારતીય વેદોમાં આવી વનસ્પતિઓના પ્રદાનનું એક જીવંત દેવતારૂપી સ્વરૂપનું ગાન કરાયું છે. પરંતુ પછીનો લાંબો સમય વનસ્પતિ એક ભૌતિક જડ પદાર્થ મનાતી રહી. તે પછી સર્વ પ્રથમ વનસ્પતિમાં પણ આપણા જ જેવો જીવ અને પ્રાથમિક લાગણીઓ હોવાનું સિદ્ધ કરી આપનાર આધુનિક વૈજ્ઞાનિક ઋષિ મનીષી શ્રી જગદીશચંદ્ર બોઝ હતા. આ બધા પછી પણ આપણે ક્યારેય ઘડી બે ઘડી નિરાંતવો ગાળો લઈ છોડવા-ઝાડવા-વેલાની નજદીક જઈ, એની પવનમાં ઝૂલતી ડાળીઓ, હવામાં ફરફરતાં એનાં પાંદડાં, અરે! એ પાન ઉપર ઝિલાતો સૂર્યપ્રકાશ, પાનના બદલાતા રંગો, ફૂલોમાંથી મહોરતી મંદ મંદ સુગંધ, અને એના પર લટ્ટુ બનેલાં રંગબેરંગી પતંગિયાની હરફર વગેરે હરકતો ધ્યાનથી નીરખવા અને જોવા-સમજવાની તસ્દી લીધી છે, ક્યારેય?

શું, વનસ્પતિમાં બુદ્ધિ હોય?

અમારા ઘરના આંગણાંમાં 'લજામણી'નો એક છોડવો છે. એના પાંદડાને જરાક અમસ્થું અડકીએ કે તરત જ પાંદડાં બધાં સંકેલાઈ જઈ ભેળાં થઈ જાય; એ તો ઠીક, પણ તેની એ પાંદડાવાળી આખી તીરખી નીચેની બાજુ એવી રીતે ઢળી જાય કે આપણને એમ થઈ જાય કે અરે, અરે! આ શું થઈ ગયું? મેં એનું બરાબર નિરીક્ષણ કરી ધ્યાન રાખ્યું છે કે જ્યારે કોઈ કીડા-મકોડા કે કીટક તેના પર ચડે ત્યારે તરત જ તેની ડાળી વળી જાય છે અને પાંદડાં સંકોડાઈ જાય છે, એટલે હુમલાખોર મોટે ભાગે તો નીચે પડી જાય છે, અગર તો લજામણીના આવા અણધાર્યા હલનચલનથી ડરી જઈ નીચે ઊતરી જાય છે. દુશ્મનોથી બચવા તેને કેવી તરકીબ આવડે છે, તમે જ કહો! અને મેં બરાબર ધ્યાન રાખીને એ પણ જોયું છે કે થોડા સમય પછી જ્યારે એને લાગે કે હુમલો કરનાર દૂર હટી ગયું છે, જોખમ ટળી ગયું છે, ત્યારે તીરખી ટટ્ટાર કરી દઈ, પાંદડાં ખુલ્લાં કરી વળી પૂર્ણ રીતે ખીલી ઊઠે છે. લજામણીના આવા વર્તન ઉપરથી એવું સો ટકા સિદ્ધ થઈ શકે છે કે વનસ્પતિના છોડવા જ્ઞાનેન્દ્રિય ધરાવવા ઉપરાંત બુદ્ધિ પણ ધરાવે છે. તમે જુઓ, સૂર્યમુખીના પૂર્વ દિશા તરફ મોઢું રાખી ખીલતાં ફૂલ પણ આ જ વાતની શાખ પૂરે છે ને?

મારે પૂછવું છે કે રાત દિવસ હું અને તમે—આપણે સૌ ખેડૂતોએ આ વનસ્પતિની જ વચ્ચે વસીને રોટલો રળવાની મહેનત આદરી છે કે તેને કયું ખાતર કેટલા પ્રમાણમાં દેવું? પિયત કેટલું અને ક્યારે આપવું? અને છોડવો માંદો પડે કે એને કોઈ જીવડાં કનડે ત્યારે કેવાં કેવાં ઝેર છાંટવાં? આવી બે ચાર મુખ્ય મુખ્ય બાબતોનો પણ પૂરો અને સાચો ખ્યાલ ન હોય ત્યાં આ વનસ્પતિ એટલે એ છે કોણ? તેની કેવી કેવી તાકાત છે? અને એને જરૂરિયાત

ઊભી થયે તે કેવી વિશિષ્ઠ ત્રેવડ દેખાડી શકે છે? અરે! કપરા સંજોગોમાં પણ આપણા માટે થઈને ટકી રહેવા કેવી રીતે મોત સામે ઝઝૂમતી રહે છે? અને કહોને તેની કેવી રહસ્યમયી જિંદગી છે તેની ઊંડી ઓળખ-ખરો પરિચય પામવાની મહેનત લીધી છે, ક્યારેય?

આપણા ખેડૂતોનો વ્યવસાય એટલે 'ખેતી'. અને આ ખેતી વ્યવસાય વનસ્પતિના કંધોલે આપણે બેઠેલા હોવાથી, એના વિષે જેટલી ઊંડી સમજણ હોય એટલા એની ગોવાળી કરવામાં વધુ વ્યવસ્થિત થઈ શકીએ. અને પરિણામે આપણા ખેતીપાકો પણ આપણા તરફથી કરાયેલ સેવા-ચાકરીનો એટલો જ ઉત્તમ અને સવાયો બદલો વાળી શકે, હો મિત્રો!

શું, આપણે એવું ક્યારેય વિચાર્યું છે કે આપણી વાડીનાં ઝાડવાં ઊગમણી દિશા તરફ જ કેમ વધુ નમેલાં અને વધુ વિકસેલાં જોવા મળે છે? કારણ છે એનું મિત્રો, કે ઝાડવાંઓને બરાબરની ખબર છે કે આથમણી દિશા તરફથી તો મોટાભાગે સખત પવનના આંચકા અને ઉનાળા વખતે ગરમાગરમ લૂનો જ મારો સહેવાનો હોય એ બાજુ જવાથી શું મળે? જે દિશા તરફથી જીવનદાતા એવા કૂણાકૂણા સૂર્યપ્રકાશને પેટભરીને પી લેવાની શરૂઆત થવાની હોય એ બાજુ જ આગળ ફેલાવાય ને!

શું, છોડવાઓ દેખી શકતા હશે? વનસ્પતિવિજ્ઞાની ફ્રાંસના મત મુજબ પાનનું ધ્રૂજવું, ડાળીનું વળવું અને મૂળનું આગળ વધવું જેવા કેટલાય પ્રકારના હલનચલનમાં છોડવાઓ સતત રોકાયેલા જ હોય છે. ખરું કહીએ તો કોઈ પણ વનસ્પતિ હલનચલન વગરની હોતી જ નથી. અમુક વેલાઓને આગળના ભાગે લાગેલા તંતુઓના અભ્યાસ પરથી માલુમ પડ્યું છે કે તેની આસપાસની એક ફૂટની ત્રિજ્યાના વર્તુળમાં તે અંદાજે ૬૦-૭૦ મિનિટ સુધી આધાર શોધવા ફરે છે અને જ્યારે આવો કોઈ આધાર મળી જાય ત્યારે ફક્ત અર્ધી-પોણી મિનિટમાં જ તેની ફરતે ગોળ ગોળ વિંટળાઈ જાય છે અને એકાદ કલાકમાં તો એવી સજ્જડ રીતે ચોંટી જાય છે કે તેને તોડીને છૂટું પાડવાનું પણ મુશ્કેલ પડે છે. ઊંચે ચડતી વેલીને આધારની જરૂર પડતી હોવાથી તે સૌથી નજદીકના આધાર તરફ સરકતી હોય છે, ક્યારેક અખતરો કરી જોજો. એ આધારને ખસેડી લેજો અને પછી નીરખજો કે હવે શું થાય છે? બસ, થોડા કલાકોમાં જ તમે જોઈ શકશો કે તેની સરકવાની દિશા બદલી ગયેલી હશે! એટલે આપણને સહેજે પ્રશ્ન થવાનો કે છોડવાને આપણી જેમ જોવા માટેની આંખો તો નથી, છતાં શું છોડવાઓ થોડે છેટે મળી શકનાર આધારને જોઈ શકતા હશે? અગર તો અનુભવી શકતા હશે? હા, આવો કોઈ આધાર ન હોય એ દિશાને તે નજર અંદાજ કરે છે, એ જ એનો પૂરાવો છે કે છોડવા તેની આંતઃચક્ષુથી જોયા-તપાસ્યા પછી જ કઈ બાજુ આગળ વધવું તેનો નિર્ણય લેતા ભળાય છે.

શું, વનસ્પતિ એકબીજા સાથે સંવાદ કરી શકે? લાંપડાથી માંડી વડલા સુધીની વનસ્પતિઓનાં રસોડાં ભલે એનાં પાંદડાં ગણાય, પણ ધરતીમાંથી જમીનરસ ચૂસનારાં તો એના આધારમૂળને છેડે લાગેલાં તંતુમૂળો જ ગણાય ને? અત્યાર સુધીમાં કોઈએ વૃક્ષના મૂળની ગણતરી કરેલ નથી. પરંતુ 'રાય'(એક પ્રકારની વનસ્પતિ)નાં મૂળિયાંની ગણતરી કરતાં એવું અંદાજવામાં આવ્યું છે કે આ છોડને ૧૩૦ લાખ જેટલાં તંતુમૂળો છે. જેની સમગ્ર લંબાઈ ૩૦૦ માઈલ જેટલી હશે અને તંતુમૂળોની ઉપર પાછા સૂક્ષ્મવાળ હોય છે, જેની સંખ્યા અંદાજે ૧૪૦૦૦ લાખ અને લંબાઈ માઈલોના માઈલો જેટલી-એટલે કે અંદાજે પૃથ્વીના એક-ઉત્તર ધ્રુવથી બીજા-દક્ષિણધ્રુવ સુધીની હશે.

વનસ્પતિજગતની અજાયબી બાબતેના થયેલા એક અભ્યાસમાં એવું જાણવા મળ્યું છે કે મૂળિયાંને છેડે આવેલાં તંતુમૂળો પાતળા દોરાના સ્વરૂપે જમીનમાં સતત આગળ વધતાં હોય છે ત્યારે જમીનમાં આસપાસ અને ઊંડે

**'રાય'(એક પ્રકારની વનસ્પતિ)નાં મૂળિયાંની ગણતરી કરતાં એવું અંદાજવામાં આવ્યું છે કે આ છોડને ૧૩૦ લાખ જેટલાં તંતુમૂળો છે. જેની સમગ્ર લંબાઈ ૩૦૦ માઈલ જેટલી હશે...**

ઊતરી જમીનનો આસ્વાદ માણતા હોય છે અને પોતાને ભાવતો સ્વાદ ભાળી જાય તો ઓર જોર લગાવી ચૂસવા લાગી જાય છે. આગળ વધતાં જો જમીન સૂકી આવી જાય તો ત્યાં આગળ વધવાનું બંધ રાખી, જે બાજુ ભેજ ભળાતો હોય તે બાજુ આગળ વધવાનું શરૂ કરે છે. આગળ જણાવતાં સંશોધન તો એમ કહે છે કે પાણી વગર પીડાતું વૃક્ષ પાડોશી છોડને ઓછા પાણીએ જીવવાની તૈયારી કરવાનો સંકેત આપે છે-આ મૂળિયાં આવી ક્ષમતા પણ ધરાવે છે, બોલો! આના ઉપરથી એ વાત પણ સિદ્ધ થાય છે ને કે છોડવા એકબીજાની સાથે સંવાદ પણ કરી શકે છે.

વનસ્પતિ ગંધ-સુગંધ સૂંઘી પણ શકે? તેલઅવિવ યુનિવર્સિટીમાના સેન્ટર ફોર બાયોસાયન્સિસના ડિરેક્ટર ડેનિયલનું તો એવું કહેવાનું છે કે છોડવા જોઈ-સૂંઘી અને અનુભૂતિ પણ કરી શકે છે અને જોખમી સ્થિતિમાં પોતાનો બચાવ કરવાની પણ મહેનત કરે છે અને આગળ કહીએ તો વનસ્પતિ યાદશક્તિ પણ ધરાવે છે. ઉપરાંત પાડોશી છોડ કે ઝાડને ચેતવણી પણ આપે છે.

તમે ક્યારેક આ પ્રયોગ કરી જોજો! એક પાકેલા ફળને બીજા વનપક ફળો સાથે મૂકી જોજો! કાચાં ફળોના સહવાસમાં પાકું ફળ મૂકવાથી કાચાં ફળો જલ્દીથી પાકી જશે! કારણ કે પાકેલા ફળમાંથી ઈથેલીન હોર્મોન છૂટું પડે છે જેની ગંધ બાજુમાં રહેલાં કાચાં ફળો સૂંઘે છે અને તેમાં પણ પાકવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. એનો અર્થ એવો જ થયો ને કે વનસ્પતિ આસપાસમાં પ્રસરતી ગંધ-સુગંધ સૂંઘી પણ શકે છે. સંગ સદ્‌ગુણોનો કરવો એવી માણસોને ઓછી, એને પૂરી ખબર છે.

સંવેદનાની અનુભૂતિ અને સાંભળવાનો પ્રતિસાદ: પ્રયોગો ઉપરથી માલુમ પડેલ છે કે આપણાં કાનને અશ્રાવ્ય એવા અવાજ અને આપણી દૃષ્ટિને ન દેખાય તેવા રંગોને ઓળખી શકવા વનસ્પતિ શક્તિમાન છે. અમેરિકાના એક વૈજ્ઞાનિકે 'બેકસ્ટરે પોલીગ્રાફલાઈ ડિરેક્ટર' નામના સાધનનો ઉપયોગ કરી તેના છેડા અમૂક ચોક્કસ છોડનાં પાંદડાંઓ સાથે જોડીને તે છોડવાના અન્ય પાંદડાંને શરૂઆતમાં પાણીમાં ઉકાળવાનો અને ત્યારબાદ પાંદડાંને બાળવાનો પ્રયોગ કરતાં આ છોડવે ચોક્કસ પ્રકારની સંવેદનાનું દર્શન કરાવેલું અને એ સિદ્ધ થયેલું કે છોડવાઓને ચોક્કસ પ્રકારની સંવેદના હોય છે.

આજના વિકસતા વિજ્ઞાનની ભેર લઈ કેટલીક આદર્શ ગૌશાળાઓમાં જેમ દૂધ-દોહન સમયે સુમધુર સંગીત સંભળાવી, ગાયોને સંગીતના સૂરમાં તરબતર કરી, તેની પ્રસન્નતાનો લાભ દૂધઉત્પાદન બાબતે લેવાઈ રહ્યો છે એ જ રીતે એક એવું અનુમાન વનસ્પતિ વિજ્ઞાનીઓએ લગાવ્યું છે કે રૂમમાં રહેલા છોડને શાસ્ત્રીય સંગીત સંભળાવવામાં આવે તો તેની વધવાની ગતિમાં ઝડપ આવી શકે છે. વનસ્પતિ અવાજ અને કંપનનો પ્રતિસાદ આપે છે. બેંગ્લોરની યોગા ઇન્સ્ટિટ્યૂટે જણાવ્યું છે કે શ્લોક સંભળાવતા ઘઉંનો પાક ઝડપથી વૃદ્ધિ પામે છે.

(પંચવટીબાગ,માલપરા જિ.બોટાદ )

મારા છોકરાને ભણાવવા એક શિક્ષક આવતા હતા. એક દિવસ એ કહે, 'તમે પગાર નહીં વધારો, તો કાલથી હું ભણાવવા નહીં આવું.'

બીજે દિવસે એ ન આવ્યા એટલે છોકરો પૂછવા લાગ્યો કે શિક્ષક કેમ નથી આવ્યા. મેં કહ્યું, 'એ આજથી હડતાળ પર ઊતર્યા છે.'

છોકરો તો પહોંચ્યો શિક્ષકને ઘેર. અને પાછો આવીને મને કહેવા લાગ્યો કે, 'કાં? તમે તો કહેતા હતા ને કે શિક્ષક હડતાળ પર ઊતર્યા છે? પણ એ તો એના છોકરાને ભણાવતા હતા. તો પછી મને કેમ નથી ભણાવતા?'

શિક્ષક હડતાળ પાડી શકે છે, બાપ હડતાળ નથી પાડી શકતો.

બીજાઓની હડતાળમાં ને શિક્ષકની હડતાળમાં એ અંતર હોવું જોઈએ કે શિક્ષક કહેશે કે, હું પગાર છોડી શકીશ — કામ નહીં છોડું!'

- દાદા ધર્માધિકારી

## ૦૫. અભિવ્યક્તિ

**અજ્ઞાતની યાત્રા**

મોરારિબાપુ, સંકલનઃ જયદેવ માંકડ

---

ચાર મિત્રો હતા. એ ચારેય જણા એક વખત રણપ્રદેશમાં યાત્રાએ જવા નીકળ્યા. ચારેયની પાસે એક એક થેલી હતી. રણની યાત્રા હતી એટલે દિવસે તાપમાં યાત્રા થાય નહીં તેથી રાતે યાત્રા કરે ને દિવસે ક્યાંક છાંયડો મળી જાય તો રોકાઈ જાય. એમની યાત્રા અંતિમ પડાવ તરફ હતી. કહે છે કે ચારે જણા ચાલ્યા જતા હતા, ત્યાં આકાશવાણી થઈ. ગેબમાંથી અવાજ આવ્યો કે 'તમે જે જગ્યાએ ચાલો છો ત્યાં જ ઊભા રહી જાઓ, એ અમારો આદેશ છે અને એક પણ ડગલું આગળ ચાલ્યા છો તો મૃત્યુ થશે.' ચારે જણા અટકી ગયા. અજાણ્યો પ્રદેશ, અગમ પંથ છે, કોણ બોલે છે, શું છે તે ખબર નથી, વ્યક્તિ દેખાતી નથી અને મૃત્યુની ધમકી આપી છે.

ત્યાં બીજો અવાજ આવ્યો કે 'જે જગ્યાએ ઊભા છો ત્યાં તમે ચારે જણા ઝૂકી જાઓ, નમી જાઓ. જો અમારા આદેશ પાળવામાં વિલંબ કર્યો છે તો મોત!' ચારે જણા નમી ગયા. ત્યાં ત્રીજો અવાજ આવ્યો. 'રાત્રિના અંધારામાં તમે જ્યાં ઊભા છો ત્યાંથી નીચા નમી, જે કંઈ તમારા હાથમાં આવે, તે લઈને તમારી થેલીમાં નાખી દો.' બધા જે કંઈ હાથમાં આવે તે લઈને થેલીમાં નાંખવા માંડ્યા.

ચોથો આદેશ થયો કે હવે ઊભા થઈ જાઓ. પાંચમો આદેશ થયો કે બધા હવે યાત્રા શરૂ કરો. છઠ્ઠો આદેશ થયો કે સૂર્યોદય થાય એ પહેલાં કોઈ ઝોળીમાં જોશો નહીં, નહીંતર મોત થશે. પેલા લોકો વિચાર કરે કે આ કઈ જાતનો આદેશ? થેલીમાં નજર કરવાની ઉત્કંઠા વધતી જતી હતી પણ સામે મોતની બીક લાગતી હતી એટલે હવે સ્વીકાર્યા વગર છૂટકો નહોતો. આ ગેબી અવાજ એટલો અસરકારક અને આદેશાત્મક હતો કે માન્યા વિના છૂટકો જ નહોતો. છેલ્લો આદેશ એવો આવ્યો કે સવાર પડશે ત્યારે તમે થેલી ખોલીને જોશો, તો તમે સુખી પણ હશો, દુઃખી પણ હશો. જેટલા સુખી, એટલા જ દુઃખી હશો. બધા વિચાર કરે કે આ બધું કંઈ વિચિત્ર છે. પણ ખેર, સવાર પડે ત્યારે જોઈશું. ત્યાં સુધી તો જોવાની મનાઈ છે.

યાત્રા શરૂ કરે છે, સૂર્યોદય થયો ત્યારે જોયું તો અજ્ઞાત્ અવાજ પ્રમાણે દુઃખી પણ એટલા થયા, સુખી પણ એટલા થયા, કારણ? ઝોળી ખોલીને જોયું તો ખ્યાલ આવ્યો કે રાત્રિએ જે નીચા નમીને બધું ભર્યું તે કાંકરા ને માટી નહોતા, પણ મણિઓ હતા-રત્નો હતા. હવે આ રત્નો છે, એ જોયું તો સુખી થઈ ગયા કે આપણે યાત્રાએ નીકળેલાં, આપણને સોનાના સિક્કાઓ, રત્નો, મણિઓ મળી ગયા, અને દુઃખી એટલા માટે થયાં કે આ રત્નો હતાં, એવી ખબર હોત તો થોડાં વધુ ભેગાં કરી લીધા હોત.

બાપ! મારી ને તમારી આ જીવનની અજ્ઞાતની યાત્રા છે. અંતિમ પડાવ ક્યારે આવશે એ ખબર નથી. કોઈ આદેશ આપે છે, સૂચવે પણ છે એથી જીવનની ઝોળીમાં હરિનામરૂપી રત્નો ખૂબ નાંખો. ક્યારેક પછી એમ ન થાય કે અમે ઓછા હરિનામ કેમ લીધાં? માટે ખૂબ હરિનામ જપો. કળિયુગમાં ભક્તિ કરીએ, ઉપાસના કરીએ તો દંભ આવી જાય. જ્ઞાન અખંડ રહેતું નથી, કર્મની કુશળતા પૂર્ણ માત્રામાં પ્રાપ્ત કરી શકતા નથી, તેથી ગોસ્વામીજી કહે છે કે રામનામ એક માત્ર અવલંબન છે. યજ્ઞ કરી શકે એ જરૂર કરે. લાંબી પૂજાઓ કરી શકે એ કરે, પણ હરિનામ સર્વસુલભ છે. કેવળ હરિનામ પર્યાપ્ત છે. રામનામ કળિયુગમાં અભિમત દાતા છે. ભાવથી, કુભાવથી કોઈપણ રીતે લો તો દશે દિશામાં મંગલ થશે. આપણે કુભાવથી લઈશું, તો કદાચ આપણને એટલો બધો આનંદ ન થાય, દિશા તો પવિત્ર થશે. માટે ખૂબ હરિનામ લો. (jaydevmankad@gmail.com)

## 'સૌ સૌના કર્ણ': દર્શક વ્યાખ્યાનમાળા-મણકો ૧૮

મધુસુદન કાપડિયા

---

(ગતાંકથી ચાલુ)

**યજ્ઞેશ દવેઃ**

યજ્ઞેશ દવે આધુનિક કવિ છે, એટલે એમનો થોડો પરિચય આપવો જોઈએ. તમે સૌ એમનાં કાવ્યોથી પરિચિત નહીં હો એવો મને ભય છે. આ એક વિલક્ષણ કવિ છે. એમનું સામર્થ્ય છે દીર્ઘકાવ્યો. તેમણે થોડાં લઘુકાવ્યો લખ્યાં છે, લઘુકાવ્યોનો એક કાવ્યસંગ્રહ પણ પ્રગટ કર્યો છે. પરંતુ દીર્ઘકાવ્યોમાં એમનું કવિત્વ નીખરી આવે છે. હું માત્ર એક નમૂના તરીકે એમના એક દીર્ઘકાવ્યનો થોડોક પરિચય આપું. કાવ્યનું શીર્ષક છે 'હેલો'. આ 'હેલો', લોકગીતનું એક સ્વરૂપ છે; પણ આધુનિક કવિઓએ લોકગીતનું આ સ્વરૂપ લઈને આધુનિક હેલોકાવ્યો લખ્યાં છે. યજ્ઞેશ દવેનું 'હેલો' પણ આધુનિક કાવ્ય છે. એની શરૂઆત તો કવિ લોકગીતના મુખડાથી જ કરે છેઃ

એ રણુજાના રાજા, અજમલજીના બેટા,
વીરમદેવના વીરા, રાણી નેતલના ભરથાર
મારો હેલો સાંભળો હો... હો જી

અહા, આનું નામ કવિ. ક્યાં લોકગીતનો તળપદો શબ્દ 'હેલો' અને ક્યાં બિલકુલ આધુનિક અને તેય અંગ્રેજી શબ્દ 'હેલ્લો'. આ બેનું juxtaposition, આ બન્ને શબ્દોની સહોપસ્થિતિ તે જ કાવ્યત્વ. અને કવિ આ 'હેલ્લો'નું સંબોધન કોને કરે છે? ઉપરવાળાને. ઠીક ઠીક બોલચાલની ભાષામાં આ કાવ્ય લખાયું છે. કવિની શક્તિ છે સંદર્ભસમૃદ્ધિની. જુઓ આ થોડી પંક્તિઓઃ

*શુકનવંતા સાથિયે તો આંગણામાંથી ઊડી સ્વસ્તિક થઈ કાળો કેર વર્તાવ્યો કાળો કેર,*

*ક્રોડ ક્રોડ થર થર ધરુઈજા, ફૂંકાયા ગૂંગળાયા ને ધરબાયા Hitlar – Jews - German સંકેલાઈ ગ્યાં જ દાતરડું ને હથોડો Stalin - Rassia - Communist*

*હવે તો અવનવા એકાવન તારલાવાળી ધજા ધસમસે છે અમેરિકા દળકટક લઈ*

*આખરે તો ઈયે ધજા નંઈ?*
*સંકેલાઈ જશે કો'ક દિ*
*એવી ધાવણી ધરપત તો આપ મારા બાપ...*

બસ આટલો સ્વાદ પર્યાપ્ત છે. હું કર્ણ તરફ વળું.

'કર્ણ', 'અશ્વત્થામા', 'કૃષ્ણ'માં યજ્ઞેશની કવિતાનું નવું પ્રસ્થાન છે. પહેલી જ વાર કવિના અવાજને બદલે ત્રીજો અવાજ યજ્ઞેશની કવિતામાં પ્રગટ થયો. કવિને બદલે કવિનાં પાત્રો બોલતાં થયાં.

શું 'કર્ણ' કાવ્યની શરૂઆત છેઃ

*હું કોણ?*
*હું કર્ણ!*
*પણ કોણ કર્ણ?*

અને યજ્ઞેશની પેલી juxtapositionની, સહોપસ્થિતિની શબ્દલીલા-

*સૂતપુત્ર કે સૂર્યપુત્ર?*
*રાધાપુત્ર કે કુંતીપુત્ર?*

આ પહેલિકા, આ રહસ્ય કર્ણના દિવસોને ઉદ્વિગ્ન અને એની રાત્રિઓને અનિદ્ર રાખે છે. માત્ર કુંતીમાતા સામે જ એને ફરિયાદ નથી, પિતા સૂર્ય સામે પણ એની ફરિયાદ છેઃ

*પિતા સૂર્ય ઉજાળે બધું જ*
*વનશ્રી, ઘેરી ઉપત્યકાઓ –*

ઉપત્યકાનો કોઈ ઈંગ્લિશ equivalent શબ્દ નથી,

સંસ્કૃતમાં પણ સમાનાર્થી બીજો શબ્દ નથી. ઉપત્યકા એટલે સપાટ જમીન પૂરી થાય અને ટેકરી-પર્વત શરૂ થાય એ સપાટ જમીનનો પ્રદેશ.

*ઉજાળે ક્યારેક તો અંધારી ગુફાના અવાવરુ ખૂણાને પણ.*

*તો મને જ કાં પ્રજાળે અંધકારમાં?*

પ્રજાળે એટલે અલબત્ત બાળે, પણ પ્રજાળે શબ્દમાં પ્રકાશનો પણ સંસ્કાર છે.

*પૂતા પૂષન પોષે સમસ્ત ઉદભિન્ન પ્રાણિજ સૃષ્ટિને*

આ પૂતા શબ્દના અર્થને કેવી રીતે સમજાવવો? તમે જો મનુસ્મૃતિની આ ઉક્તિથી પરિચિત હો – દૃષ્ટિપૂતે ન્યસેત પાદમ – દૃષ્ટિથી પૂત – પવિત્ર, શુદ્ધ થયેલું પગલું. પૂષન તો શુદ્ધ સંસ્કૃત શબ્દ છે. પૂષન એટલે સૂર્ય.

*પૂતા પૂષન પોષે સમસ્ત ઉદભિન્ન પ્રાણીજ સૃષ્ટિને*
*તો મને જ કાં શોષે આખુંય જીવન?*

પૂતા, પૂષન, પોષે, પ્રાણીજમાં વર્ણાનુપ્રાસ અને પોષે/શોષેનો આંતરપ્રાસ કવિની શબ્દશક્તિનો નમૂનો છે. અને કવિ કહે છે તેમ અત્યારે આ પળે પણ કર્ણ એ જ કાષ્ઠમંજૂષામાં તણાવાનો અનુભવ કરે છે:

*હું કોઈ નિર્જન નદીને કાંઠે*
*કોઈ સાંધ્યવેળાએ પિતા અધિરથને*
*પેટીમાં તરતો મળેલો – ઉમેરે છે–તરછોડાયેલો*
*અને જુઓ એનો જીવનભર અભિશાપ*
*આજેય તણાઉં છું કાયાકાષ્ઠની મંજૂષામાં*
*એક અનાથ બાળક લઈને*

પુરુષાર્થથી કર્ણ વીરપુરુષ બને છે, સેનાપતિપદ પામે છે, પણ -

*હું ફેંકું તીરો, તોમરો, શક્તિઓ સહસ્ર*
*ઊંચકું દસેય દિગ્ગજોને એક બાવડે*
*વીંધું આઠ આઠ અશ્વોને એક સાથે*
*પણ બાંધી ન શક્યો એ કામિનીને એક દૃઢ આશ્લેષમાં*

દ્રૌપદીસ્વયંવરમાં કર્ણ જરૂર નિશાન વીંધી શક્યો હોત પણ હજી એ તીર ચલાવે એ પહેલાં દ્રૌપદી મોટેથી બોલે છે: નાહં વરામિ સૂતમ – હું સૂત જાતિના પુરુષનું વરણ નહીં કરું. આ ઘોર અવમાનના અસહ્ય હતી. મહાભારત યુગનું આ મહાન કલંક હતું.

આ પણ કર્ણને આયુષ્યભર પીડે છે. કર્ણ તેના સમગ્ર જીવનનું સરવૈયું કાઢે છે:

*નારીનાં જ બે રૂપ*
*પામીએ જેમાં આપણે આપણું સ્વરૂપ*
*જનની અને માનુની*

અહા, કવિ દ્રૌપદી માટે કેવો ઉચિત શબ્દ યોજે છે, માનુની! એક તેજસ્વિની, ઓજસ્વિની, મનસ્વિની સ્ત્રી.

કાવ્યનો અંત પણ વિષાદપૂર્ણ છે. કર્ણ એના ભાવિને જ જાણે સામે ચાલીને માગી લે છે. જન્મમરણ, જયપરાજય, માનઅપમાન, વરદાન કે શાપ બધાથી હવે એ પર છે. યજ્ઞેશ દવેએ કાવ્યનો જે અંત આણ્યો છે તે મને રામાયણમાં સીતાના અંતની યાદ અપાવે છે. કર્ણની જે અવમાનના થઈ છે તેવી જ સીતાની પણ થઈ છે. રામચંદ્ર સીતાને જે શબ્દો કહે છે તે અસહ્ય છે: રામ તો કહે છે કે તને બચાવવા માટે મેં રાવણ સાથે યુદ્ધ નહોતું કર્યું, મેં તો મારી પ્રતિષ્ઠા અને કીર્તિ માટે કર્યું હતું. અને પછી તો કાનના કીડા ખરે એવા અભદ્ર રામના શબ્દો છે. રામ સીતાને કહે છે કે તું રાવણના સંપર્કમાં આટલો સમય રહી માટે અપવિત્ર છે. મારે તારી જરૂર નથી. તારે લક્ષ્મણની જોડે રહેવું હોય કે વિભીષણની જોડે રહેવું હોય તો રહી શકે છે. આવા શબ્દો સાંભળ્યા પછી સીતાને માટે આપઘાત કરવા સિવાય બીજો શો વિકલ્પ હોય. અલબત્ત, વાલ્મીકિ તેને પૃથ્વી માર્ગ આપે છે એવો કાવ્યાત્મક પ્રયોગ કરે છે.

*યથાહં રાઘવાપ્યન્યં મનસાપિ ન ચિન્તયે ।*
*તથા મે માધવી દેવી વિવરંદાતુમર્હતિ ॥*

હું રામ સિવાયના કોઈ અન્ય પુરુષનું મનથી પણ ચિંતન નથી કરતી. જો આ વાત સત્ય હોય તો ભગવતી પૃથ્વીદેવી મને પોતાની ગોદમાં સમાવી લે.

*મનસા કર્મણા વાચા યથા રામ સમર્ચયે ।*
*તથા મે માધવી દેવી વિવરંદાતુમર્હતિ ॥*

જો હું મન, કર્મ અને વચનથી કેવળ રામની જ આરાધના કરતી હોઉં તો ભગવતી પૃથ્વીદેવી મને પોતાની ગોદમાં સમાવી લે.

*યથૈતત સત્યમુક્તં મે વેદ્મિ રામાત પરં ન ચ ।*
*તથા મે માધવી દેવી વિવરંદાતુમર્હતિ ॥*

રામ સિવાયના અન્ય પુરુષને હું જાણતી નથી. જો મારી આ વાતમાં સત્ય હોય તો ભગવતી પૃથ્વીદેવી મને પોતાની ગોદમાં સમાવી લે.

યજ્ઞેશ દવેનો કર્ણ પણ અંતે સૂર્ય પાસે હંમેશ માટે અંધકારના ગર્ભમાં રહેવાની પ્રાર્થના કરે છે.

*જ્યાં કોઈ નથી કરતું રાજ્યાભિષેક*
*જ્યાં કોઈ નથી કરતું પદચ્યુત*
*ભલે સરી જવા દો સર્વ વિદ્યા* (પરશુરામનો શાપ યાદ કરે છે)
*-તે તો અવિદ્યા*
*ભલે ગળવા દો રથનું ચક્ર ભૂમિમાં* (બ્રાહ્મણનો શાપ)
*ડૂબી જવા દો પૃથ્વી મારી આંખમાં*
*ડૂબી જવા દો નદીતટે ઊગતાં પ્રભાતો* (જ્યાં એ નિત્ય સૂર્યનમસ્કાર કરતો)
*હસ્તિનાપુરના પ્રાસાદો,*
*કામિનીની કાયાનાં કિલ્લાઓ,*
*સ્તનનાં ખંડેરો*
*...*
*પિતા સૂર્ય, રહેવા દો મને અંધકારના ગર્ભમાં જ*

**'કર્ણ-કૃષ્ણ' - ઉમાશંકર**

મહાભારતનું ભાવિ યુદ્ધ રોકવા કૃષ્ણની વિષ્ટિના પ્રયત્નો નિષ્ફળ જાય છે. હસ્તિનાપુર છોડી જતાં પહેલાં એક છેલ્લા પાસા તરીકે કૃષ્ણ કર્ણને સમજાવવા પોતાના રથમાં બેસાડે છે. ઉમાશંકરે આ પ્રસંગને તેમના 'કર્ણ-કૃષ્ણ' પદ્યરૂપકમાં નિરૂપ્યો છે. દર્શકે તેનો ઉત્કૃષ્ટ આસ્વાદ કરાવ્યો છે. આપણે આ સંવાદમાં કૃષ્ણનું ચાતુર્ય, કર્ણની ઉદાત્તતા અને અલબત્ત ઉમાશંકરની કાવ્યાત્મકતા જોઈશું. દર્શક એમના આસ્વાદની શરૂઆતમાં એક સરસ વાત કરે છે કે શાસ્ત્રમાં કાર્યસિદ્ધિના ચાર ઉપાયો બતાવ્યા છે – સામ, દામ, દંડ અને ભેદ. સામ-સમજાવટ શ્રેષ્ઠ છે. પણ તેનાથી ન પતે તો બાકીના રસ્તા – ક્રમશઃ ઉતરતા રસ્તા લેવાતા હોય છે. કૃષ્ણ આ પ્રસંગે ચારે ઉપાયો અજમાવે છે. આપણે થોડીક વિગતો જોઈએ.

કૃષ્ણ ચતુરાઈથી કહે છે કે કર્ણ એમની જોડે જ આવે તો આતુરતાથી પ્રતીક્ષા કરતા પાંડવોની બેવડી ઇચ્છા ફળીભૂત થશે – હું સંધિ કરી શક્યો નથી તેથી તેમની યુદ્ધેચ્છા સંતોષાશે અને તારા આવવાથી ભાઈ-ભાઈની પ્રીતિ પણ સંતોષાશે.

*કારાગારે કૌરવોને પડેલ*
*ધનુર્ધરોમાં સહજે શિરોમણિ*
*શસ્ત્રે તેવો શાસ્ત્રમાંયે પ્રવીણ*
*કુંતીજાયો પાટવીપુત્ર કર્ણ*

શું કૃષ્ણની એટલે કે ઉમાશંકરની શબ્દપસંદગી છે, કુંતીજાયો કહીને કર્ણના જન્મના રહસ્યનો સ્ફોટ કરે છે અને પાટવીપુત્ર કહીને હસ્તિનાપુરનું રાજ્ય પણ ધરી દે છે.

કૃષ્ણ વાણીને ઉલ્લસિત કરે છે, પણ કર્ણ ઉલ્લસિત થવાને બદલે આક્રોશિત થાય છેઃ પાંડવોના વનવાસકાળે તેર-તેર વર્ષો અમે માતાપુત્ર હસ્તિનાપુરમાં જ રહ્યાં ત્યારે કુંતીને હું યાદ ન આવ્યો અને હવે યાદ આવ્યો? સ્વાર્થ વખતે સગપણ યાદ આવ્યું? પણ કૃષ્ણ બુદ્ધિ અને હૃદય બન્ને પખવાજની જેમ વગાડી શકે છે. કહે છે કે તારે જનનીમુખે લજ્જાભરી વીતેલી શોકકથા કહેવરાવવી હશે તો સહુ ભાઈઓના હિત માટે પોતાની કલંકગાથા તારી માતા તને જરૂર કહેશે. કર્ણને આ શબ્દો જરૂર સ્પર્શે છે તે એક વિરલ માતૃમહિમાસ્તોત્ર ઉચ્ચારે છે. જ્યારે શસ્ત્રપરીક્ષા વખતે મેં અર્જુનને આવાહન આપ્યું ત્યારે કૃપાચાર્યે કહ્યું કે રાજપુત્રો અન્યનું ગોત્ર જાણ્યા વિના દ્વંદ્વયુદ્ધ કરતાં નથી. દુર્યોધન

તત્કાળ કર્ણને અંગ દેશનું રાજ્યપદ આપે છે. પણ ત્યારે સ્ત્રીવર્ગમાંથી એક સાધ્વીની બેઉ આંખોમાંથી મારા પર અખંડ અભિષેક થતો જોયો. આવું વાત્સલ્ય મા વિના કોઈનું ન હોય. મારા રણ જેવા જીવનમાં સ્મૃતિની એ જ મીઠી વીરડી રહી છે: 'અનલ્પ રિદ્ધિ મુજ ક્ષુદ્ર આયુની ' દર્શક સરસ કૉમેન્ટ કરે છે કે ઊર્મિછલોછલ માતૃવંદના કરીને પણ કર્ણનું 'કેથાર્સિસ' પૂરું થયું નથી. એટલે એ ઉમેરે છે:

*પરંતુ, ધર્મજ્ઞ, પૃથામુખેથી*
*'છે કર્ણ કૌન્તેય' ન શબ્દ એવા*
*આચાર્યને એ સમયે ન મળ્યા; મળ્યા*
*હવે, હવે જ્યાં ડગલુંય પાછું*
*ક્યાં દેવું તે ન રહ્યું શોચવાનું*

આ ઉમાશંકરની કાવ્યાત્મકતા જોઈ? બે સાદા શબ્દો, બલકે એક જ શબ્દ 'હવે'નું આવર્તન, એમાં કેવી સ્થિતિ બદલાઈ જાય છે!

કૃષ્ણ કહે છે કે કુંતી સ્નેહઓથાર સહી જ શકી નહીં અને મૂર્છા પામી. સુભાગ્ય કે જીવી ગઈ તને અંગાધિરાજ થયેલો અને આજ ભારતરાજ થતો જોવા. કર્ણ આ ઊર્મિલતાથી મુક્ત થવા મથે છે:

*વાણી પ્રેરો કૃષ્ણ ના ભાવપૂર્ણ*
*સંસારની ઘોર કઠોર વાતે*
*સહ્યા જવું જે વિધિદત્ત કાંઈ*
*કાં ઊર્મિની અંજલિ વ્યર્થ પથ્થરે?*

કૃષ્ણ કહે છે કે એવું ન બોલ. તને બસ તને થયેલાં અપમાનો જ યાદ આવે છે. પણ તારી માતાની એ વખતની કારમી આત્મવેદના કેવી હશે તેનું સોણુંય આવતું નથી? એક નવજાત, સ્મિતસભર, સોહામણા પુત્રને નદીના વહેણમાં મૂકતી વખતે તેનું હૈયું કેટલું શીર્ણવિશીર્ણ થયું હશે! અને કૃષ્ણ ઉમેરે છે કે દ્રૌપદીવસ્ત્રાહરણ વખતે તું જ્યારે તેને 'તપ્યાં તેલ સમાં કુવાક્યો' સંભળાવતો હતો ત્યારે પણ યુધિષ્ઠિર તારી પર ગુસ્સે થઈ શકતા નહોતા. તારા પગ ઉપર નજર પડતાં એ પગ માતાના જેવા જ હતા એ જોતાં તેમનો ક્રોધ શમી જતો.

દ્રૌપદીને યાદ કરતાં જ કર્ણનો રોષાઅગ્નિ ભભૂકી ઊઠે છે:

*હા! દ્રૌપદી*
*પંચપતિ વરેલી*
*...*
*સૌભાગ્ય એ પંચવિધ પ્રશસ્ય*
*છો ભોગવે તે અભિજાત કન્યા*

આ 'અભિજાત' શબ્દમાં કેટલો વ્યંગ અને રોષ છે. સ્વયંવર વખતે ભરી રાજસભામાં દ્રૌપદીએ કર્ણનું અપમાન કરેલું: નાહં વરયામિ સુતમ—સુતકુળમાં જન્મેલા કોઈનું હું વરણ નહીં કરું. કર્ણ કહે છે:

*ઊખેળશો ના પડ ભૂતકાળનાં*
*સંકોરશો અગ્નિ ન માનહાનિનો*
*વેગે જઈ સન્મુખ તેડી લાવો*
*એ દ્રૌપદીજિત અભિજાત અર્જુન*
*યુદ્ધાંગણે કાલ જુએ ન કોણ*
*કુજાત કે કોણ વળી સુજાત*

આ 'દ્રૌપદીજિત' અને 'અભિજાત'માં પણ કેવો તીવ્ર રોષ અને કાતિલ કટાક્ષ છે! આજે આટલાં વર્ષે પણ દ્રૌપદીસ્વયંવરનું અપમાન કર્ણના હૃદયને કોરી નાખે છે.

પણ કૃષ્ણ હવે દામ ઉપર આવે છે - એવું કે જે લાલચને કર્ણ ઉવેખી જ ન શકે. કુંતી કે પાંચ પાંડવોની સંમતિ લીધા વિના જ કર્ણને કહે છે કે જેમ ભૂતકાળમાં કુંતીના વચનથી તેને આજ્ઞા માની પાંચે પાંડવોને પતિ તરીકે સ્વીકાર્યા તેમ પંચના અગ્રજ જ્યેષ્ઠ કર્ણને પણ એ 'સેવશે સુખે'. આ 'સેવશે સુખે' કેવું પ્રાકૃત પણ સાભિપ્રાય છે. પણ આ પ્રલોભનને પણ કર્ણ ખાળે છે કે આજે પત્ની, પુત્ર વગેરેમાં હૈયું એવું ગૂંચાઈ-ગૂંથાઈ ગયું છે કે એને ઉતરડી નાખવાનું શક્ય નથી. અને જુઓ ઉમાશંકર—માનવમનની નિર્બળતા — કર્ણ ઉમેરે છે:

*ને શક્ય એ હોય તથાપિ શોભે*

*ધર્મિષ્ઠને આપણને શું એવું?*

કૃષ્ણ હવે ભેદ શરૂ કરે છેઃ 'ભીષ્મ વિશે શું ધારે છે, મહારથી?' ચાહીને કૃષ્ણ 'મહારથી' શબ્દ વાપરે છે, કર્ણને બાળવા. તમે જાણો છો કે યુદ્ધારંભે દુર્યોધનને ભીષ્મ કૌરવોના પક્ષના મહારથીઓને ગણાવે છે પણ એમાં કર્ણને નથી ગણાવતા. દુર્યોધન નામ પાડીને મોંમાં આંગળા નાખીને બોલાવે છે ત્યારે ભીષ્મ કહે છે કે કર્ણને બહુ બહુ તો 'અર્ધરથી' કહી શકાય.

કર્ણ કહે છે

*એ શૌર્યના ધોધ સમાન ભીષ્મને*
*વીરત્વ તો મારું ઘણું ગમે છે*
*એ ક્ષાત્રના રક્ષકને પરંતુ*
*કુજન્મ મારો કપરો કઠે છે*

અને છેલ્લે દંડ. બસ હવે છૂટા પડવાનું આવ્યું. કૃષ્ણ કહે છે કે સારું, તો હવે યુદ્ધભોમે મળીશું. કર્ણઃ હા, યુદ્ધભોમે. કૃષ્ણ કહે છે કે ત્યાં કપટદ્યુત જેમ કપટપાસા નથી. ત્યાં તો 'પ્રત્યુત્તરો ત્યાં શરથી શરોના' કર્ણ વીરપુરુષની જેમ લલકારી ઊઠે છેઃ

*એ ભીતિ ના દંડની હોય કર્ણને,*
*એ ભીતિ? કે જીવનલ્હાણ ભવ્ય?*

યુદ્ધમાં અપજન્મનાં બધાં કલંકો ભુંસાઈ જશે ને શુચિ મૃત્યુસોયથી કુજન્મનો અંતર કોરનારો કાંટો નીકળી જશે. તે મૃત્યુ જ સૌને પ્રતીત કરાવશે

*કે હીન જન્મે નવ હીન માનવ*
*છે હીન કર્મે કરી હીન માનવ*
*સ્વયંવરે જીવનસુંદરીના*
*જોવાય ના જન્મ પરંતુ પૌરુષ*
*'વેણીસંહાર'નો કર્ણ કહે છે તેમ*
*દૈવાયત્તં કુલે જન્મ*
*મદાયત્તં તુ પૌરુષમ*

અંતે મારે એટલું જ કહેવાનું છે કે ઉમાશંકરના કર્ણે મહાભારતના સીમાડા ઓળંગી ગાંધીજી, આંબેડકર કે માર્ટિન લ્યૂથર કિંગના પુરોગામીની જેમ વર્ગવિગ્રહ-વર્ણવિગ્રહના સંઘર્ષના તેજસ્વી વીરનર તરીકે પોતાની ઓળખ સ્થાપી છે.

(સંપૂર્ણ)

થોડા સમય પહેલાં હું મારી કાર લઈને નજીકના દરિયાકાંઠે ફરવા જતો હતો. મારી આગળ એક કાર ઘણી ધીમી ગતિએ ચાલી રહી હતી. હું ઘણાં હૉર્ન મારતો હતો પરંતુ એ કારની ગતિમાં કોઈ ફરક પડતો ન હતો. મને ખૂબ ગુસ્સો આવતો હતો ત્યાં મારું ધ્યાન આગળની કારના પાછળના કાચના ખૂણે લગાવેલા સ્ટીકર પર પડ્યુંઃ 'ફિઝિકલી ચૅલેન્જડ, પ્લીઝ બી પેશન્ટ.' મારો સમગ્ર અભિગમ બદલાઈ ગયો. તરત હું શાંત થઈ ગયો, મેં કાર ધીમી પાડી અને સલામત અંતર રાખી ચલાવવા લાગ્યો.

મારા મનગમતા દરિયા કિનારે હું ૧૦ મિનિટ મોડો પહોંચ્યો. પણ મને તેનો વાંધો ન હતો. મને વિચાર આવ્યો, 'શું આ સ્ટીકર જોયું ન હોત તો મારામાં આટલી ધીરજ હોત ખરી?'

શા માટે આપણને ધીરજ રાખવા માટે આવા સ્ટીકરની જરૂર પડે છે? આસપાસના લોકોના માથા પર જો 'પિતાનું અવસાન' 'પરીક્ષામાં નિષ્ફળ', 'ધંધામાં ખોટ', 'કૅન્સરથી પીડિત', 'રિલેશનશીપમાં બ્રેક-અપ', 'પરિવારમાં ઝઘડો' જેવાં લેબલ હોત તો આપણે જરૂર તેમના પ્રત્યે વધુ ધૈર્યવાન અને દયાળુ બનીએ. ભલે લેબલ ન હોય પણ દરેક વ્યક્તિ કંઈ ને કંઈ મુશ્કેલી ભોગવી જ રહ્યો છે, જેનાથી આપણે અજાણ છીએ. આપણે બે જ વસ્તુ રાખી શકીએ, ધીરજ અને કરુણા. ચાલો અદૃશ્ય સ્ટીકરોનું સન્માન કરીએ.

- ડૉ. શૈલેષ જાની 'મનોચિકિત્સા'

## ૦૫. અભિવ્યક્તિ

### પરિવાર અને તેનાં મૂલ્યોની સમજ

ડૉ. યોગેશભાઈ એસ. ત્રિવેદી

---

પરિવાર એ માણસની પ્રાકૃતિક જરૂરિયાત આધારિત વ્યવસ્થા છે. આત્માના ઉત્થાન માટે અને શરીરની જરૂરિયાત માટે પરિવાર જરૂરી છે. પરિવાર એટલે માનવ લક્ષની પ્રાપ્તિ માટે સમાધાન અને સમૃદ્ધિપૂર્વક સાથે રહેતો પરસ્પર નિશ્ચિત અપેક્ષાઓથી જોડાયેલો માનવ સમૂહ. માનવીને સ્વયંમાં સમાધાન, પરિવારમાં સમૃદ્ધિ, સમાજમાં અભય અને સંપૂર્ણ પ્રકૃતિ સાથે સહ–અસ્તિત્વ જોઈતું હોય છે. પરિવારનો આધાર છે સંબંધ. પૂર્ણતાના અર્થમાં અનુબંધ એ સંબંધ છે. સંબંધ છે ત્યાં શોષણ ના હોય અને શોષણ હોય ત્યાં સંબંધ ના હોય. સંબંધ એ જીવનમૂલ્ય છે. મૂલ્ય અપરિવર્તનશીલ છે, નિરંતર છે, કાયમી છે. વસ્તુની કિંમત બદલાયા કરે છે, મૂલ્ય અચલ છે. સંબંધોમાં ન્યાય થાય એ માટે વ્યવહાર સારો કરવો જોઈએ અને વ્યવહાર માટે મૂલ્યો જાણવા જરૂરી છે. પરિવાર મૂલ્યોનું શિક્ષણ કેન્દ્ર છે. પોતાની આવશ્યકતા કરતાં વધારે ઉત્પાદન થાય ત્યારે પરિવાર સમૃદ્ધિના ભાવમાં જીવે છે. ફરિયાદમુક્ત અને અભાવમુક્ત જીવન માટે મૂલ્યોનો નિર્વાહ જરૂરી છે. જીવનમાં મુખ્યત્વે ૯ પ્રકારનાં સ્થાપિત મૂલ્યો છે. આ મૂલ્યો સમજવાથી પરિવાર અને તેના સંબંધો વધુ સારી રીતે સમજી શકાય છે. ભાવથી જોડાય તે સંબંધ છે, ભાવ નથી તો તે સંબંધ નથી, સંપર્ક માત્ર છે. આ ઉપરાંત શરીરનાં પોષણ, સંરક્ષણ અને સંસ્કાર સિંચન માટે પરિવાર જરૂરી છે. અહીં ૯ જીવનમૂલ્યો નીચે મુજબ સમજાવવામાં આવ્યાં છે.

(૧) વિશ્વાસ : વિશ્વાસ એ આધાર મૂલ્ય છે. જીવનની આવશ્યકતા વિશ્વાસ છે. એક ક્ષણ માટે પણ કોઈ મારા પર અવિશ્વાસ મૂકે તે મને માન્ય નથી. મને દરેક સ્થિતિમાં(કોઈપણ જગ્યાએ) સુખપૂર્વક જીવવાની ખાત્રી અને આશ્વાસન જોઈએ. પરિવારમાં સંબંધનો આધાર વિશ્વાસ છે. જેમ ઇમારતનો પાયો મજબૂત હોવો જોઈએ તેમ સંબંધમાં વિશ્વાસ મજબૂત હોવો જોઈએ. વિશ્વાસ હોવો એટલે આશ્વસ્ત હોવું. "આ સંસારમાં જે કાંઈ થઈ રહ્યું છે તે મારી સુખ–સમૃદ્ધિ માટે છે" તેવો વિશ્વાસ કેળવવો. હું શરીર નથી જીવન છું તેવો વિશ્વાસ કેળવવો. જ્ઞાનઆધારિત વિશ્વાસ ટકાઉ હોય છે. સરખામણી આધારિત વિશ્વાસ ટકાઉ હોતો નથી. વસ્તુ આધારિત વિશ્વાસ ડગી જાય છે. સત્ય આધારિત વિશ્વાસ કાયમી રહે છે. રૂપ, ધન, બળ, પદને આધારે રચાયેલો વિશ્વાસ નબળો હોય છે. મારું આચરણ સ્પષ્ટ છે તેવો કાયમી વિશ્વાસ કેળવવાનો છે. વિશ્વાસનું શિષ્ટ મૂલ્ય(પરિણામ) "સૌજન્ય" છે. સૌજન્યમાં સહકારિતા, સહભાગિતા અને સહયોગિતાનો ભાવ રહેલો છે.

(૨) સન્માનઃ સમ + માન. સમ્યક એટલે સાચું આકલન કરવું તે સન્માન છે. સંબંધોનું પ્લાનિંગ નથી કરતાં, ઘરનું કેટલું પ્લાનિંગ કરીએ છીએ. પગે લાગવું, શાલ ઓઢાડવી વગેરે અભિવ્યક્તિ છે, ફોર્માલિટી છે. રંગ, હોદ્દો, પૈસા, ધર્મ વગેરેને આધારે સન્માન કરીએ છીએ. આકલન એ મૂલ્યાંકન છે. મૂલ્યાંકનની ત્રણ રીત છે. (૧) અવમૂલ્યન કરવું : વ્યક્તિ કાંઈ કરી શકે તેમ નથી તેમ માનવું, પૈસો હાથનો મેલ છે (૨) અધિમૂલ્યન કરવું : વ્યક્તિ ગમે તે કરી શકે છે તેમ માનવું, ધનનું અધિક મહત્ત્વ, જરૂર કરતાં વધારે મૂલ્ય આંકવું (૩) નિર્મૂલ્યન : જે છે જ નહીં તેને માની લેવું, દોરડાને સાપ અને સાપને દોરડું સમજવું. પણ જે જેવો છે તેવો જ જોવો તે સન્માન છે. જે પોતાનામાં સન્માનિત હોય તેનું કોઈ અપમાન ના કરી શકે. સન્માન એ વ્યક્તિત્વ અને પ્રતિભાનું મૂલ્યાંકન છે. આહાર, વિહાર, વ્યવહાર અને વ્યવસ્થામાં ભાગીદારીથી વ્યક્તિત્વ બને છે. સ્વમૂલ્યાંકનથી સ્વયંમાં, પરિવારમાં અને પ્રકૃતિમાં ઉપયોગિતા કેળવાશે.

આપણે માન આપવાનો આધાર રૂપ, બળ, ધન, પદ બનાવીએ છીએ, જે પરિવર્તનશીલ છે. આજે જે સન્માનીય લાગે છે, તે ભવિષ્યમાં નકામો બની જાય છે. કારણ કે આપણા માન—સન્માનના માપદંડો સ્થિર નથી. સન્માનનું શિષ્ટ મૂલ્ય સૌહાર્દ છે. એટલે કે સ્પષ્ટતાથી મૂલ્યાંકન કરવું. હું સુખી થવા માગું છું અને સામેવાળો પણ સુખી થવા માગે છે તેવી સ્પષ્ટતા કેળવવી.

(૩) સ્નેહ : એક કરતાં વધારેને પોતાના સંબંધી માનવા તે સ્નેહ છે. માટે આપણે સ્નેહી કહીએ છીએ. બધા જ મારા છે તે પ્રેમ છે. સ્નેહથી પ્રેમની યાત્રા છે. સ્નેહ એ પરસ્પર સહયોગી બનવાનો ભાવ છે. સંસારના દરેક વ્યક્તિને સંબંધીના રૂપમાં જોવા. સંબંધ દેખાય ત્યાં જ પોતીકાપણું લાગે છે. આ સમજ આધારિત ભાવ છે. વિશ્વાસ અને સન્માનને આધારે દરેક વ્યક્તિ મને મારો સ્નેહી લાગશે. અપમાનિત માણસ બીજાનું અપમાન કરશે, સ્નેહાળ માણસ બીજાને સ્નેહ આપશે. સ્નેહ પણ નિરંતર ભાવ છે. સ્નેહ વ્યક્ત થાય તેને "નિષ્ઠા" (શિષ્ટ મૂલ્ય) કહે છે.

(૪) મમતા : માનવ લક્ષ(માનવમાં સમાધાન, પરિવારમાં સમૃદ્ધિ, સમાજમાં અભય, પ્રકૃતિમાં સહઅસ્તિત્વ)ના અર્થમાં શરીરના પોષણની જવાબદારીનો ભાવ. જેમ કે નદી, પ્રકૃતિ, ગાય, માતા વગેરે. માત્ર જન્મ અપવાથી માતા નથી બનાતું. મમતા ભાવથી માતા બનાય છે. મમતાનું શિષ્ટ મૂલ્ય ઉદારતા છે.

(૫) વાત્સલ્ય : સંરક્ષણ અને સમજદાર બનાવવાનો ભાવ. જેમ કે પિતાનો તેના સંતાનો પ્રત્યેનો ભાવ. જેણે મારા સંરક્ષણની જવાબદારી સ્વીકારી છે તે વાત્સલ્ય મૂલ્ય છે. પિતા ઉપરાંત માતા કે ગુરુમાં પણ આ ભાવ હોઈ શકે. વાત્સલ્યનું શિષ્ટ મૂલ્ય સહજતા છે. વધારે સમજદાર માણસ ઓછા સમજદાર માણસ સામે સહજતાથી વ્યક્ત થવો જોઈએ.

(૬) શ્રદ્ધા: શ્રેષ્ઠતા પ્રત્યે સ્વીકૃતિનો ભાવ છે. તે પૂજ્યતાનો ભાવ પણ છે. જેનામાં આપણને શ્રદ્ધા હોય તેનું આચરણ શ્રેષ્ઠ હોય છે. શ્રદ્ધા વ્યક્ત થાય ત્યારે તેને પૂજ્યતા (શિષ્ટ મૂલ્ય) કહે છે. શ્રેષ્ઠ વ્યક્તિને જોઈને હું પણ તેના જેવો થઈ જાઉં તેવો ભાવ આવે છે. સમાજ શ્રેષ્ઠતાને જ યાદ કરે છે. દા.ત. ગાંધીજી, સરદાર પટેલ, થોમસ આલ્વા એડીસન વગેરે. શ્રદ્ધેય વ્યક્તિ શ્રેષ્ઠ બની ચૂક્યો છે. પરિવાર, સમાજ અને પ્રકૃતિ સાથે તાલમેલપૂર્વક જીવતી વ્યક્તિ શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠની પૂજા કરીએ, ચાંદલા કરીએ તેનાથી કાંઈ ફેર ના પડે. શ્રેષ્ઠ વ્યક્તિના રસ્તે ચાલીએ તે સાચી પૂજા છે. માનવતાના અર્થમાં જીવે તે સમજદાર. તે જ માણસ પૂજ્ય છે.

(૭) કૃતજ્ઞતા : માનવ લક્ષના કામ માટે જે જે લોકોએ પ્રયત્નો કર્યા, શ્રમ કર્યો છે તેના તરફનો ભાવ એ કૃતજ્ઞતા છે. માતા, પિતા, ગુરુ વગેરે તરફનો ભાવ એ કૃતજ્ઞ ભાવ છે. અન્ય લોકો પાસેથી સાધન સુવિધા મળી હોય તેના પ્રત્યેનો આભાર-કદરનો ભાવ. કૃતજ્ઞતા વ્યક્ત થાય ત્યારે સૌમ્યતા(શિષ્ટ મૂલ્ય) પ્રગટે છે.

(૮) ગૌરવ : જે જે લોકોએ શ્રેષ્ઠતા માટે કામ કર્યું છે તેના પ્રત્યે ગૌરવ થવું. સચિન તેંડુલકર કે અમિતાભ વગેરે પ્રત્યે ગૌરવ ભાવ માનવતાના અર્થમાં નથી. શ્રેષ્ઠતાના અર્થમાં કરેલ કર્મ ગૌરવને પાત્ર છે. જેમ કે દરેક ચીજ વસ્તુના શોધક પ્રત્યે ગૌરવની લાગણી થવી જોઈએ. ગૌરવ વ્યક્ત થાય ત્યારે સરળતા(શિષ્ટ મૂલ્ય) આવે છે. વધારે સમજદાર પ્રત્યે સરળતા અને ઓછા સમજદાર પ્રત્યે સહજતા હોવી જોઈએ. આમ, સમાજમાં સર્વ માટે કંઈક ઉપયોગી કાર્ય કરનાર પ્રત્યે ગૌરવ ભાવ થવો જોઈએ. સરળતા એ તનાવરહિત અભિવ્યક્તિ છે, બાળક જેવું વર્તન. ભ્રમિત માનવ પ્રત્યે ગૌરવ ના થાય તે જોવું. માનવીય પરંપરા પ્રત્યે ગૌરવ થાય તે ધ્યાન રહે.

(૯) પ્રેમ : પ્રેમ એ પૂર્ણ મૂલ્ય છે. પ્રેમમાં બધાં મૂલ્યો સમાયેલાં છે. તેથી તે ઉચ્ચ મૂલ્ય છે. તે અનન્યતાનો ભાવ છે. અનન્યતા એટલે કે કોઈ જ અન્ય નથી તે ભાવ, જ્યારે બધા જ મારા જેવા જ દેખાય. બધા જીવન પ્રત્યે સમાન ભાવ થાય. કોઈ જ મારાથી અન્ય નથી. પ્રેમ દરેકમાં હોઈ શકે. આકર્ષણને પ્રેમના કહેવાય. પ્રેમથી દુનિયા જીતી શકાય

છે, યુધ્ધથી નહીં. મોહ એ કોઈ ચોકકસ વ્યકિત કે વસ્તુ પ્રત્યે પ્રગટ થતો ભાવ છે. પ્રેમમાં કોઈ જાતિ, સંપ્રદાય, ધર્મનો ભેદ ના હોય. દરેકના પ્રત્યે પોતીકાપણું લાગે. દયા, કૃપા, કરુણાના સંયુક્ત આચરણનું નામ પ્રેમ છે. પાત્રતા અનુસાર વસ્તુ પૂરી પાડવી તે દયા છે. જેની પાસે વસ્તુ છે પણ પાત્રતા નથી તેને પાત્ર બનાવવો તે કૃપા છે અને જેની પાત્રતા નથી અને વસ્તુ પણ નથી, તેને બન્ને પૂરાં પાડવાં તે કરુણા છે.

શ્રેષ્ઠ વ્યક્તિ પ્રેમાળ હોઈ શકે. લોહીના સંબંધ ના હોય તો પણ પ્રેમ ભાવ પ્રગટાવે છે. મોહની નિરંતરતા નથી, પ્રેમ નિરંતર છે. પ્રેમનું શિષ્ટ મૂલ્ય અનન્યતા છે. એટલે કે પ્રેમ હોય તેના માટે સંસારમાં કોઈ અન્ય ના રહે. આમ, આ ૯ સ્થાપિત મૂલ્યોના આચરણથી શિષ્ટ મૂલ્યો પ્રગટે છે. અસ્તિત્વમાં આ મૂલ્યો છે જ, બનાવવા નથી પડતા. નાનો પરિવાર સુખી પરિવાર એમ નહીં પણ સમજદાર પરિવાર સુખી પરિવાર.

(જીવનવિદ્યા પરિચય શિબિરમાંથી સાભાર)

(અધ્યાપક, લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરા, ૯૭૨૩૫ ૩૧૬૫૪)

---

માઈક્રોસોફ્ટના સી.ઈ.ઓ. સત્ય નેવાડાએ શૅર કરેલી સાત નાની વાર્તાઓઃ

- સ્મૃતિઃ મારા એક સંશોધન સંદર્ભે હું મારાં દાદીમા પાસે ગયો અને તેમને કહ્યું, 'તમારા શબ્દોમાં સફળતાની વ્યાખ્યા શી છે તે કહો.' તેમણે કહ્યું, 'સફળતા એટલે તમે પાછું વળીને જિંદગીને જુઓ અને સ્મૃતિઓ તમારા ચહેરા પર સ્મિત લાવે તે.'
- પ્રેમઃ મારો કૂતરો એક મોટરકાર નીચે આવી ગયો. હું તેને તેડી રસ્તા પર જ બેસી પડ્યો અને રડવા લાગ્યો. મરતાં પહેલાં તેણે મારો આંસુથી ખરડાયેલો ચહેરો ચાટી આપ્યો.
- સાથે હોવુંઃ મા હૉસ્પિટલમાં ખૂબ બીમાર હતી. મારા પિતા, હું, મારા ત્રણ ભાઈઓ અને બે બહેનો તેની આસપાસ ઊભાં હતાં. અમને જોઈ તેના ચહેરા પર સ્મિત આવ્યું. તે ધીમેથી બોલી, 'તમને એક સાથે મારી આજુબાજુ જોઈ મને ખૂબ ગમ્યું. હું ઇચ્છું છું કે આવી પળો વારંવાર આવે.'
- સ્નેહઃ પિતાની છેલ્લી પળે, તેઓ હૉસ્પિટલની પથારી પર સૂતેલા હતા ત્યારે મેં તેમના કપાળે ચુંબન કર્યું. તેમના મૃત્યુ પછી પાંચ સેકંડે મને ખ્યાલ આવ્યો કે મેં બાળપણ પસાર થઈ ગયા બાદ તેમને કદી સ્પર્શ કર્યો નહોતો.
- આનંદઃ ૨૭ વર્ષનો કેન્સરનો દર્દી તેની બે વર્ષની નાનકડી દીકરી સાથે ખૂબ હસતો હસતો રમતો હતો. તેને જોઈ મને થયું, 'હું ફરિયાદો કરવાનું બંધ કરતાં અને જિંદગીનો આનંદ લેતાં ક્યારે શીખીશ?'
- ભલમનસાઈઃ લાકડાની ઘોડીના આધારે ચાલતા અને પુસ્તકો અને બૅગપૅક પકડતાં મને તકલીફ પડતી હતી. એ જોઈને એક છોકરો પોતાની વ્હીલચૅર સરકાવી મારી નજીક આવ્યો અને પુસ્તકો અને બૅગપૅક લઈ લીધાં. કૅમ્પસ પસાર કરી અમે કૉલેજની નજીક આવ્યા. વ્હીલચૅરવાળા છોકરાએ મારી ચીજો પાછા આપતાં હસીને કહ્યું, 'ચિંતા ન કરીશ. તને સારું લાગશે.'
- શૅરિંગઃ હું કેન્યા બૅન્ડ સાથે પ્રવાસમાં હતો. અમને એક ગરીબ માણસ મળ્યો. એ હાડકાંના માળખાં જેવો દેખાતો હતો. અમારી પાસે બે સૅન્ડવિચ બચી હતી, તે મારા મિત્રે તેને આપી. એ માણસ બોલ્યો, 'વી કેન શૅર ઇટ!'

## મહાત્મા ગાંધી, રેંટિયો અને ઇન્ટરનેટ

સોનલ પરીખ

---

મહાત્મા ગાંધીનું વ્યક્તિત્વ અત્યંત સીધું સાદું હતું, સાથે અનેક-પરિમાણીય અને માપનનાં કોઈ ધોરણોમાં બંધ ન બેસે તેવું વિરાટ હતું. તેઓ વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના પ્રખર વિરોધી હતા એવી એક વ્યાપક માન્યતા છે. સાથે અનેક બુદ્ધિજીવીઓ ગાંધીજી આજે હયાત હોત તો કમ્પ્યૂટર અને ઇન્ટરનેટનો માનવીય નિસબત અને માનવ વિકાસના સંદર્ભે સારામાં સારો ઉપયોગ કરતા હોત તેવું પણ માને છે.

તાજેતરમાં એક દળદાર અંગ્રેજી પુસ્તક પ્રકાશિત થયું છેઃ 'મ્યુઝિક ઑફ ધ સ્પિનિંગ વ્હીલ' – જેમાં રેંટિયા જેવા સાદા યંત્રને સ્વાતંત્ર્યસંગ્રામ અને આત્મનિર્ભરતાનું પ્રતીક બનાવનાર મહાત્મા ગાંધીના ઇન્ટરનેટ યુગ સાથેનાં જોડાણની એક શક્યતા વર્ણવાઈ છે. પ્રસ્તુત છે વાચકો માટે એ પુસ્તકની થોડી રોચક વાતો.

વર્ષ ૧૯૩૧ના ડિસેમ્બર મહિનામાં મહાત્મા ગાંધી અને યુરોપના નોબેલ પ્રાઈઝ વિજેતા ચિંતક રોમા રોલાં– આ બે સુપ્રસિદ્ધ મહાપુરુષો વચ્ચે એક વાર્તાલાપ થયો હતો. આજે પણ એને વાંચીને મન પ્રકાશિત થઈ ઊઠે. તેનો એક અંશ જોઈએ.

રોમા રોલાં : તમે સત્યને ઈશ્વર શા માટે કહો છો?

મહાત્મા ગાંધી : હિંદુઓમાં ઈશ્વરનાં હજારો નામ છે, પણ તેમાંનું એક પણ નામ ઈશ્વરની વિભૂતિને સર્વથા વ્યક્ત કરતું નથી. ઈશ્વર તેનાં સર્વ સર્જનોમાં-દરેક જીવમાં રહેલો છે. તેથી તેનું કોઈ એક નામ ન હોઈ શકે તેમ પણ આપણે કહીએ છીએ. પણ મારે માટે ઈશ્વરને વ્યક્ત કરી શકે તેવો જો કોઈ એક શબ્દ હોય તો તે સત્ય છે. પહેલાં હું કહેતો, ઈશ્વર સત્ય છે. હવે હું માનું છું કે સત્ય ઈશ્વર છે.

રોમા રોલાં : પણ સત્ય એટલે શું ?

મહાત્મા ગાંધી : પ્રશ્ન અઘરો છે, મેં મારા પૂરતું શોધી કાઢ્યું છે કે મારા અંતરાત્માનો અવાજ તે જ મારું સત્ય.

રોમા રોલાં : સત્ય એ જ ઈશ્વર હોય તો હું માનું છું કે ઈશ્વર એટલે પૂર્ણ આનંદ. સાચી કલા, નિરામય સૌંદર્ય, સૌજન્ય, સહજ આનંદ—આ ઈશ્વરનાં રૂપો છે.

મહાત્મા ગાંધી : હિંદુ ધર્મમાં 'સચ્ચિદાનંદ' શબ્દ છે. સત્ય આનંદવિહોણું ન હોઈ શકે. તેની શોધમાં હતાશા, યાતના, થાક બધું નથી આવતું તેમ નથી, પણ અંતે જે પ્રાપ્ત થાય છે તે નિર્ભેળ આનંદ જ હોય છે.

આ અંશ 'મ્યુઝિક ઑફ ધ સ્પિનિંગ વ્હીલ : મહાત્મા ગાંધીઝ મેનિફેસ્ટો ફોર ધ ઇન્ટરનેટ એજ' ના એક પ્રકરણમાંથી લેવામાં આવ્યો છે.

સત્ય, સત્યપ્રાપ્તિનો નિર્ભેળ આનંદ અને સામાન્ય માનવીને પોતાનામાં રહેલાં સત્ય અને સત્ત્વથી પરિચિત કરાવવો તે હતું મહાત્મા ગાંધીનું જીવનધ્યેય. એક ગુલામ દેશનો હડધૂત થતો ગરીબ ગ્રામજન પણ પોતાની જાતને નિરુપયોગી કે અસહાય ન મહેસૂસ કરે તે માટે તેમણે તેના હાથમાં ચરખો મૂક્યો. ચરખાએ એ યુગમાં એવી ક્રાંતિ સર્જી કે ભારતનું નિર્માલ્ય પ્રજાજીવન એક વિરાટ ચૈતન્ય બની પોતાને જકડી રાખનાર સાંકળોને તોડી શક્યું. આ સંદર્ભે આ પુસ્તકના લેખક સુધીન્દ્ર કુલકર્ણી જે ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ  બિહારી વાજપાઈના અંગત સહાયક હતા, તેમણે એક રસપ્રદ વાત કરી છે કે જે ક્રાંતિ ચરખાએ ગાંધીયુગમાં કરી હતી એ ક્રાંતિ-સામાન્ય માનવીના સશક્તીકરણની-આજે ઇન્ટરનેટે કરી બતાવી છે.

ઇન્ટરનેટ વાપરતો વૃદ્ધ કે અશક્ત માનવી દુનિયાના એક ખૂણામાં બેસીને માહિતી, જ્ઞાન ને મનોરંજન મેળવી શકે છે. સમય બદલાતો જાય તેમ સાધનો બદલાતાં જાય : ત્યારે ચરખો હતો, આજે ઇન્ટરનેટ છે. પણ ધ્યેય બન્નેનું

એક જ છે—અને તો પછી ઇન્ટરનેટ એક સાચા માનવપ્રેમી મહાત્મા ગાંધીની વૈચારિક ક્રાંતિનો જ એક ચહેરો કેમ ન હોઈ શકે? સુધીન્દ્ર કુલકર્ણી ઇન્ડિયન એક્સપ્રેસની પોતાની કોલમમાં પણ આ વાત વારંવાર કહેતા.

મહાત્મા ગાંધીનો જન્મ ૧૮૬૯માં થયો. ઇન્ટરનેટનો જન્મ તેના બરાબર સો વર્ષ પછી એટલે કે ૧૯૬૯માં થયો. ઇન્ટરનેટ યુગનું એક સીમાચિહ્ન એટલે સ્ટીવ જૉબ્સ.

સ્ટીવ જૉબ્સે ૧૯૯૦ના દાયકામાં એપલનું મશહૂર 'થિંક ડિફરન્ટ' એડવર્ટાઈઝિંગ કૅમ્પેન શરૂ કર્યું ત્યારે તેણે મહાત્મા ગાંધીનો ચરખા સાથેનો ફોટોગ્રાફ પસંદ કર્યો હતો, જેના પર 'થિંક ડિફરન્ટ' ઉપરાંત 'બી ધ ચેન્જ યુ વીશ ટુ સી ઇન ધ વર્લ્ડ' એવું મહાત્મા ગાંધીનું અવતરણ હતું.

ડિજિટલ ટેક્નૉલૉજીના અનેક ચહેરા છે, પણ તેના સંશોધન સાથે ઊંડી સામાજિક નિસબત જોડાયેલી છે. ઇન્ટરનેટ વિશ્વ સાથે જોડાયેલા તમામ 'જેન્યુઇન' સંશોધકોનું ધ્યેય ધન નહીં, પણ માનવજાતની સેવા અને સર્જનાત્મકતાનો આવિષ્કાર છે. તેમના મતે ડિજિટલ ક્રાંતિ ખરેખર તો પ્રકૃતિના ઉત્ક્રાંતિના નિયમને અનુસરે છે.

પ્રકૃતિમાં વિકાસ છે, પણ સંઘર્ષ નથી, સહકાર છે. ગાંધીએ પણ આ સિદ્ધાંત માનવવિકાસના પાયામાં જોયો છે. જો કે, ઇન્ટરનેટ વ્યાવસાયિકતા ને રાજકારણની સાંકડી સીમાઓથી નિયંત્રિત થાય તો તે માનવવિકાસને બાધક નીવડે છે, જેમ માનવીનું મગજ નૈતિક મૂલ્યો વિહોણી બુદ્ધિથી ગેરમાર્ગે દોરવાય અને વિકાસને બદલે પતન લાવે તેમ.

સ્ટીવ જૉબ્સ કહે છે, 'માનવીનું મન અત્યંત ઉધમાતિયું છે, જેમ તમે તેને શાંત પાડવા જાઓ તેમ તે વધુ ધાંધલ કરે છે, પણ એકવાર જો તે શાંત થાય તો એક સાચી ક્ષણમાં રહેલી અપરંપાર શક્યતાઓને જોઈ શકે છે.' 'હિંદ સ્વરાજ'માં ગાંધીજીએ લખ્યું છે, કે 'પ્રાર્થના, ઉપવાસ, મૌન અને કાંતણ વડે તે શાંત થાય છે અને ચરખાના મધુર ગુંજારાવ જેવો પોતાના આત્માનો અવાજ પછી તે સાંભળી શકે છે.'

સ્ટીવ જૉબ્સે ભારતમાં આવ્યા બાદ પોતાનું નિરીક્ષણ આ શબ્દોમાં નોંધ્યું છેઃ 'અમેરિકા અને ભારત વચ્ચે અત્યંત વિરાટ સાંસ્કૃતિક તફાવત છે. ભારતની ગ્રામીણ પ્રજા અમેરિકાના લોકોની જેમ બુદ્ધિના આધારે નથી જીવતી. આ પ્રજા પોતાની સહજ સ્ફુરણાના આધારે જીવે છે અને આ તેમની આ શક્તિ વિશ્વની અન્ય પ્રજાઓ કરતાં અનેક ગણી વધુ વિકસિત છે. હું માનું છું કે ઇન્ટ્યૂઝન ઇઝ મોર પાવરફુલ ધેન ઇન્ટલેક્ટ. મારા જીવન પર આ બાબતની બહુ મોટી અસર છે.'

૮ એપ્રિલ, ૧૯૨૧માં ભારતભ્રમણ કર્યા બાદ એક વ્યાખ્યાનમાં ગાંધીજીએ કહ્યું હતું, 'ભારતની ગ્રામીણ સ્ત્રીઓ આપણે તેમને માનીએ છીએ તેવી બુદ્ધિહીન કે અસંસ્કારી નથી. તેઓ પોતાની સહજ સમજના આધારે ભણેલા ભારતીયો કરતાં વધુ સ્પષ્ટ જોઈ શકે છે.'

લેખક કહે છે, 'ઇન્ટરનેટ અને અન્ય ડિજિટલ ટૅક્નૉલૉજી મહાત્માના વિચારોનું વહન કરવાનું સામર્થ્ય ચોક્કસ ધરાવે છે.' ઇન્ટરનેટમાં ગાંધી જેમાં માનતા તેવી વ્યક્તિગત અને વૈશ્વિક જીવનશૈલીનો નવો યુગ નિર્માણ કરવાની ભરપૂર શક્યતાઓ રહેલી છે. એક એવું વિરાટ વિશ્વ, જેની ધરી નૈતિક મૂલ્યોની બનેલી હોય—જેમાં સંવાદિતા અને સાતત્યપૂર્ણ વિકાસ હોય.

'ઇન્ટરનેટ સત્યાગ્રહીઓ' ઊભા કરવાની વાત સાથે લેખકે અટલ બિહારી વાજપાઈએ જે ભૌતિક, સાંવેદનિક, રાજકીય, વૈશ્વિક, પડોશી રાષ્ટ્રો વચ્ચેની અને ડિજિટલ 'કનેક્ટિવિટી'ની વાત કરી હતી તેનો પણ સંદર્ભ આપ્યો છે. પુરાતન સાદા યંત્ર રેંટિયાથી માંડી તંત્રજ્ઞાનના વિકાસની ચરમસીમા સમા ઇન્ટરનેટ આ બન્ને અંતિમોને વિચારીએ તો લાગે છે કે મહાત્માની શાંતિમય અને અહિંસક વિશ્વકુટુંબ રચવાની ઝંખનાએ જે તાલાવેલીથી ચરખો ચલાવ્યો હતો તે જ નિપુણતાથી ઇન્ટરનેટને પણ આવકાર્યું જ હોત અને કૉમ્યુનિકેશન રિવોલ્યુશનના આ યુગમાં પણ તેઓ અવતાર પુરુષ રહ્યા જ હોત. આ પુસ્તક મહાત્મા ગાંધીનો વૈચારિક ક્રાંતિનો તંતુ ઇન્ટરનેટ-વિશ્વ સાથે જોડવાનો એક રસ પડે તેવો ઉપક્રમ લઈને આવ્યું છે.

કોઈ ગાંધીજને કે ગાંધીયુગના કોઈ ચિંતકે ગાંધીવિચારોને આ પ્રકારનું પરિમાણ આપ્યું હોવાનું જાણમાં નથી.

## ૦૭. યુવાસૂઝ

**વેઈટર તરીકે બહેનો કાર્યરત હોય એવી, ભાવનગરની વિશિષ્ટ રેસ્ટોરન્ટઃ ઈસ્કોન**

નીરવ મહેતા

ભાવનગર. સૌરાષ્ટ્રનું છેવાડાનું નગર, પરંતુ તેમ છતાં, અત્યંત મહત્ત્વનું શહેર. આ શહેરનું એક પ્રખ્યાત રેસ્ટોરન્ટ, ઈસ્કોન રેસ્ટોરન્ટ. શહેરના સરદારનગર સર્કલ પાસે આમ તો પ્રતિષ્ઠિત સ્વામીનારાયણ ગુરુકુળ શૈક્ષણિક સંકુલ આવેલું છે પરંતુ ખાણીપીણીના અઢળક વિકલ્પો પણ આ જ સર્કલ પર ઉપલબ્ધ અને તે બધા વચ્ચે નોખી ભાત પડે છે ઈસ્કોન રેસ્ટોરન્ટ. શું કામ? આવો જાણીએ ઈસ્કોન રેસ્ટોરન્ટમાં તમે જાઓ અને તમારો ઑર્ડર નોંધવા ત્યાર બાર એ ઑર્ડરની વસ્તુઓ તમારા ટેબલ સુધી પહોંચાડવાનું કામ કરવા માટે આરેસ્ટોરન્ટમાં બહેનો કાર્યરત છે... આમાંથી મોટા ભાગની બહેનો હજી શાળા અથવા કૉલેજમાં અભ્યાસ કરે છે.

આ રેસ્ટોરન્ટના માલિક શ્રી મનોજભાઈ ભદાણી, મૂળ તો કવિજીવ છે . તેમની વાર્તાઓ અવારનવાર પ્રસિદ્ધ થયા કરતી હોય છે. લગભગ એક વર્ષથી ઓછો સમય થયો એમણે આ રેસ્ટોરન્ટની શરૂઆત કરી તેને. તેમને મનમાં સતત એક બાબત રમ્યા કરતી હતી કે કશુંક નવીન કરવું પણ સમાજને ઉપયોગી થઈ શકાય તેવી રીતે કરવું... અને જરૂરિયાતમંદ બહેનો/યુવતીઓને નોકરીએ રાખી શકાય એ વિચર હબક્યો અને તેમણે અમલી પણ બનાવ્યો.

ઈસ્કોન રેસ્ટોરન્ટમાં હાલ સવારથી બપોરના સમયમાં બે અને સાંજથી રાતના સમયમાં ચાર એમ કુલ છ યુવતીઓ ખાઅણીપીણીની વસ્તુઓ, ઑર્ડર અનુસાર, રસોડામાંથી જે તે ગ્રાહકના ટેબલ સુધી પહોંચાડવા મટે કાર્યરત છે.

આ બહેનો પૈકી રાધાબહેન(નામ બદલ્યું છે) તેમના નિવૃત્ત પિતાશ્રી સાથે રહે છે અને આર્થિક ટેકા માટે આ નોકરી કરે છે. તો અન્ય એક દિવ્યા(નામ બદલ્યું છે) નામની યુવતી દિવાળી પછી પ્રભુતામાં પગલાં માંડવાની છે તથા તેની નાની બહેન જે હાલ ધોરણ ૧૧માં છે, એ બન્ને બહેનો પણ કુટુંબના ભરણપોષણમાં મદદરૂપ થવા અને અન્ય યુવતીઓ પણ અભ્યાસ શરૂ હોઈને તેમની નાનીમોટી જરૂરિયાતો માટે પગભર થવા માટે આ નોકરી કરે છે અથવા તો અભ્યાસ પૂર્ણ થયા બાદ પણ પોતાના પરિવારને આર્થિક ટેકો બનવાની મુરાદ સાથે અહીં નોકરી કરે છે. આ ઉપરાંત

રસોડામાં તમામ પ્રકારની વાનગીઓ બનાવવામાં કાર્યરત એવી બે બહેનો મનોજભાઈના શબ્દોમાં, આ રેસ્ટોરન્ટનું 'એક્સલેટર' છે. આ બન્ને બહેનો શહેરના થોડા આર્થિક રીતે ઓછ સમૃદ્ધ વિસ્તારમાંથી રોજેરોજ આવે છે અને મનોજભાઈએ તેમને માટે સવારે દસ અને રાત્રે સાડા અગિયાર બન્ને સમયે રીક્ષાની વ્યવસ્થા કરી છે.

અહીં અઠવાડિક રજા વૈકલ્પિક છે. મતલબ, બહેનો રજા પર જાય ત્યારે તેમની બદલીમાં અન્ય કોઈ મહિલાની વ્યવસ્થા આ બહેનો જ કરે છે. અને આ રીતે આ રેસ્ટોરન્ટમાં હજી સુધી કોઈપણ પ્રકારની અવ્યવસ્થા સર્જાઈ શકી નથી.

અહીં કામ કરતી બહેનોમાં મનોજભાઈ ભદાણી માટે સન્માનનો ભાવ સ્પષ્ટપણે અનુભવી શકાય છે. તો સામે પક્ષે મનોજભાઈ પણ તેમને બહુ કાળજીપૂર્વક સાચવે છે અને કોઈપણ ભૂલ હોય ત્યારે ખૂબ જ શાંતિપૂર્વક અને સમજાવટથી જ એ ભૂલ સુધારવાની તક આપે છે. રેસ્ટોરન્ટમાં આવતા ગ્રાહકો પણ આ યુવતીઓને પૂરતું માન આપે છે તો ક્યારેક તેમના આ જુસ્સા અને કુટુંબને આર્થિક રીતે ટેકો આપવાના નિર્ણયની સરાહના કરીને બક્ષિસરૂપ રકમ પણ આપે છે.

મનોજભાઈ ભદાણીની આ પહેલ ચોક્કસ અનુકરણીય છે. અન્ય કોઈ રેસ્ટોરન્ટ દ્વારા આનું અનુકરણ થાય કે ન થાય, પરંતુ તમે ભાવનગરની મુલાકાત લેવા જાઓ ત્યારે શહેરના સરદારનગર સર્કલ પાસે આવેલા આ ઈસ્કોન રેસ્ટોરન્ટમાં અવશ્ય જવાનું રાખશો, તો નિઃશંક આ આખા ઉપક્રમને પ્રોત્સાહન મળશે જ.

## ૦૮. સંભારણાં

### સત્ત્વશીલ કર્મયોગી જગદીશ રથવી

પ્રવીણચંદ્ર ઠક્કર

ભૂમિકા :

લોકભારતી ગ્રામવિદ્યાપીઠનાં તેજ, તપશ્ચર્યા અને તિતિક્ષાના ફલસ્વરૂપ છેલ્લાં ૬૮ વર્ષમાં અનેક વિદ્યાર્થીઓ ગુજરાત અને અન્ય રાજ્યોની વિવિધ સામાજિક, સ્વૈચ્છિક, શૈક્ષણિક, સહકારી, પંચાયતી, સહકારી સંસ્થાઓમાં નિષ્ઠા, નિસ્બત, નિર્ભયતા, શ્રદ્ધા અને સંવેદના સાથે પોતાનું ઋણ અદા કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ પૈકી અહીં પ્રસ્તુત છે સત્વશીલ, પ્રયોગવીર, નિવૃત્ત વિસ્તરણ અધિકારી(આરોગ્ય)– જગમાલભાઈ હવે જગદીશભાઈ રથવી-સ્નાતક ૧૯૭૯ની કર્મ સાધના.

સંસ્થાના સ્નાતકોએ નેતૃત્વ નિર્માણ સાથે ગ્રામવિકાસના ક્ષેત્રે સિદ્ધ કરેલા સફળ પુરુષાર્થથી પ્રેરાઈને ગુજરાતની સ્થાપના થયા પછી તરત જ રાજય સરકારે આ સ્નાતકોને કૃષિ સ્નાતકની જેમ જ વિસ્તરણ અધિકારીની જગ્યા માટે ઉમેદવારી કરી શકે તે દૃષ્ટિએ ખાસ પરિપત્ર બહાર પાડેલ. તદનુસાર ૧૯૬૩માં ત્રિસ્તરીય પંચાયતી રાજની સ્થાપના થયા પછી અનેક સ્નાતકોની તાલુકા, જિલ્લા પંચાયતમાં કૃષિ–સહકાર–શિક્ષણ જેવા વિભાગીય વિસ્તરણ અધિકારી તરીકે પસંદગી–નિમણૂંક કરવામાં આવી. અનેક મિત્રો સફળતાપૂર્વક ઉજ્જ્વળ કામગીરી બજાવી પ્રમોશન મેળવી તાલુકા વિકાસ અધિકારી(નિર્મળસિંહ ગોહિલ, જયંતીલાલ અગ્રાવત, રતિલાલ વિસાણી વગેરે...) કે જમુબહેન ચૌધરી જેવા નાયબ જિલ્લા વિકાસ અધિકારી પદે પહોંચી શક્યા છે. સ્થાનિક સ્વરાજ્યની વિભાવનાને સાકાર કરવામાં તેમનું પ્રસંશનીય યોગદાન રહ્યું છે.

જગદીશભાઈ(જન્મ : ૦૧/૦૬/૧૯૫૬) એક એવા પશુપાલન વિષય સાથેના સ્નાતક છે કે જેમની આરોગ્ય વિષયના વિસ્તરણ અધિકારી તરીકે સુરેન્દ્રનગર જિલ્લામાં વરણી કરવામાં આવી. તેમણે ૨૪ વર્ષ દરમિયાન કરેલી વિશિષ્ટ કામગીરીની ચર્ચા કરીએ તે પહેલાં તેમની પૂર્વભૂમિકા તપાસી લઈએ. તેમનું વતન અત્યારે પાટણ જિલ્લાનું અંતરિયાળ ગામ ટુવડ. કોઠાસૂઝ ધરાવતા પિતાશ્રી રણમલભાઈનો વ્યવસાય ખેતી. ટૂંકી જમીન. લોકભારતીના અભ્યાસ (૧૯૭૬થી ૧૯૭૯) દરમિયાન પોતાના વિસ્તાર ઉત્તર ગુજરાતમાં સતત ૩ વર્ષ ભયંકર દુષ્કાળના પસાર થયા. ખેતીની આવક શૂન્ય. એ સમયે સમગ્ર પરિવારે સરકારની રાહતકામ યોજના નીચે મજૂરી કરીને તળાવો ખોદ્યાં યત્કિંચિત કમાણી કરતાં કરતાં પોતાના સંતાન માટે લવાજમની થોડી વ્યવસ્થા કરતા ગયા. જગદીશભાઈ વિવિધ વિભાગોમાં અવકાશે શ્રમકાર્ય કરી ઉપાર્જન મેળવે. સંસ્થાએ પણ મદદ કરી.

(૨)

જગદીશભાઈ પોતાની કારકિર્દીમાં સાર્થકતા અનુભવી શક્યા તેનો શ્રેય તેઓ આપે છે લોકભારતીના અનુબંધિત શિક્ષણ, શિબિરો, ઉત્સવો, પ્રવાસો, પર્વતારોહણ, અધ્યાપકોના નિરંતર માર્ગદર્શન, સમૂહજીવન, સહશિક્ષણ, સમૃદ્ધ ગ્રંથાલય, વિદ્યાર્થી ગ્રાહક ભંડાર સાથેનું જોડાણ તેમ જ વિદ્યાર્થી મંડળના મહામંત્રી તરીકેની યાદગાર તાલીમને. તેઓ પુસ્તકાલયમાં દરરોજ બે કલાક જાય. ગાંધી, તેમના ગુરુ થોરો, ટોલ્સટોય, રસ્કિન, વિવેકાનંદ, દર્શક, શરદબાબુ જેવા તેમના પ્રિય લેખકો. નવલકથાની સાથે જીવનચરિત્રો વગેરે સાહિત્યના સેવનથી જીવનનું સમગ્રતાથી અવલોકન કરવાની તેમની દૃષ્ટિ ખીલતી–વિકસતી ગઈ. તેમને કાવ્ય

સર્જનનો શોખ. મનોહર ત્રિવેદી કે કનુભાઈ અંધારિયા જેવા રોલ મોડેલ. 'સ્નેહબંસી' ઉપનામથી રચનાઓ લખે. તે સમયે નવોદિત વિદ્યાર્થીઓની સાહિત્યિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા ઉદ્ભવ મંડળની સ્થાપના થયેલી. સપ્તાહમાં એક વખત રાત્રે બેઠક યોજાય. ઉપસ્થિત હોય વિવિધ પ્રકારનું સર્જન, વાર્તા, નિબંધ, કવિતા લખતા વિદ્યાર્થીઓ, રસ ધરાવતા ભાષાના અધ્યાપકો, કાર્યકરો. દરેક મીટિંગમાં બુચદાદા તો હોય જ. જગદીશભાઈ પોતાની કૃતિ રજૂ કરે. તેના બંધારણ, છંદ, પ્રાસ, લય જેવા પાસાંઓની ચર્ચા થાય. ફરી બીજી બેઠકમાં સુધારેલી કૃતિ રજૂ થાય. નોંધપાત્ર કૃતિ સમિધ કે ઉદ્ભવના ભીંતપત્રમાં સ્થાન પામે. અધ્યાપકોની પ્રેરણાથી જગદીશભાઈ અને બીજા મિત્રોએ રિયાઝ, આકાર જેવા હસ્તલિખિત અંકોનું સંપાદન કર્યું. બુચદાદાના કાવ્યસંગ્રહ પ્રકાશિત કરવાના પ્રસ્તાવને પરિણામે 'લીલો ટહુકો' પુસ્તિકાને સાકાર સ્વરૂપ પ્રાપ્ત થયું.

કૃષિ–પશુપાલન જેવા વિષયો – અવિદ્યાની સાથે ગાંધી વિચાર, ભાષા, સાહિત્ય જેવી વિદ્યાનો સમન્વય કરી પરિપલ્લવિત જગદીશભાઈ કૃષિ સ્નાતક થયા. સારસ્વત દર્શકના ધ્યાનમાં તેઓ આવી ગયા હતા. ચારેક વર્ષ પૂર્વે જ માઈધાર તા.પાલીતાણા ગામે પ્રારંભેલા અવૈધિક શિક્ષણના કેન્દ્ર પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માટે તેમની સેવાઓ મેળવી. ત્યાં વળી ભારતીય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશનમાં વિદ્યાર્થીઓની ભરતી કરવા ઉરુલિકાંચનથી મણિભાઈ દેસાઈ જાતે આવ્યા. તેમણે આપેલી સંસ્થા માહિતીથી આકર્ષાઈને જગદીશભાઈ 'બાયફ'માં જોડાઈ ગયા. પણ પોતે તો સાહિત્યનો જીવ. હવે શિક્ષણકાર્યમાં સામેલ થવાની રુચિ પ્રબળ બની હતી. તેથી લોકભારતી સ્નાતક નઈતાલીમ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરી શિક્ષણ ડિપ્લોમાની આવશ્યક લાયકાત પ્રાપ્ત કરી. સમયાંતરે ગુજરાત વિદ્યાપીઠમાંથી એમ.એ.,એમ.એડ્.ની પદવી પણ મેળવી લીધી. વેડછી ગ્રામવિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે પ્રવૃત્ત થવાની સુવર્ણ તક સાંપડી. પછી ક્રમશઃ કહાનવાડી, મડાણાગઢ અને લોકનિકેતન રતનપુર ગ્રામવિદ્યાપીઠમાં પણ સેવાઓ પ્રદાન કરી.

(૩)

જગદીશભાઈ માટે સંજોગો જુદા સર્જાયા હશે તેથી બુનિયાદી શિક્ષણનો ખાસ્સો અનુભવ મેળવ્યા પછી પણ તેઓ ત્યાં સ્થિર થઈ શકયા નહીં. ૧૯૯૦થી વિસ્તરણ અધિકારી આરોગ્ય તરીકે હળવદ, વઢવાણ અને લખતર તાલુકો તેમના કાર્યક્ષેત્ર બન્યાં. પ્રમુખ વિષયો હતા ભ્રુણહત્યા નિવારણ, કિશોર–કિશોરીઓને શિક્ષણ, કુપોષણ નાબૂદી અને રસીકરણ. ગ્રામીણ અને સ્લમ વિસ્તારમાં કામ કરવાનું હતું. તે સમયે બેટી બચાવો અભિયાન પૂર જોશમાં ચાલી રહ્યું હતું. જગદીશભાઈનો સંકોરાયેલો સર્જક આત્મા હવે જાગી ઊઠયો. લોકભારતીમાં મેળવેલી કેળવણીને કસોટીની એરણ પર કસવાની હતી. દરેક ગામમાં શિબિર, સેમિનાર યોજવાની પરંપરા. સરકારી અધિકારીઓ હાજર રહી નીરસ પ્રવચનો આપી વિદાય લે. તેમણે આ વ્યવસ્થા બદલી નાખી. સંમેલનમાં અધિકારીઓની સાથે જ તે વિસ્તારના પદાધિકારીઓ અને અગ્રણી મહિલા કાર્યકરોને સામેલ કર્યાં. તેઓ પણ લાક્ષણિક છટામાં વિષયની રજૂઆત કરે. તેમણે સભાસ્થળને ધજા–પતાકાંઓથી સુશોભિત કરવાનું શરૂ કર્યું. પ્રવેશદ્વાર પાસે પરિવાર કલ્યાણ માટેના સૂત્રો સહિતના આઠ–દસ નાના–નાના બેનરો મૂકાતાં. તેમણે એકાવન ફીટ

**તે સમયે બેટી બચાવો અભિયાન પૂર જોશમાં ચાલી રહ્યું હતું. જગદીશભાઈનો સંકોરાયેલો સર્જક આત્મા હવે જાગી ઊઠયો. લોકભારતીમાં મેળવેલી કેળવણીને કસોટીની એરણ પર કસવાની હતી...**

લાંબુ રંગીન બેનર તૈયાર કરાવ્યું. તેમાં ભાત ભાતનાં રોચક–રસિક કાવ્યમય શૈલીમાં પંક્તિઓ, વાકયો, સૂત્રોને સ્થાન

આપ્યું. લોકોને ભારે રસ પડવા લાગ્યો. પછી તો તરણેતર જેવા લોકમેળામાં પણ આવા બેનરે જમાવટ કરી.

જનજાગૃતિમાટે રથયાત્રા શરૂ કરી. ૩૧ ગામોમાં તેનો મુકામ. અગિયારદિવસનો કાર્યક્રમ. આ યાત્રામાં કોઈ ભાષણો નહીં. દીકરી ઘરનો દીવો જેવા જાતે લખેલા મૌલિક શેરી નાટકો ભજવ્યાં. વેશભૂષા સ્પર્ધા યોજી. ગીત–સંગીત સાથેના લોકડાયરા તો ખરા જ. દરેક કાર્યક્રમમાં લોકભાગીદારી. આ હૃદયસ્પર્શી સંશોધનાત્મક અભિગમને પરિણામે તેમના કાર્ય વિસ્તારના ૩ તાલુકામાં ભ્રુણહત્યાના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થયો. ૧૦૦૦ દીકરાએ ૮૩૦ દીકરીનો રેશિયો વધીને ૯૧૦ સુધી લાવી શકાયો.

અલબત્ત અહીં નોંધવું જોઈએ કે જગદીશભાઈ પોતાની ઋજુતાને લીધે આ યજ્ઞકાર્યમાં અનેક સહકાર્યકરો, અધિકારીઓ અને અગ્રણીઓનો પણ પર્યાપ્ત સહયોગ મેળવી શક્યા હતા.

જગદીશભાઈની મનીષા હતી તાલુકા આરોગ્ય કચેરીમાં નાનું પણ સમૃદ્ધ પુસ્તકાલય શરૂ કરવાની. વઢવાણથી તેમણે શરૂઆત કરી. આરોગ્યને લગતા સરળ ભાષામાં લખાયેલા શ્રેષ્ઠ પુસ્તકો, સામયિકો, અંકો, સર્વે, સંશોધન અહેવાલ, લોકોપયોગી સરકારી પરિપત્રો, ફોટોગ્રાફ્સ, સીડી–વિડીયો વગેરે મૂકવામાં આવ્યા.

આ ઉપક્રમ મુલાકાતીઓ માટે આકર્ષણ કેન્દ્ર બની ગયું એટલું જ નહીં આરોગ્ય ક્ષેત્રનો અભ્યાસ કરવા ઇચ્છુક જિજ્ઞાસુઓ પણ અહીં આવીને સમય ફાળવવા લાગ્યા.

(૪)

જગદીશભાઈ અત્યારે નિવૃત્ત છતાં પૂરા પ્રવૃત્ત છે. તાજેતરમાં તેમના પ્રસિદ્ધ થયેલ કાવ્યસંગ્રહ ‘સ્નેહાક્ષર’ને વિખ્યાત લેખક જગદીશ ત્રિવેદી કે સુમંત રાવલ જેવાની ચાહના પ્રાપ્ત થઈ છે. તેમની એક નવલકથા ‘જોગાનુજોગ’ સંપન્ન થઈ છે. બીજી નવલકથા ‘ઘરઘરણું’ના બે પ્રકરણ લખાઈ ચૂકયા છે. ચાર વિદ્યાપીઠમાં તેમની પાસે અભ્યાસ કરી રહેલા અને અત્યારે સમાજલક્ષી પ્રવૃત્તિમાં સક્રિય એવા વિદ્યાર્થીઓ સાથેના સંસ્મરણોનું તેઓ આલેખન કરી રહ્યા છે. જેનું શીર્ષક છે ‘મારા લાડકવાયાં’. લોકભારતીમાં પ્રાપ્ત સર્વાંગી શિક્ષણને કઈ રીતે ઉચિત સમયે, ઉચિત રીતે પ્રયોજીને ડૉ. રાધાકૃષ્ણે સેવેલી ગ્રામવિદ્યાપીઠની સંકલ્પના પરિપૂર્ણ કરી શકે તેવાં ઉદાહરણો આપણે કોડિયુંના વાચકો સમક્ષ અહીં રજૂ કરતાં રહીશું.

આંગણે કરી રંગોળી, એમાં પૂરી છે જાત
હસીને તમે આવજો, ઊગી ગયું છે પ્રભાત

—સ્નેહબંસી

(૨૦૨, ઓર્કિડ, તસ્કીન સોસાયટી, સમા, વડોદરા–૩૯૦૦૦૨, મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

**શ્રદ્ધાંજલિ**

૧. શ્રી લીલાવતીબહેન રતિલાલ વીરમગામી (શ્રી રમેશભાઈ વીરમગામીના માતુશ્રી)નું ૯૮ વર્ષે તા. ૧૨-૦૮-૨૦૨૧ના રોજ અમદાવાદ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

૨. શ્રી અનિલભાઈ પરશોત્તમભાઈ ઝાલાવાડિયાનું ૫૯ વર્ષની વયે સુરત મુકામે તા. ૨૩-૦૮-૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયું છે.

૩. શ્રી પ્રવીણભાઈ દામાભાઈ ગાંધીનું ૭૧ વર્ષની વયે તા.૨૫-૦૯-૨૦૨૧ના રોજ લોકભારતી ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## જરા હસીએ

સંકલિત

---

એક અખબારના સમાચારઃ

અત્રેની ગાંડાની હૉસ્પિટલમાંથી સાત ગાંડા ભાગી છૂટ્યા છે. પોલિસે શક પરથી સિત્તેર જણની ધરપકડ કર્યાના અહેવાલ છે.

●

'તમે લગ્ન કેમ ન કર્યાં?'

'હું આદર્શ સ્ત્રીની શોધમાં હતો.'

'પછી શું થયું? આદર્શ સ્ત્રી ન મળી?'

'મળી ને, પણ તે આદર્શ પુરુષની શોધમાં હતી.'

●

'તમારી હોટેલમાં પાટિયું માર્યું છે કે આજની ખાસ વાનગી છે દ્રાક્ષ-દૂધી સરખે ભાગે નાખીને બનાવેલું શાક. મેં એ મંગાવ્યું પણ તેમાં દ્રાક્ષ દેખાતી જ નથી. લોકોને છેતરો છો?'

'બિલકુલ નહીં મહેરબાન. અમે બન્ને ચીજો સરખે ભાગે જ નાખી છે. ત્રણ દૂધી અને ત્રણ દ્રાક્ષ.'

●

'દિલ્હીમાં કુતુબ મિનાર છે. એય ચિનુ, ઊંઘે છે શું?'

'ના સાહેબ, જાગું જ છું.'

'એમ? તો બોલ, મેં શું કહ્યું?'

'દિલ્હીમાં કૂતરું બીમાર છે.'

●

'બાપુ, તમે મારી પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા લીધા છે.'

'લીધા છે. તે શું છે?'

'ક્યારે પાછા આપશો?'

'માળા મૂરખ, તે હું કાંઈ જ્યોતિષી છું?'

'અરે સાંભળ, નેતાજી કોમામાં ચાલ્યા ગયા.'

'તે એમાં શું છે? પૈસાવાળા તો ગમે ત્યાં જઈ શકે.'

●

'મારા અને મારી ગર્લફ્રેન્ડનાં લગ્ન થવાનાં છે.'

'અરે વાહ, ક્યારે?'

'મારાં ૨૦ જૂને, તેનાં ૨૫ ઑગસ્ટે.'

●

'આખો દિવસ બહાર ભટકીને કંટાળ્યો છું. કકળાટ પછી કરજે, જરા ફ્રેશ તો થવા દે.'

'હું ય આખો દિવસ ઘરમાં રહીને કંટાળી છું. ફ્રેશ જ થઈ રહી છું.'

●

'એ મને ડિજિટલ નફરત કરે છે.'

'હેં? એ શું?'

'અરે, મને ઓનલાઈન જોતાં જ ઑફલાઈન થઈ જાય છે.'

**: વિશેષ નોંધ :**

'કોડિયું'નો શ્રી મનસુખભાઈ સલ્લા સંપાદિત 'સ્વાધ્યાય' વિશેષાંક અનિવાર્ય સંજોગોવશાત્ ઑકટોબર ૨૦૨૧ને બદલે નવેમ્બર ૨૦૨૧માં પ્રગટ થશે તેની નોંધ લેવા વિનંતી.

પ્રકાશનમાં થનારા વિલંબ બદલ દિલગીર છીએ.

- તંત્રી

## ૧૦. સંસ્થા સમાચાર (સપ્ટેમ્બર ૧-૩૦, ૨૦૨૧)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- લોકભારતીના પૂર્વ નિયામક સ્વ. શ્રી કુમુદભાઈ ઠાકર અંગેના અભિવાદનગ્રંથના ગાંધીનગર ખાતે તા.૦૫ના રોજ યોજાયેલ વિમોચન કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમેશભાઈ ખેર, અને શ્રી વિશાલભાઈ ભાદાણી હાજરી આપવા જઈ આવ્યા.
- લોકભારતીના શુભેચ્છક શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની તા.૦૭ અને ૦૮ શુભેચ્છા મુલાકાતે આવી ગયા. તેમણે સાયં પ્રાર્થનામાં વિદ્યાર્થીઓને 'સ્વઓળખ' અંગે રસપ્રદ વાતો કરી.
- આ વરસે પણ સારા વરસાદથી સીંદરી નદીમાં પાણીની આવક થઈ અને સાતેય તળાવડાં છલકાયાં અને પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર પાસે પાણી નીકળી ગયું. લોકભારતી માટે આ ઘણા શુભ સમાચાર ગણાય છે. તેથી તા.૦૯ના રોજ પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર પાસે જળનાં વધામણાનો એક કાર્યક્રમ યોજાયો અને લોકભારતી પરિવારે હર્ષ વ્યક્ત કર્યો.
- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ-ગાંધીનગરના આયોજનમાં ગુજરાતભરના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની બી.એડ. કૉલેજોના તાલીમાર્થીઓની ચાર-ચાર દિવસની શિબિર-શૃંખલા તા.૦૭થી લોકભારતીના ભાવાવરણમાં શરૂ થઈ, જેમાં ભાવનગર, ભરુચ, ઇડર, કઠલાલ, આણંદ, પાલનપુર, પાટણ, અમદાવાદ(ગ્રામ્ય), ગાંધીનગર, રાજપીપળા, સુરત, સુરેન્દ્રનગર, નવસારીના તાલીમાર્થીઓએ શિબિરમાં ભાગ લીધો.
- શિક્ષણ ક્ષેત્રેથી નિવૃત્ત થયેલા ઉચ્ચ કક્ષાના અધિકારીશ્રીઓની સાથે ગુજરાતમાં શિક્ષણ કેવા પ્રકારનું હોવું જોઈએ તે અંગે મંથન અને વિચાર-વિમર્શ ચલાવતા અને નઈ તાલીમના પ્રચારક શ્રી નલિનભાઈ પંડિતની આગેવાનીમાં બે દિવસની ચિંતન શિબિર ભાવનગર અને લોકભારતી મુકામે યોજાઈ ગઈ, જેમાં શિક્ષણશાસ્ત્રીઓ અને નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા અને તા.૧૨મીના રોજ આ બધા મહાનુભાવો સવારથી લોકભારતી આવ્યા અને છેલ્લું સમાપન શ્રી અરુણભાઈ દવેના માર્ગદર્શન અને ચિંતન સાથે કરવામાં આવ્યું.
- તા.૧૨ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૧૬, ૧૮ અને ૧૯ એમ ત્રણ દિવસ ઑડીટરશ્રી કિશોરભાઈ શાહ ફાઈનલ ઑડીટ કાર્ય અંગે આવી ગયા અને તેમણે દરેક વિભાગના હિસાબનીશો સાથે અને વિભાગીય આચાર્યશ્રી/વડાશ્રીઓ સાથે છેવટની વિગતો ફાઈનલ કરી ઑડીટ કાર્ય સંપન્ન કર્યું.
- તા. ૧૬ના રોજ અધ્યાપન મંદિરમાં પ્રથમ વર્ષ ડી.એલ.એડ.નો પ્રવેશોત્સવ યોજાયો.
- તા. ૧૭ના રોજ અધ્યાપન મંદિરના સત્રારંભ કાર્યક્રમમાં હસમુખભાઈ દેવમુરારિએ તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી આવકાર્યા.

- તા. ૧૯ના રોજ અધ્યાપન મંદિરમાં ખજાનાની શોધનો કાર્યક્રમ યોજાયો.
- તા.૨૦મીના રોજ નિવૃત્ત ઉચ્ચ શિક્ષણ કમિશ્નર શ્રી કે.બી. ઉપાધ્યાય સાહેબ શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૨૧મીની રાત્રે રાજેન્દ્ર ટેકરી પાસે આપણા ભાગિયા અને પડોશીનાં ઘેટાં-બકરાંના ઝોકમાં બે દીપડા ઘુસીને બધાં જ ઘેટાં-બકરાંનું મારણ કરી ગયા. ત્રીજે દિવસે આ પૈકીનો એક દીપડો પાંજરામાં પકડાઈ પણ ગયો. સ્થાનિક ફોરેસ્ટ કચેરીના અધિકારીઓએ સારી એવી જહેમત ઉઠાવી. તા.૨૩ના રોજ પાંજરામાં પુરવામાં આવેલ દીપડાને ફોરેસ્ટ ખાતાવાળા લઈ જતા હતા ત્યારે તેનું નિદર્શન વિદ્યાર્થીઓ જોઈ શક્યા.
- તા.૨૩ના રોજ લોકભારતીના સર્વે વિભાગીય આચાર્યો/વડાઓની એક બેઠક સારસ્વતભવન ખાતે મળી ગઈ, તેમાં રીપોર્ટિંગનું સ્ટાન્ડરાઈઝેશન અને વાઇ-ફાઇ સિસ્ટમ અંગેની વિચારણાઓ થઈ.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લામાં બાગાયતી પાકોનું ઉત્પાદન વધે અને મધમાખી પાલલના વ્યવસાય દ્વારા સ્વરોજગારીની તકો વિકસે તે હેતુથી તા. ૨૪થી ૨૬ દરમિયાન મધમાખી પાલનની તાલિમ યોજવામાં આવી જેમાં ૩૩ જેટલા યુવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- કોવિડ-૧૯ની પરિસ્થિતિ પછી મુખ્ય ગૃહપતિશ્રી જયવંતસિંહજી ગોહિલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મંત્રી મંડળની સમગ્ર પ્રક્રિયા આટોપીને તા.૨૫ના રોજ મંત્રીમંડળની શપથવિધિનો કાર્યક્રમ સારસ્વત ભવનમાં સંપન્ન કરવામાં આવ્યો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લાના જંતુનાશક દવાના લાયસન્સ ધારક વિતરકો માટે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા સૂચિત ૧૨ દિવસીય તાલિમ કાર્યક્રમ તા. ૨૮ના રોજ સંપન્ન થયો. સદરહુ તાલિમ અંતર્ગત કુલ ૧૫૬ વિક્રેતાઓને તાલિમ આપવામાં આવી.
- તા.૨૯ના રોજ મહારાષ્ટ્રથી 'હોમસ્કૂલિંગ' ચળવળના હિમાયતી શ્રી સુપ્રિયાબહેન જોશી લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૩૦ના રોજ લોકભારતી કાર્યકર કો.ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીની સામાન્ય સભા શ્રી ધીરુભાઈ રાઠોડના અધ્યક્ષસ્થાને મળી ગઈ, જેમાં હિસાબોની મંજૂરી અને નવી કારોબારી સમિતિની રચના સહિતની કાર્યવાહી કરવામાં આવી.
- સૌની શુભેચ્છા-પ્રાર્થના માટે કૃતજ્ઞતા પ્રગટ કરતા શ્રી અરુણભાઈ દવે કોરોના પછીની સારવાર લેવા વિવિધ સ્થળોએ જઈ આવી અંતે સાજા થઈને પુનઃકામે ચડી ગયા છે.

**આંબલા સમાચાર**

- તા.૧ના રોજ જન્માષ્ટમીની રજા પૂરી કરી વિદ્યાર્થીઓ ફરી હાજર થયા.
- તા.૦૫ના રોજ સ્વયંશિક્ષણ દિનની ઉજવણી વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી.
- તા. ૧૩ના રોજ ધોરણ – ૧૧ ના વિદ્યાર્થી ભાઈઓ/બહેનોએ સિહોર સર્વોતમ ડેરીની મુલાકાત લઈ ડેરીના એમ.ડી. શ્રી હરિભાઈ જોશી સાથે મુલાકાત કરી, માહિતી મેળવી.
- તા.૧૭ના રોજ વિદ્યાર્થીઓ તથા કાર્યકરોએ વર્ષા સ્નાન કર્યું. વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો.

- તા.૧૯ના રોજ વિદ્યાર્થીઓનો અતિ પ્રિય કાર્યક્રમ ખજાનની શોધ યોજાઈ ગયો. ડુંગરા ખૂંદતા- ખૂંદતા, કોતરમાંથી વહેતાં ઝરણાં અને ગીતો ગાતાં કિલ્લોલ કરતાં, જુદી જુદી વનસ્પતિનો પરિચય કરતાં, અજ્ઞાત અને અદ્ભૂત સ્થળે પહોચ્યા. રામધારીના મૂળ ધોલેરાના શ્રી હરદેવસિંહના ફાર્મહાઉસ પર વિદ્યાર્થીઓ તથા કાર્યકર પરિવારે ખૂબ જ ઉત્સાહ પૂર્વક સ્વિમિંગ પુલમાં ૩થી ૪ કલાક સુધી સ્નાન કર્યું. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ કાર્યકરો ૮૧ વર્ષના શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટ, શ્રી અશોકભાઈ ડાભી અને તેમનાં ધર્મ પત્ની, શ્રી વિજયભાઈ ઉપાધ્યાય અને તેમનાં ધર્મ પત્ની, જોડાયાં અને વિધાર્થીઓનો ઉત્સાહ વધાર્યો.
- તા. ૨૨ના રોજ વ્રાગંધા મુકામે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની વાર્ષિક બેઠકમાં શ્રી વાઘજીભાઈ જઈ આવ્યા. આ મિટિંગમાં વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા અને ગત વર્ષનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો અને આવતા વર્ષનું આયોજન રજૂ કરવામાં આવ્યું. તેમાં કુલ ૧૮ લોકશાળાના આચાર્યો તથા સંચાલકો હાજર રહ્યા.
- તા. ૩૦ના રોજ યજ્ઞાર્થ સફાઈ રાખવામાં આવી.
- તા. ૨૧થી ૨૬ દરમિયાન સંસ્થામાં અભિમુખતા શિબિરનું જુદા જુદા ચાર માણકામાં આયોજન કરવામાં આવ્યું. પ્રથમ મણકામાં શ્રી મનહરભાઈ ઠાકરે આપણા આદ્યસ્થાપકોનો વિચાર વારસામાં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાના સ્થાપક અને પાયાના શિલ્પીઓ પૂજ્ય નાનાદાદા, મનુદાદા, મૂળશંકરદાદા અને બુચદાદા વિષે મનનીય પ્રવચન આપ્યું. બીજા મણકાના પ્રથમ ભાગમાં સંસ્થાના પૂર્વઆચાર્ય શ્રી ભાનુભાઈ ભટ્ટે સહશિક્ષણ, શ્રમ અને ખાદી વિષે અભ્યાસપૂર્ણ વિચારો વ્યક્ત કર્યા. જયારે બીજા ભાગમાં સંસ્થાના પૂર્વબાળકોના વહાલા શિક્ષક શ્રી અશોકભાઈ ડાભીએ આપણી દિનચર્યાની વૈજ્ઞાનિકતા અને સ્વાવલંબન વિષે ખૂબ સરસ વાતો કરી. સવારે ઉત્થાનથી રાતે શયન સુધીની દિનચર્યાનું વૈજ્ઞાનિક મહત્ત્વ શું છે, તે લાક્ષણિક શૈલીમાં સમજાવ્યું. ત્રીજા મણકામાં લોકભારતીના શ્રી વિશાલભાઈ ભાદાણીએ અનુબંધ કેળવણી, સમૂહ જીવન અને છાત્રાલય જીવન ઉપર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂઆત કરી. ચોથા મણકામાં ભૂતપૂર્વ કાર્યકર શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટે જીવન ઘડતર અને સહ અભ્યાસપૂર્ણ પ્રવૃત્તિના મહત્ત્વ વિષે અભ્યાસપૂર્ણ ગમ્મત સાથે જ્ઞાન પીરસ્યું. સમાપનમાં સંસ્થાના વડીલ શ્રી લાલજીદાદા ઉપસ્થિત રહ્યા.
- ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા સંસ્થાને NCC નેવી યુનિટ શરૂ કરવાની મંજૂરી મળી ગયેલ છે. જિલ્લામાં આપણી પહેલી શાળા છે, જેમાં ભાઈઓ અને બહેનો બંનેને મંજૂરી મળી છે.
- શ્રી પ્રવીણભાઈ ઠક્કર સંસ્થા મુલાકાતે આવી ગયા.
- શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તેમ જ તેમનું મિત્રમંડળ સંસ્થા મુલાકાતે આવી ગયું.

**મણાર સમાચાર**

- ૫મી સપ્ટેમ્બરના દિવસે શાળામાં શિક્ષકદિનની ઉજવણી આનંદ અને ઉત્સાહભેર કરવામાં આવી. ધોરણ-૯થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ સ્વયંશિક્ષણ દિનમાં જોડાયા.
- તા.૧થી ૧૫ સપ્ટેમ્બર સુધી ''સ્વચ્છતા પખવાડિયા''ની ઉજવણી કરવામાં આવી.
- અંધજન સપ્તાહ(ફ્લેગ ડે) નિમિતે ધોરણ-૧૧/

૧૨ની કુલ પંદર ટુકડીઓ દ્વારા મણાર ગામ, સોસિયા અને અલંગ ગામ તેમ જ સમગ્ર શીપબ્રેકિંગ યાર્ડ પર સ્ટાફ ગણ સહિત અંધજનો માટે ફાળો(ફંડ) એકત્રિત કરવામાં આવ્યો. એક આખો દિવસ વિદ્યાભ્યાસ છોડીને વિદ્યાર્થીઓ દિવ્યાંગ વિધાર્થીના વિકાસ માટે માતબર રકમ એકત્રિત કરી અર્પણ કરી, અંધજન ફાળામાં મોકલી આપી.

**માઈધાર સમાચાર**

- તા. ૧૧ના રોજ 'શિક્ષણ ગોષ્ઠિ'માં ભાવનાબેન પાઠક ભાવનગર જઈ આવ્યા.
- તા. ૧૪ના રોજ ભાવનગર કલેક્ટર કચેરી દ્વારા NDRFની ટીમે 'આપત્તિમાં જાગૃતિ''' એ બાબતે કાર્યક્રમ રજૂ કર્યો.
- લોકભારતીમાંથી આવેલાં કેન્દ્ર નિવાસી કેયાબેન પટેલ છાત્રાલયમાં રહેતા અને ઘરેથી અભ્યાસ કરવા આવતાં બહેનોનો હિમોગ્લોબીન ટેસ્ટ કરી BMI કરીને તુલનાત્મક અભ્યાસ કર્યો. તેના ઉપચારાત્મક કાર્યક્રમ માટે તા.૨૧ના રોજ લોકભારતી કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાંથી શ્રી શીલાબેન બોરીચાએ બહેનો સાથે એનીમિયા જાગૃતિ કાર્યક્રમ કર્યો.
- તા. ૧૮ના રોજ શ્રી નિખીલ ત્રિવેદી અને શ્રી સીમા ત્રિવેદી કરાંટે કેમ્પ યોજવાના આયોજન માટે માઈધાર સંસ્થાની મુલાકાતે આવી ગયાં.
- તા. ૨૯-૩૦ ધરમપુર આર્ચ સંસ્થામાંથી છ-સાત મિત્રો પ્રા. શાળામાં ગણિત-શિક્ષણને સરળ-રસપ્રદ અને પ્રવૃત્તિમય બનાવવા માટે જરૂરી ચર્ચા-આદાનપ્રદાન માટે માઈધાર આવી ગયા. તેના અનુસંધાને ભાવનગરથી શ્રી નલિનભાઈ પંડિત, શ્રી શીતલબેન પંડિત, શ્રી નીરજ રાજ્યગુરુ, શ્રી અમિતભાઈ પણ તેમાં જોડાયાં.

કોઈને 'માફ કરજો' કહો ત્યારે સામા માણસની આંખમાં સીધું જોઈ એમ કહેજો.

તમારે અમુક લોકો સાથે નિરંતર રહેવું પડે છે, તો એ લોકોને જોઈને મનમાં અમુક ભાવ પેદા થાય છે, એમના વિશે અમુક અભિપ્રાય બંધાય છે.

પણ આ રીતે કોઈપણ વ્યક્તિને માપવી ન જોઈએ. કારણ કે આપણને તો તેના આ જન્મના જ દસવીસ વર્ષની જાણકારી છે. પણ આ પૂર્વે તેના તો કેટલાયે જન્મ થયેલા છે. એ તો એક પુરાણપુરુષ છે! એ એક ગૂઢ તત્ત્વ છે, જેને એ પોતે પણ નથી જાણતો – તો પછી આપણે તેને શું જાણવાના હતા!

માટે દરેક વ્યક્તિ પ્રત્યે આપણું આવું આદરયુક્ત અળગાપણું હોવું જોઈએ; એક જાતનો આધ્યાત્મિક અ-પરિચય હોવો જોઈએ. આસમાનમાં ચમકતી તારિકાઓ એટલી તો પ્રજ્વલિત છે કે સૂર્યનારાયણ તો એમની આગળ એક નાનકડા બિંદુ સમાન છે. છતાં આપણી આંખો પર એ તારિકાઓની સૌમ્ય અસર થાય છે, એમના દર્શનથી આપણી આંખનું તેજ વધે છે. આનું કારણ એ છે કે તે તારિકાઓ આપણાથી દૂર છે.

એવી જ રીતે પરસ્પરનો પ્રેમ જાળવી રાખવા માટે, નિકટ રહેવા છતાં એક જાતનું અળગાપણું કાયમ રાખવું જોઈએ. આધ્યાત્મિક અનાસક્તિ અનુભવવી જોઈએ.

- વિનોબા

## ગ્રામદક્ષિણામૂર્તિ : આંબલા : સાધ્યની સ્પષ્ટતા કરાવતી અભિમુખતા શિબિર











## ગ્રામદક્ષિણામૂર્તિ : આંબલા : ખજાના(આનંદ)ની શોધમાં....








To.

**From :**


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-